SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

Rs. 5/-

October '06

શ્રી હરિના ૭માં વંશજનો પ્રાકટ્યોત્સવ

પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



His Holiness Acharya Maharaj
Shri Koshalendraprasadji Pande

દીપાવલી
નૂતનવર્ષ - સં. ૨૦૬૩

દેશ-વિદેશમાં વસતા, સર્વાવતારી સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણના દરેક આશ્રયયુક્ત સૌ સત્સંગીઓને નૂતનવર્ષ અને દીપાવલીના મંગળ પર્વ પ્રસંગે શ્રી હરિએ સ્વયં સ્વહસ્તે હાથમાં લઈ પધરાવેલ પોતાનું જ સ્વરૂપ એવા મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવ ચરણકમળ સમીપથી અમારા રૂડા શુભાશીર્વાદ સહ મંગળ શુભકામનાઓ પાઠવીએ છીએ.

આપનું નૂતનવર્ષ દરેક પ્રકારે શુભ અને મંગળમય નીવડે - વિશેષ ભજનભક્તિ નિયમ અને શ્રી હરિની આજ્ઞાઓ પાળવામાં વિશિષ્ટ સફળતા મળે તેવી પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં નમ્ર પ્રાર્થના સહ


Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૮ ઓકટોમ્બર - ૨૦૦૬



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	ભાવબુભુક્ષા	૪
૪.	કર્મયોગઃ એક વિહંગાવલોકન	૬
૫.	ટોપીવાલાને સત્સંગનો ગુણ (ભાગ-૧)	૮
૬.	સમજણ એજ શાંતિ	૧૦
૭.	નિષ્કામી વર્તમાન રાખે તેજ અમને વ્હાલો છે	૧૧
૮.	શિયાણીમાં શ્રીહરિ	૧૪
૯.	ભગવાની ભક્તિનો મહિમા	૧૬
૧૦.	ધર્મ	૧૮
૧૧.	સત્સંગ સુરભી : મહારાજને જેવા જાણું છું તેવા કહીશ	૧૯
૧૨.	શ્રીહરિનું અવતાર ધર્યાનું પ્રયોજન	૨૦
૧૩.	સત્સંગ બાલવાટિકા (૧) આદરેજમાં અન્નકૂટ કીધો .... (૨) સત્સંગનો મહિમા	૨૧
૧૪.	ભક્તિસુધા (૧) મૂળીના જાલબાઈ (૨) આ ગારો નહિ, ચંદન છે ! (૩) દીકરાના દાન (૪) ત્રણ લાખની ત્રણ વાત	૨૩
૧૫.	પ્રશ્નપેટી	૨૭
૧૬.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૮

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

अस्मदीयम्

તંત્રીશ્રીની કલમે....

પરમેશ્વરની ભક્તિ જ્યારે જીવના હૃદયમાં આવે છે ત્યારે અંતરમાં રહેલાં કામ, ક્રોધ, લોભ આદિ અંતઃશત્રુઓ જીતવાની શક્તિ પ્રાપ્ત થાય છે. અંતઃશત્રુઓના કારણે જ વ્યક્તિ માનવમાંથી દાનવ બની જાય છે. જો અંતઃશત્રુઓને જીતી શકે તો જગતમાં ક્યાંય દાનવી વૃત્તિ જ પૈદા ન થાય. આજ અંતઃશત્રુઓની વિકૃતિ ચરમ સીમાએ પહોંચે ત્યારે તેને રાક્ષસી વૃત્તિ કહે છે. આવી રાક્ષસી વૃત્તિને જીતવા માટે જીવને બળ અને આશ્રયની જરૂર પડે છે. આશ્રય પોતાના ઈષ્ટદેવ પરમાત્માનો લઈને તેમની નવધાભક્તિ કરે ત્યારે જીવને અંતઃશત્રુઓ સાથે લડવાની શક્તિ સામર્થ્ય આવે છે. આવા દશ પ્રકારના અંતઃશત્રુ ઉપર વિજય એનું નામ વિજયા દશમી. અંતઃશત્રુ ઉપર વિજય મળે એટલે અંતરમાં પ્રભુનું પ્રાગટ્ય થાય. નવરાત્રીના નવ દિવસ ભક્તિ આરાધના કરી હોય તો દશહરાના દિવસે વિજય પ્રાપ્ત થાય. અંતઃશત્રુ ઉપર વિજય મળ્યો એટલે અંતઃકરણ નિર્મળ થયું. તેથી જરૂરને જરૂર તેમાં પરમાત્માનું પ્રાગટ્ય થશે જ. શ્રીહરિની પૂર્ણકૃપાથી આપણું અંતઃકરણ શુદ્ધ અને નિર્મળ થયું છે ત્યારે જ શ્રીહરિના અપર સ્વરૂપનું પ્રાગટ્ય આજના શુભ પવિત્ર નિર્મળ સત્સંગમાં થયું છે. જેના દર્શનનો અને જન્મોત્સવનો મહા આનંદ આ દિવ્ય સત્સંગને મળ્યો છે. તેમાં પવિત્ર બની ઈષ્ટદેવને રાજી કરી લેવા. આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના સમસ્ત સભ્યો, વાચકો, લેખકો અને સમસ્ત સત્સંગને નૂતન વર્ષના જયશ્રી સ્વામિનારાયણ.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(સપ્ટેમ્બર - ૨૦૦૬)

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (તળપદ) પ.ભ. મુળચંદભાઈ કેશવલાલ મોતીલાલ પટેલ આયોજીત સત્સંગ સભા નિમિત્તે પધરામણી.

૩. પ.ભ. જતીનભાઈ સુરેશભાઈ ઠક્કરના શ્રીહરિ ઓટો સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, વેજલપુર.

૫. પ.ભ. મધુબેન બાબુલાલ પટેલને ત્યાં પધરામણી, નારણપુરા.

૧૦. પ.ભ. દશરથભાઈ કાનજીભાઈ પટેલને ત્યાં પધરામણી,નિર્ણયનગર.

૧૧. પ.ભ. વિનોદભાઈના સ્પન્દ સિરામીકમાં પધરામણી, સોલા.

૧૨. કલોલ (શ્રીનગર) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહાપૂજા પ્રસંગે પધરામણી. ત્યાં પ.ભ. રસિકલાલ શંકરલાલ પટેલને ત્યાં પધરામણી.
પ.ભ. રમણલાલ માધવલાલ (વિહારવાળા)ને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, ઘાટલોડીયા.
ઘાટલોડીયા આપણા નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આરતી ઉતારવા પધાર્યા.
પ.ભ. રજનીકાંત અમૃતલાલ પટેલને ત્યાં પધરામણી, આંબાવાડી.

૧૬. પ.ભ. ભરતભાઈ છોટાભાઈ ભાવસારને ત્યાં પધરામણી અને ત્યાં અન્ય પધરામણીઓ સી.ટી.એમ.

૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક, પ.ભ. પ્રકાશભાઈ પટેલ આયોજીત સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૨. થી ૨૫. બદ્રિનારાયણ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૮. પ.પૂ.મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની માન સરોવર યાત્રા પ્રસંગે શુભેચ્છા-વિદાય સમારંભ પોતાના અધ્યક્ષ સ્થાને સંપન્ન થયો.
પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ (મેમ્બરશ્રી) નવી ઓફિસના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી એસ.જી હાઈવે, ગ્રાન્ડ ભગવતી હોટલ પાસે.
પ.ભ. દશરથભાઈ જેસંગભાઈ પટેલ (વડુવાળા)ને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, ઘાટલોડીયા.

૩૦. પ.ભ. જયરાજભાઈ મનહરલાલ શેઠ શિવમ એસ્ટેટ - સરખેજ ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.
કલોલ ગામે પ.ભ. ધર્માભાઈ પરસોત્તમદાસ પટેલને ત્યાં દુકાનના ઉદ્‌ઘાટન અને મહાપૂજા પ્રસંગે પધરામણી.
પ.ભ. દલસુખભાઈ વલ્લભભાઈ દેવાણીને ત્યાં પધરામણી, વસ્ત્રાપુર.

भावबुभुक्षा

डॉ. वाचस्पति मिश्र
(प्रधानाचार्य)

भिखारीदासः - अरे गोवर्धनराम ! अद्य प्रातः प्रातः एव कस्य उत्सवस्य आरम्भः अस्ति ? कथं वृहत् महोत्सवः अस्ति वा विवाहप्रसंग अस्ति ?

गोवर्धनरामः - अरे भिखारीदासः ! भवते स्मरणं नास्ति ? अधुना अस्माकं ग्रामे अनंकोटि ब्रह्मांडस्य अधिपतिः भगवान श्री स्वामिनारायणः विराजते यः स्ववचनामृतेन असंख्यजीवान् तृप्तिं कारयति । एतादृशं परब्रह्मपरमात्मानं स्वामिनारायणं श्वः एव अत्रत्याःग्रामस्थाःजनाः अनेकैः पक्वान्नव्यञ्जनैः तृप्तिं कारयिष्यन्ति ।

तुलजारामः - आम् भिखारीदासः ! सत्यम् - सत्यम् अस्ति । आगामी कालः अस्माकं कृते अतीव स्वर्णस्य अस्ति। आगामी कालः अर्थात् मम सदृशानां बहुकालात् साधनापरायणानां प्रतीक्षायाः अंतिमः दिवसः अस्ति । श्वः तु स्वयं श्रीहरिः अस्माकं अन्नं भुक्त्वा सकल ब्रह्माण्डस्थजनान् तृप्तिं कारयिष्यति । येन वयं सकल ब्रह्माण्डस्थजीवानां भोजनपुण्यस्य कलं प्राप्स्यामः ।

आशजीपटेल - अयि भो ! आगामीदिवसः तु आनन्दस्य उत्साहस्य दिवसः अस्ति अतः आगच्छतु, आगच्छतु वयमपि भगवतः सपर्यायाम् दत्तावधानाः भविष्यामः ।

रतनीया - अरे मंगलिया ! पश्यतु पश्यतु एते कीदृशाः मूर्खाः सन्ति ? स्वामिनारायण सदृशस्य साधोः पश्चात् कीदृशं मूर्खायमाणाः संजाताः ज्ञानं नास्तिः तेन स्वामिनारायणेन तेभ्यः न जाने किम् भोजितम् ।

मंगलियो - अरे रतनिया ! त्वयि ज्ञानं अस्ति ? स्वामिनारायणस्तु अतिकठिनमपि भूतं वशीकरोति इतोप्यधिकं किं ब्रूमः स तु महान् तांत्रिकः अस्तिः येन यम् सः पश्यति स वशीभवति - अत. इतः प्लायामः अन्यथा यंत्र मंत्र द्वारा वशीकरिष्यति ।

जीवणभक्तः - अरे देवि ! ग्रामस्य प्रायः सर्वे जनाः नानाविध पक्वान्नेन भगवन्तं श्री स्वामिनारायणं तर्पयितुं गच्छन्ति ।

पत्नी - पतिदेव ! एतस्मिन् विषये भवन्तः किम् विचारयन्ति ? अधुना विचारस्य अवसरः एव नास्तिः त्वरयतु भवान्, त्वरयतुभवान् ।

जीवणभक्त - अरे देवि ! अहं तु अतीव निर्धनः अस्मि यत् अर्पणार्थं गच्छामि ।

पत्नी - यदि भवदीया आज्ञा चेद्, तर्हि शाकं मठरोटकं च भगवदर्थं निर्मापयामि ।

जीवणभक्त - अरे देवि ! तत्र अनेकविध भोज्य व्यज्जनानि भविष्यंति, अनेके धनपत्तयः तत्र आगमिष्यन्तिः अस्माकं शाकमठरोटकयोश्च का गणना ? स्वामिनारायणः तु तस्य अवलोकनं अपि न करिष्यति ।

पत्नी - पतिदेव ! भगवान् भावनायाः बुभुक्षितः अस्ति । पंपा सरोवरे निवसती - रामं प्रतीक्षमाणा च शबरी भावनया उच्छिष्टं बदरीफलं कथं न भोजितवती ?
"यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी ।"
स्वयं भगता कृष्णेनापि गीतायां उक्तम् - यत्
"पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतं अश्नामि प्रयत्नतः ॥"

जीवणभक्तः - अरे देवि ! तर्हि भगवान् अवश्यं अस्माकं श्रद्धया अर्पितं भोजनं ग्रहिष्यति । त्वरय, त्वरय, अहमपि अन्येषां सदृशं भगवते स्वामिनारायणाय भोजनं कारयिष्यामि ।
(यथा- अन्ये स्वकीयं भोजनं नीत्वा आगताः तथैव जीवणभक्तः अपि तेषां पृष्ठ भागे भोजनं गृहित्वा स्थितः अस्ति ।) (जीवणभक्तः "मनसि विचारयति")

"अहो ! एतादृशानां धनिकानां बहुविधनिर्मितपक्वान्नं विहाय भगवान स्वामिनारायणः मम शाक-मठरोटकं च स्वीकरिष्यति ? नहि नहि स्वामिनारायण भगवान् तु भावनां जानाति अतः भावना प्रधानत्वात् , मम शुद्ध भावं ज्ञात्वा अवश्यमेव मम भोजनं ग्रहिष्यति । नहि... नहि... बहुदूरम् । अस्मि, माम् कथं स पश्यति ? नहि... नहि... स तु अन्तर्यामि अस्ति । केनचित् कविना सत्यं उक्तम् -

"तन की जाने मन की जाने जाने चित्त की चोरी ।
इनके आगे क्या छिपाये जिनके हाथ मेंजीवनदोरी ॥"

अन्तर्यामि मम प्रभुः अतीव दयालुः अस्ति । निश्चितमेव मम सम्मुखी भूत्वा मे भोजनं ग्रहिष्यति ।

(आश्चर्य) "भगवान स्वामिनारायणः सभातः उत्थित्वा"

भ.स्वा.ना. - अरे जीवणभक्त ! मठरोटकं दीयताम् । (सभी आश्चर्यचकित हो जाते है) (श्रीहरि मठरोटक तथा सागखाकर) अरे जीवणभक्त ! मठरोटक शाकस्य च कीदृशः स्वादः ? अद्यावधिः बहुव्यज्जनानि मया भुक्तानि एतादृशः स्वादः कदापि न प्राप्तः । एतादृश आस्वादः सुवासिनी भ्रातृजायायाः भोजने नासीत् । भक्तराज ! त्वदीयं भोजनं भुक्त्वा अत्यानन्दितः अस्मि । अद्यारभ्य तव दारिद्रयं गतम् भवदीय गृहे अष्टसिद्धि नवनिधिश्च सर्वदा अखण्डरुपेण स्थिता भविष्यति ।

ब्रह्मानंद स्वामी - अरे महाराज ! मठरोटकं भोजने गरिष्ठम् भवति अन्यच्च अर्धदग्धं अस्तिः रात्रौ उदरे पीडा भविष्यति, तदर्थ मूलजीब्रह्मचारिणे ददातु भवान्ः अवशिष्टः प्रसादः मह्यम् यच्छतु ।

श्रीहरिः - नहि नहि अस्मात् एकभागमपि कस्मै न दास्यामि । स्वामिन् ! नाहं भोजनं करोमि, अपितु जीवणभक्तस्य प्रेमस्यकं भोजनं स्वीकरोमि ।

ब्रह्मानंदजी - अरे आनंदानंदजी ! भवन्तः एव यथोचितं उपायं कुर्वन्तुं इत्थं प्रशंसायां सम्पूर्णं अपक्वान्नं भोक्ष्यति चेत् - रात्रौ जागरणं अस्माकं निश्चितमेव ।

वैष्णवानंदजी - आम् आम् ब्रह्मानंद स्वामी सत्यं वदति भवान् अद्यतः दशदिवसात् प्राक्मठरोटकं मया भुक्तं - अधुनापि कष्टं अनुभूयते । ब्रह्मानंद स्वामी ! भवान् एव महाराजानां हस्तात् रोटकं गृहातु ।

(ब्रह्मानंद स्वामी उत्थित्वा भगवत् हस्तात् रोटकं ग्रहीतुं हस्तौ प्रसारयति - तत्क्षणे आकाशात् इन्द्रः पक्षिस्वीभूय रोटकं ग्रहीत्वा अदृष्टः जातः ।)

ब्रह्मानंदजी - अरे महाराज ! अयं कः भाग्यशाली आसीत् ? श्रीहरिः अयं तुं स्वयमेव देवराज इन्द्रः आसीत् । य) सहस्त्राधिक वर्षात् मम प्रसादस्याग्रही आसीत् । अद्य तस्य पुण्योदयः यातः तेन अस्माकं प्रसादः ग्रहीतः ।

(साकं सर्वे वदन्ति) - सत्यं उक्तं अस्ति यत् -

"भगवतः भोजनस्य बुभुक्षा नास्ति, अपितु भावस्य बुभुक्षा अस्ति ।"

<u>सर्वे गायन्ति</u>

"स्नातं चन्दनचर्चितं निजजनैः पुष्पस्त्रजालङ्कृतं
प्रातः सूर्यमयूखसेवितमुखं श्रीचन्द्रशालोपरि ।
धृत्वा रोटकमेकपाणितलके भङ्क्त्वान्यहस्तेन तं,
भुञ्जानं प्रविलोक्य सेवकगणान् वन्दे सदा स्वामिनम् ॥"

કર્મયોગઃ એક વિહંગાવલોકન

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

સમસ્ત સંસારના શિષ્ટ સાહિત્યમાં શ્રીમદ્ ભગવદ્ ગીતા જેવો કોઈ પણ ગ્રંથ નથી. હિન્દુ ધર્મ અને નીતિ શાસ્ત્રનાં મૂળ તત્ત્વો જેણે જાણવાં હોય તેણે આ અનેરા, અનોખા અને અપૂર્વ ગ્રંથનું અવશ્ય અધ્યયન કરવું જોઈએ. ગીતા એ મહાભારતના મહાભંડારમાં રહેલું એક અમૂલ્ય રત્ન છે.

"नियतं कुरु कर्म त्वं....."
હે અર્જુન ! તું શાસ્ત્ર વિહીત કર્તવ્ય કર્મ કર. કારણ કે કર્મ ન કરવા કરતા, કર્મ કરવું સારું છે. કર્મ એ બાહ્ય પ્રાપ્તિનું નહિ, પરંતુ આંતરિક વિકાસનું અમોઘ સાધન છે. આપણે ક્યારેય નિષ્ક્રિય ન બનવું જોઈએ. નિષ્ક્રિયતા મૃત્યુ સમાન છે. અને સક્રિયતા જીવંતતાની નિશાની છે. કર્મથી શરીર, મન અને બુદ્ધિ ક્રિયાશીલ રહે છે. નિષ્કામ બુદ્ધિથી કર્મ કરનારના ચિત્તની શુદ્ધિ થાય છે અને તેને પરમ પદની પ્રાપ્તિ થાય છે. "स्वे स्वे कर्मण्यभिरत પોતપોતાના નિયત કર્મમાં નિમગ્ન રહીને મનુષ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

"योगः कर्मसु कौशलम् ।" કર્મ કૌશલ્ય યોગ છે. (ગીતા ૨/૫૦) કર્મ કરવાની પદ્ધતિ એ એક એવું કૌશલ્ય છે કે કર્મ કરનાર કર્મથી અલિપ્ત રે, જલકમલવત્ રહે. નિષ્કામ કર્મ યોગમાં અદ્ભૂત સામર્થ્ય છે. તે કર્મ વડે વ્યક્તિનું તેમજ સમાજનું પરમ કલ્યાણ થાય છે. કર્મયોગ સાધન પણ છે અને નિષ્ઠા પણ છે. નિષ્ઠા એટલે અંતિમ અવસ્થા.

કર્મયોગીના કર્મને લીધે તેની શરીરયાત્રા ચાલે છે. સાથે દેહ તેમજ બુદ્ધિ સતેજ રહે છે અને સમાજનું પણ કલ્યાણ થાય છે. "कर्मणा शुद्धिः ।" - કર્મથી શુદ્ધિ એમ કહ્યું છે. કર્મ ચિત્તશુદ્ધિનું અમોઘ સાધન છે. ચિત્ત શુદ્ધ થવાથી જ્ઞાન-પ્રાપ્તિ થાય છે. સ્થિતપ્રજ્ઞ જેવો સંયમની મૂર્તિ છે તેવા જ કર્મયોગી પુરુષે થવું જોઈએ.

ગીતામાં 'કર્મ' શબ્દ 'સ્વધર્મ'ના અર્થમાં વપરાયો છે. કર્મને વિકર્મનો સાથ હોવો જોઈએ. કર્મની સાથે મનો મેળ હોવો જોઈએ. 'વિકર્મ'ની વાત કરીએ તો મનના મેળને જ ગીતા વિકર્મ કહીને ઓળખાવે છે. વિકર્મનો અર્થ થાય છે. વિપરિત કે નિષિદ્ધ - પ્રકારનું કર્મ. ગીતાકાર કર્મના ત્રણ ભેદ પાડે છે. સાત્વિક, રાજસિક અને તામસિક ટૂકમાં, બહારનું તે સાદું કર્મ, અંદરનું જે વિશેષ કર્મ તે વિકર્મ. કર્મની સાથે વિકર્મની જોડી બંધાવાથી શક્તિ વિસ્ફોટ થાય છે, અને તેમાંથી 'અકર્મ' નિર્માણ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો કર્મમાં વિકર્મ રેડવાથી અકર્મ નીપજે છે. અર્થાત્ કર્મ જેવું લાગતું નથી. તેનો ભાર લાગતો નથી.

ભગવાને અર્જુનને સમત્વ બુદ્ધિથી કરેલાં કર્મ (અનાસક્તિથી કરેલાં કર્મો) કરવાં કહ્યું, અને એવું કહ્યું કે, નિષ્કામ કર્મની અપેક્ષા સકામ કર્મનું સ્થાન બહું કનિષ્ઠ છે. "समत्वं योग उच्यते ।" નો અર્થે સમત્વનું નામ યોગ (કર્મયોગ) છે. અર્થાત્ મનની એવી સ્થિતિ જેમાં સુખ-દુઃખ, રાગ-દ્વેષ આદિ દ્વંદ્વોમાં સમતા રહે તે. એવી સ્થિતિથી કર્મ કરનાર સાચો કર્મયોગી છે.

"गहना कर्मणो गतिः ।" કર્મની ગતિ અતિ ગહન છે. કર્મનું અકર્મ બને છે એ આપણું ધ્યેય છે. એ ધ્યેયની ઉપલબ્ધિ માટે સ્વધર્માચરણરૂપી કર્મ કરવાના હોય છે. એ કર્મ કરતાં કરતાં દોષ દેખાય તે દૂર કરવાને વિકર્મને વળગી રહેવાનું છે. સ્વધર્માચરણનાં કર્મો વિકર્મની સહાયથી નિર્વિકાર કરવાની ટેવ કેળવતાં કેળવતાં તે બધાં સ્વાભાવિક થઈ જાય છે. સ્વધર્મ પાલન એ શ્રેયનો સાચો માર્ગ છે, એ જ સાચો ધર્મ છે.

કર્મયોગની આવી આ અદ્ભૂત ચાવી છે. આ ચાવીને લીધે બધાં કર્મો નિરુપદ્રવી લાગે છે. આ ચાવી મનને - ચંચલ મનને જીતવાથી મળે છે. મન જીતે તે મર્દ ! જે માણસ કર્મમાં અકર્મને અને અકર્મમાં કર્મને અનુભવે છે, તે બુદ્ધિમાન છે. અભિમાન અને આસક્તિ ત્યજીને કરેલું કર્મ 'અકર્મ' છે.

કર્તવ્ય કર્મની દક્ષતા એટલે યોગ, સર્વમાં સમભાવ હોવો જોઈએ 'યોગ' છે. દરેક શુભ કર્મ યજ્ઞ છે. ગીતા 'કર્મયોગ'નું પ્રધાનપણે સમર્થન કરે છે. કર્મયોગીએ જાગરૂકતા કેળવીને જાગરૂક મનથી અંતરને સતત તપાસતા રહેવું જોઈએ, અને કર્મ કરતા રહેવું એ જ બુદ્ધિયોગ અથવા કર્મયોગ છે. અત્રે આત્મનિષ્ઠાના સુદૃઢ પાયા પર

'કર્મયોગ'નો ઉપદેશ અપાયો છે.

કર્મ કરતી વખતે આ કર્મ હું કરું છું અને એનું ફળ મને જ મળે, એવી અહંકર્તૃત્વની બુદ્ધિ અને ફલાભિસન્ધિ ન જોઈએ.

"कर्मण्येवाधिकारस्ते माफलेषु कदाचन ।"

તારો કર્મમાં જ અધિકાર છે, ફળમાં કદી નથી. માટે તું ફળમાં મોહ રાખ્યા વિના સતત કર્મ કર. અનાસક્ત પુરુષ કર્મ કરતાં કરતાં પરમાત્માને પ્રાપ્ત કરી શકે છે. જનકવિદેહી જેવા સમર્થ જ્ઞાનીઓ પણ કર્મ દ્વારા જ પરમ લક્ષ્યને પ્રાપ્ત કરી શક્યા છે. ક્રિયા વિના કર્મ ન થઈ શકે. પ્રત્યેક કર્મ કોઈને કોઈ પ્રકારની ક્રિયા છે.

કર્મમાં બે વિભાગ છે : અનાસક્તિરૂપ અને આચરણરૂપ. 'લોકસંગ્રહ' એટલે સામાન્ય લોકોની ઉન્નતિ અથવા કલ્યાણ માટે લોકસંગ્રહને અનુલક્ષીને પણ કર્મ કરવું જોઈએ. જે કર્મ કરવાથી જ્ઞાનનો ઉદય થાય તે ધર્મ છે. કર્મ ઈશ્વરની પ્રસન્નતા માટે, અંતઃકરણની શુદ્ધિ માટે અથવા સંપૂર્ણ વિશ્વની સેવા માટે કરો. મનુષ્યમાં કર્મ (પ્રવૃત્તિ) રહે છે. પ્રવૃત્તિ વિના મનુષ્ય રહી જ ન શકે. પ્રવૃત્તિ જ જીવનમાં સુખ દુઃખની સૃષ્ટિ કરે છે. ધર્મ અને અધર્મ બંન્ને પ્રવૃત્તિથી થાય છે. ધર્મથી અભ્યુદય - ઉન્નતિ થાય છે.

કર્મમાં આળસ - પ્રમાદનું આવવું તમોગુણ છે. કર્મનું એક કૌશલ્ય છે કે જો કર્મ પરિવર્તિત થયા કરે તો કોઈ કદી થાકતો નથી. ઉપનિષદ વાંચતાં વાંચતાં થાકો તો ગીતા વાંચો, ગીતા વાંચતાં વાંચતા થાક્યા તો પુરાણ વાંચો અને પરિવર્તન કરતા જાવ.

ઉપાસના તો એક પ્રકારનું માનસ કર્મ છે, તેનાથી મુક્તિ ન મળે. કર્મ જ્યારે ભગવાન માટે થાય છે તો તેને 'ભક્તિ' કહે છે. ભક્તિ માનસકર્મ છે. જ્ઞાન પણ બ્રહ્મવિષયક હોવાથી એક ભક્તિ છે. યથાર્થ કર્મને છોડી બાકીના બધાં કર્મ બંધનકર્તા છે. યથાર્થ કર્મ એટલે આસક્તિ રહિત યજ્ઞ માટે ભલી પ્રકારે કર્મ કરો. શોક-મોહથી અભિભૂત થયા વિના કર્તવ્યનું પાલન કરો. કર્મમાં બે પ્રકારનાં બંધન છે. (૧) ફળ મેળવવું (૨) કર્મ પુરું કરવું. ટૂંકમાં, કર્મ કરો અને બંધનમાં પણ ન પડો, આ જીવન જીવવાની એક કળા છે, એક અમોઘ યુક્તિ છે.

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દીપાવલીના શુભ કાર્યક્રમ

ધનતેરશ (આસો વદ-૧૩) તા. ૧૯-૧૦-૨૦૦૬ ગુરુવાર

કાળી ચૌદશ (આસો વદ-૧૪) તા. ૨૦-૧૦-૨૦૦૬ શુક્રવાર

શ્રી હનુમાનજીનું પૂજન - આરતી : સાંજે ૬-૪૫ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાય - મહારાજશ્રીના શુભ કર કમળ થી સંપન્ન થશે.

દીપાવલી (આસોવદ-૧૪) તા. ૨૧-૧૦-૨૦૦૬ શનિવાર : સમૂહ ચોપડા-શારદાપૂજન, લક્ષ્મીપૂજન સાંજે ૬-૦૦ કલાકે અમદાવાદ મંદિર સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ કરકમળથી વિદ્વાન વિપ્રો દ્વારા સંપન્ન થશે.

અન્નકૂટોત્સવ (આસોવદ-૩૦) તા. ૨૨-૧૦-૨૦૦૬ રવિવાર, ગોવર્ધન પૂજન સવારે ૯-૦૦ કલાકે, અન્નકૂટોત્સવ આરતી બપોરે ૧૨-૦૦ કલાકે, અન્નકૂટ રચના-દર્શન બંધ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦, અન્નકૂટ દર્શન ૧૨-૦૦ થી ૪-૦૦ કલાક સુધી.

નૂતન વર્ષ પ્રારંભ (કારતક સુદ-૧) સંવત ૨૦૬૩ **નૂતન વર્ષ શુભારંભ** તા. ૨૩-૧૦-૨૦૦૬ સોમવાર. પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી મંદિરમાં બેઠકમાં દર્શન-આશીર્વાદ આપશે.

અમદાવાદ મંદિરમાં પરંપરાગત સમૂહ શારદા પૂજન

સમસ્ત શ્રીહરિના વ્હાલા ભક્તોને સુવિદિત થાય કે સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ના શુભ કરકમળથી વિદ્વાન પંડિતો દ્વારા મંદિરના પ્રસાદીના સભા મંડપમાં આસો વદ ચૌદશ દિવાળીના શુભ દિને તા. ૨૧-૧૦-૨૦૦૬ શનિવારના રોજ સાંજે ૬-૦૦ કલાકે સમૂહ શારદા પૂજન - ચોપડા પૂજન વેદ વિધિસર શાસ્ત્રોક્ત રીતે ધામધુમથી સંપન્ન થશે. શારદા પૂજનમાં લાભ લેવા ઈચ્છતા વહેપારીઓએ પોતાના ચોપડા નંગ-૨ નામ સરનામું ફોન નંબર ના સ્ટીકર સાથે લાલ કાપડમાં બાંધીને કોઠારમાં આપીને પાકી પહોંચ મેળવી લેવી. ચોપડા સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૦-૧૦-૨૦૦૬ છે. ત્યાર બાદ સ્વીકારવામાં નહીં આવે

(કોઠારી સ્વામી)

ટોપીવાલાને સત્સંગનો ગુણ (ભાગ-૧)

- ગોરધનભાઇ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

ઈંગ્લૈન્ડથી અંગ્રેજો આપણા દેશમાં આવ્યા અને પોતાની રાજય સત્તા ભારતમાં સ્થાપી અને ભારત પર રાજય કર્યું. શ્રીહરિએ ઘણીવાર કહેલું કે,અમારું વચન નહિ માનનારા જે અધર્મી લોકો હશે તેને બળાત્કારે પળાવે એવો કોઈ રાજા ઉત્તર દિશાએથી આવશે, જે સંતોનું રક્ષણ કરશે. નીતિ નિયમમાં ચાલશે અને બીજાને ચલાવશે. શ્રીહરિ સાથે અંગ્રેજોનું મિલન થયું. ત્યારે શ્રીહરિએ અંગ્રેજોને પણ સામે એવી જ આગાહી કરેલી કે, જ્યાં સુધી નીતિમાં રહેશો ત્યાં સુધી તમારુ રાજય વૃદ્ધિ પામશે. જ્યારે અનીતિ આવે ત્યારે રાજય જાય છે. કોઈનું રાજય રહ્યું હોય તે પણ પૂર્વની નીતિરૂપી તપ કર્યું હોય તેના પ્રતાપથી જ છે. સમુદ્રમાં નાવિક વિનાના નાવની ગતિ થાય તેવી નીતિ વિનાના રાજ્યની થાય છે. શ્રીહરિએ જેમાં નીતિનું વર્ણન છે, જેમાં મનુષ્ય માત્રના સદાચારરૂપી ધર્મનું વર્ણન છે એવી શિક્ષાપત્રી રાજકોટમાં અંગ્રેજ અમલદાર સર માલ્કમને ભેટ આપેલી, જે શિક્ષાપત્રી હાલ પણ ઈંગ્લેન્ડની ઓક્સ ફર્ડ યુનિર્વસિટીમાં સચવાયેલી છે.

અધર્મી લોકોને કેદમાં તે રાજા પુરી દેતો હતો. શ્રીહરિચરિત્રામૃત સાગરમાં આધારાનંદ સ્વામી વર્ણન કરે છે કે, કસાઈ અને અંગ્રેજ જેવા ગૌહત્યારા લોકોમાં પણ જે બુદ્ધિમાન છે તે પોતાને પાપી માને છે. તીર્થમાં અને શુભ પર્વમાં પાપ કરતા નથી. સાત દિવસ પેટ માટે કાર્ય કરે તેમાં એક દિવસ (રવિવાર) હરિ અર્થે કાઢે. દેશ વિદેશ ફરે પણ તેમાં ભૂલ ન પડવા દે. ભગવાનને હૃદયમાં ધારીને પ્રાર્થના કરે કે હું તો રાત-દિવસ ગુનો કરતો રહુ છું. તમારા દિલમાં આવે તેમ કરજો. તમે સમર્થ છો. જેવી યોનિ આપો તેવો સ્વભાવ રહે છે. જેવા દેશમાં જન્મ હોય તે દેશનો પણ ગુણ આવે છે. તે અમારાથી તજી શકાતો નથી. શ્રીહરિની હજૂરમાં હાથ જોડીને તેઓ કહે છે કે અમો તો અપાર પાપી છીએ. સત્સંગ સમાન કોઈ નથી. અમને સત્સંગ બહુ ગમે છે. એટલો જ અમારો સત્સંગ છે. **જેણે સત્સંગ કર્યો તેને અમે મનુષ્ય સમજીએ છીએ અને સત્સંગ વિનાના જનોને ગમાર અને કુકર જેવા જાણીએ છીએ.** વર્ણાશ્રમના ધર્મને લોકમાં દેખાડવા માટે તેઓ રાખે છે અને નીચ કર્મ કરે છે. વિપ્ર થઈને શ્વપચને પૂજે છે અને શુદ્ધ વિપ્રને શ્વપચ જેવા કહે છે. તેમને અમે વર્ણાશ્રમી માનતા નથી. શુદ્ધ વર્ણાશ્રમના ધર્મ પાળે તેની તો અમે સહાય કરીએ છીએ. તે કારણે જ અમારું રાજ્ય છે. સંત ઉપર અમારું કોઈ જોર નથી. અસત્યના બીજ માત્રનો નાશ કરવો છે. **સંતને અમે મસ્તક ઉપર માનીએ છીએ.** અમે તેમને જ ગામ, ગરાસ અને દ્રવ્ય માન્યું છે. તે જ દ્રવ્યને અમારે સ્થાપન કરવું છે. સત્ય ઉપર તાન રાખવું તેને અમે સત્ય રાજ્ય માનીએ છીએ. ફેલ વ્યસનથી રહિત હોય, અને નીતિ દેખાડી, નીતિમાં ચાલતા હોય, તેમાં જ પ્રીતિ છે. શ્રીહરિએ તેમને કહ્યું કે તમો સંતોની રક્ષા કરો અને પૃથ્વી ઉપર રાજ્ય કરો. સંત વિના ભૂમિ શોભે નહિ. અસત્યથી તો કલેશ જ થાય. આવી રીતે વર્ણાશ્રમથી બહારના જનો પણ સત્સંગના પ્રતાપથી ફક્ત ગુણબુદ્ધિ હોવાથી જ તરી જાય છે. એમ હરિભક્તો પ્રત્યે સંતોએ વાત કરી.

શ્રીહરિ કહે છે, હાલ જે ઉત્તર દિશાએથી રાજા આવ્યો છે તે નીતિમાં ચાલે છે અને **પ્રજાની લાંચ લેતો નથી અને ચોર રાખીને પોતાની પ્રજાને લૂંટાવતો નથી.** પ્રજાને લૂંટાવનારા રાજાને કેદમાં નાંખે છે. પ્રજાનું દુઃખ દેખીને ઈશ્વરે તેમાં પ્રવેશ કર્યો છે. જેથી લોકો સુખી થાય છે અને સત્સંગ પણ વૃદ્ધિ પામે છે, તેથી બુદ્ધિવાળા લોકો કહે છે કે સત્સંગ અને રાજ્યની એક જ નીતિ છે. ઉત્તર ખંડથી જે જે રાજાઓ આવ્યા તે સૌ સત્સંગની રીત દેખીને રાજી થયાને સત્સંગ વિના બીજા મતમાં ચોરી, ધન, સ્ત્રી, ફેલ, કેફ, વ્યસન વગેરે અધર્મનો પ્રવેશ જોઈને તથા દંભ અને આડંબર જોઈને તથા તાયફા, સોગટાં, બીભત્સ ગાળો, બટુ ભૈરવની ઉપાસના, મંત્ર જંત્રની સાધનાઓ, આ બધા આચારો ભગવાનને બહાને પ્રવેશ કરેલા જોઈ તેમાં તેને અભાવ આવ્યો છે. ઈશ્વરે તેમાં પ્રવેશ કર્યો છે તેથી અનીતિને કેદમાં કરવા તે જે જે ઉપાયો રચે છે તેને કોઈ લોપી શકતું નથી. અને પ્રજાનું હિત ઈચ્છે છે તેથી ભગવાન તેની રક્ષા કરે છે.

શ્રીહરિએ સત્સંગની પ્રથાને વૃદ્ધિ કરે તેવા રાજા પ્રગટ કર્યા. તે રાજાએ અધર્મના વર્તનારા રાજાઓને જીતીને કબજે કર્યા. તપાસ કર્યા વિના તે રાજા કોઈનો

અધર્મથી નાશ કરતો નહિ. **નીતિ પ્રમાણે જોતો, સાંભળતો અને ચાલતો. ખાવું, પીવું, બેસવું વગેરે ક્રિયામાં પણ દેશકાલ વિચારીને નીતિ પ્રમાણે ચાલતો પણ પ્રજા ઉપર કરૂણા રાખી ધનમાં મોટાઈ નહિ સમજી નીતિને જ ધર્મ સમજતો, નીતિમાનને માનતો. નીતિ એ હરિનું સ્વરૂપ છે.** નીતિમાનને ખાનપાન પણ દેવ સમાન મળે છે તથા જગતમાં તેનું સૌ પ્રમાણ કરે છે. અનીતિવાળાનું જમપુરીમાં ઠેકાણું છે. સમજણનો જ સત્સંગ છે.

આ વખતમાં અંગ્રેજ રાજા દુર્બળ અને ગરીબને સહાય કરે છે. અને એજ રાજ્યનું ફળ માને છે. ગરીબની રક્ષા કરવા અનેક હુન્નર બનાવે છે. અને ધનને ધૂળ સમાન માને છે. તો અંતરજામી ઈશ્વર તેમાં રહ્યા છે. તે નિરન્નમુક્ત જેમ હોય તેમ નિબંધપણે રાજ્ય કરે છે. અનીતિથી ડરે છે પણ મરવાથી ડરતો નથી. ભૂમિ ઉપર જ્યાં સુધી શ્રીહરિ રહ્યા ત્યાં સુધી નિત્ય નિત્ય નીતિ સંપાદન કરતો અને બીજા રાજાઓ નીતિનો ડર રાખતા નહિ. ભાગ્ય વિનાના લોકો નીતિ રૂપ દોરીને તોડી નાંખે તેથી અનીતિ આવે અને રાજ્ય જાય. અનીતિ ઉપર શ્રીહરિને દયા આવતી નથી.

સ્વામિનારાયણ ભગવાન ડભાણ જતા ખેડા પધારેલા. ત્યારે સામેથી ખબર આપી શ્રીહરિએ અંગ્રેજોને પોતાનું દર્શન આપેલું. શ્રીહરિની આજ્ઞાથી ભગવાન સિંહ ચોપેદાર દ્વારા અંગ્રેજોને ખબર મળતા, ચાર મોટા ટોપીવાળા ભેગા થયા અને કહ્યું કે દસ વાગે અમે અદાલતમાં મળીશું. આજે બીજા કામ બંધ રાખીશું. તેમના (શ્રીહરિ) ઉપર અમારે પ્રેમ છે. બહુ દિવસનો ભાવ હતો તે આજે પોતાની ઈચ્છાથી ચાલીને આવ્યા છે માટે પૂરો લાભ લઈશું. દસ વાગે ચોપદારને રથ આપી અને પોતાના છડીદારને પણ બોલાવવા સાથે મોકલ્યો. શ્રીહરિ પુરમાં આવ્યા ત્યારે વિલાયતી વાજાં વાગવા લાગ્યાં. પુરજનો સૌ દર્શને આવી હાર પહેરાવી જય જયકાર કરતા અદાલતની નજીક આવ્યા. ત્યારે એરણ, રોલ, બાકર અને ડગલી એ ચાર સાહેબોએ સન્મુખ આવી ટોપી ઉતારી. શ્રીહરિ અશ્વ પરથી ઉતર્યા. શ્રીહરિને બહુ સમર્થ માની ભાવથી ભેટ્યા. મોટા મોટા લોકો દેખીને આશ્ચર્ય પામ્યા કે મોટા મોટા રાજાઓને પણ આ લોકો મળે નહિ, છતાં સ્વામી સાથે આટલું હેત છે. તે વાત કળ્યામાં આવે તેમ નથી.

પછી બંગલાના દીવાનખાનામાં શ્રીહરિને પધરાવ્યા. સુંદર ખુરશીમાં બેસાડી ચારેય સાહેબો સામા બેઠા. શ્રીહરિએ પહેરેલા સોનાના વસ્ત્રાભૂષણ બધાં ફૂલના હારથી ઢંકાઈ ગયા હતા. તે જોઈ સાહેબો પરસ્પર તેમની ભાષામાં કહેતા કે સોનાના વસ્ત્રાભૂષણને ફૂલના જેવા પણ સમજતા નથી તેમને તે કેમ બંધન કરી શકે ? કનકમાં અને સ્ત્રીમાં બંધાય તે વર્તન પરથી જણાઈ જાય. નાની ઉંમરમાં પણ આવી સ્થિતિ છે. માટે લોકો સાહેબથી અધિક માને છે તે સાચું છે. એમ પરસ્પર વાત કરીને ખુશી થઈને બોલ્યા કે, અમારા જેવું કામ હોય તો કહેજો. કાઠી કોળીઓને સત્સંગ કરાવી તેમને અનીતિનો માર્ગ છોડાવ્યો છે. તેથી અમે સાચા ગુરુ માનીએ છીએ. ચારેય ધામમાં અમે જોયું. પણ તમારા મતમાં જ નીતિ રહેલી જોવામાં આવી છે. મતપંથીઓએ પણ તમારી રીતિ ચલાવવા માંડી છે. તમારી રીતે નહીં ચાલે તેવા ગુરુ શિષ્યોના અમે ગુરૂ છીએ. અમે તેમને નીતિમાં સીધા ચલાવીશું. અમારા આગળ તેમનું ચાલશે નહિ.

શ્રીહરિએ આ લોકના ક્ષણ ભંગુર સુખની વાત કરી મોક્ષ સંબંધી વાત કરી. અંગ્રેજોએ શ્રીહરિને હાર પહેરાવ્યો. અને સાથેના કાઠી રાજાઓને પાન બીડા આપી કપડાં પર અત્તર છંટાવ્યું અને એક શાલનો જોટો શ્રીહરિને ઓઢાડ્યો તથા એક એક વસ્ત્રનો તાકો રાજાને આપ્યો. વિવિધ મેવા આપ્યા. ત્યારે કેટલાક પાટીદારો બોલ્યા કે એમનાં મતમાં જે મૂછો વિનાના ત્યાગી દેખાય છે, તેમાંથી કેટલાકે પોતાની સ્ત્રીઓ છોડી દીધી છે અને કેટલીક સ્ત્રીઓએ પોતાના પતિ છોડી દીધા છે. એમ સ્વામી લોકોમાં ઘર ભંગાવે છે. અને પગે તુલસી ચડાવે છે. જેથી બહુ નિંદા થાય છે. માટે તેમને નસિયત કરવા જોઈએ. ટોપીવાળા લોકો આ દેશનું કામ પાટીદારો ને પૂછીને કરતા અને તેમને મોટો પગાર આપતા અને ખુરશી દઈ માન આપતા. છતાં સાહેબે કહ્યું કે અમે તુલસી શું છે તે જાણતા નથી. ત્યારે પાટીદારો કહે તે શ્રેષ્ઠ વૃક્ષ છે અને વિષ્ણુ વિના બીજાને ચઢે નહિ એવી અમારામાં મર્યાદા છે. ત્યારે શ્રીહરિ કાંઈ બોલ્યા નહિ પણ સાહેબ બોલ્યા કે તુલસી વૃક્ષની જાતિ બોલશે ત્યારે અમે કહીશું. એ કંઈ તમારા ઘરનું વૃક્ષ નથી માટે ઈર્ષ્યાથી બોલો છો. પાટીદાર થઈને આવું ન બોલવું જોઈએ. **તમારામાં ઘણી બુદ્ધિ છે, તો પરસ્ત્રીને મા બેન કહો તો અમે મરદ ગણીએ. સ્ત્રીનો ત્યાગ કરવો એ હાંસી ખેલ નથી. સમર્થ ગુરુ મળે ત્યારે તે થઈ શકે છે.** કેટલાક ત્યાગી ગુરુ થઈને પણ સ્ત્રીને ભોગમાંઆસક્ત રહે છે. તમારા પણ તેવા જ ગુરુ હશે એમ લાગે છે.

(ક્રમશઃ)

સમજણ એજ શાંતિ

- સાધુ અચલપ્રકાશ ગુરુ પૂર્ણપ્રકાશ શાસ્ત્રી

"સમજણ વગરનું જીવવું ભલે
જીવો વર્ષ હજાર,
પણ સમજીને જીવવું ભલે જીવો
વર્ષ એક"

આજના આ કલિકાળમાં વિશ્વનો પ્રત્યેક માનવી સુખની ઈચ્છા રાખતો હોય છે. પણ એ સુખની પાછળ પ્રત્યેક વ્યક્તિને શાંતિની આવશ્યકતા છે. માનવ શાશ્વત શાંતિની અભિલાષા લઈ જગત-વ્યવહારના કાર્યમાં એક અબુધ, પાગલ અસહાય જીવાત્માની જેમ ભટક્યા કરે છે. વ્યક્તિ સાચી શાંતિની શોધમાં કેટલાય જન્મો સુધી આ બ્રહ્માંડમાં ફર્યા કરે છે. પણ વ્યક્તિને ખબર નથી કે તાળાની ચાવી ક્યાં છે, કઈ છે ? ત્યાં સુધી શાંતિનું છેલ્લું સોપાન પ્રાપ્ત નહિ કરી શકે. અને છતાંય પ્રયાસ કરશે તો નિષ્ફળતા આગળ જ ઉભી હશે. આપણે બધા પણ ચાવીની બાબતમાં અજ્ઞાત છીએ. પરમ તત્વ માટે આપણી નિષ્ઠા, શ્રધ્ધા અને ભાવ એ સમજણ પૂર્વકનો છે કે નહી તે આવશ્યક છે. આપણી સમજણ પૂર્વક-જીવનની એક સરિતા પરમાત્માના હૃદય સાગરમાં ગોપીની જેમ જોડાઈ જાય તો આપણું જીવન આ સમગ્ર સંસારનું એક અમૂલ્ય રત્ન સમાન બની જાય.

સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણે "વચનામૃત"માં કહ્યું કે "ભગવાનની મૂર્તિમાં અખંડ વૃતિ રાખવી. એથી કોઈ સાધન કઠણ નથી. પણ એ વૃતિ રાખવાની સમજણ ક્યાંથી લાવવી ? આપણામાં કે બીજા ધર્મોમાં એટલી સમજણ તો છે કે સવારે પૂજા-પ્રદીપ-આરતી-મંદિરમાં કે ઘર મંદિરમાં પ્રાર્થના કરવી.

પરંતુ આ બધી ક્રિયાઓ થઈ ગયા પછી આપણી સમજણમાં જે જવાળામુખી ફાટે છે તે - જીવાત્માના પુણ્યને બાળી નાખે છે.

મુસલમાન દિવસમાં પાંચ વખત નમાજ પઢે. પણ વચ્ચેના સમયમાં દુરાચાર, અત્યાચાર, ભ્રષ્ટાચાર કરતો હોય તો એનો અર્થ શું ? આ બાબત માત્ર મુસલમાન માટે જ નથી જગતના દરેક ધર્મો માટે છે. સમજણનું પરિવર્તન એ શાંતિના બિંદુને સુકવી નાખે છે.

પ્રભુ વચનમાં રહેવાની સમજણ એ શાંતિનું પ્રથમ અને અંતિમ રત્ન છે. એના વચનો લોપી અંતરમાં દુઃખનો અહેસાસ થાય તો સમજવું કે જીવનમાં શાશ્વત શાંતિનું લક્ષ્ય દૂર નથી. પરંતુ માનવ તો પોતાના સ્વાર્થમાં જ જીવન-જીવવા લાગ્યો છે. જન્મ પછી વ્યક્તિ પોતાનું જીવન જગતના સુખ-ભોગ, વિલાસ અનિતિમય આચરણમાં વ્યતિત કરવા લાગ્યો છે. જીવનમાં એવું કોઈ પરમ ભગવદીય તત્વને શોધી લો કે જે માત્ર ને માત્ર પરમ તત્વ પરમાત્માનું જ આશ્રયસ્થાન લેવા આમંત્રિત કરતો હોય. જ્યારે વ્યક્તિની આંખોમાંથી ભકતો - કે ભગવાન માટેના પશ્ચાતાપના આંસુઓ નીકળશે પછી વ્યક્તિમાં જે સમજણનું અંકુર ફુટશે એજ વ્યક્તિના જીવનમાં શાંતિનું પ્રતિક હશે. પરંતુ એ માટે તમામ માનવીએ સુખ-દુઃખ બન્નેમાં પ્રભુનું સ્મરણ કરવું જરૂરી છે.

તુલસીદાસજીએ કહ્યું, છે કે

સાખી - *સુખ મેં સુમીરન સબ કરે,*
દુઃખમેં કરે ન કોઈ
જો સુખ મેં સુમીરન કરે,
દુઃખ કાહે કો હોય.

આ સાખી ને વ્યક્તિ હૃદયમાં ઉતારશે તો વ્યક્તિના જીવનમાંથી દુઃખના અવશેષો નષ્ટ નાબુદ થઈ જશે.

ભવિષ્યની પેઢી સુખી થાય એ માટેની સમજણ પ્રયાસો આજથી આપણે કરવા પડશે. અંધશ્રધ્ધા અજ્ઞાનતાના ધોરીમાર્ગો બંધ કરવા પડશે ને સમજણ નો હાઈવે બનાવવો પડશે. કોઈ વ્યક્તિ ઘેર-ઘેર જઈ જગાડશે નહીં. વ્યક્તિએ પોતાની મેળે જ જાગવું પડશે.

વ્યક્તિના જીવનમાં સાચી નીતિ અને ધર્મ નહીં હોય તો વ્યક્તિમાં ક્યારેય સાચી સમજણ નહીં આવે. ચેતનાનું કિરણ જાગૃત નહીં થાય. પરમ તત્વનું આશ્રયસ્થાન પ્રાપ્ત નહીં થાય. સમજણમાં એક સૌંદર્ય તત્વ સમાયેલુ છે. જે શાશ્વત, શાંતિની ઝાંખી કરાવે છે. વ્યક્તિ પોતાની જીવન નૈયાને આધ્યાત્મિક ક્ષેત્રના મહાસાગરમાં વિચલીત કરશે તો તેની જીવન નૈયામાં સમજણ નામનું કોઈ એવું અદ્‌ભૂત તત્વ સમાવેશ કરશે જે શાંતિના સર્વોત્તમ લક્ષ્ય સુધી પહોંચી જીવન સાર્થક બનાવશે.

ભગવાનનાં ચરિત્રો પણ શાંતિનું

અનુસંધાન પેજ નં. ૧૭

નિષ્કામી વર્તમાન રાખે તો જ અમને વ્હાલો છે

- જયંતીભાઇ કે. સોની (અમદાવાદ)

ગીતાજીમાં કહ્યું છે કે : કામ, ક્રોધ અને લોભ એ ત્રણે નરકનાં દ્વાર છે. અન્ય અંતઃશત્રુ તેમાં આવી જાય છે. અહીં કામ પ્રથમ નંબરનો દુશ્મન છે.

પ્રેમાનંદ સ્વામી રચિત "આજ મારે ઓરડેના ચાર પદ પૈકી પાછળનાં ત્રીજા અને ચોથા પદની રચના સ્વયં ભગવાને કરી છે, તેમાં પણ શ્રીહરિએ સ્વમુખે ગાયું છે કે -

"સહુ હરિભક્તોને રે, જાવુ હોય મારે ધામ તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ."

શ્રીજી મહારાજે સ્પષ્ટ પણે કહી દીધું કે નિષ્કામ થયા વિના મારા ધામમાં નહિ જવાય.

ગઢડા અંત્યના ૧૯માં વચનામૃતમાં પણ મહારાજે કહ્યું છે કે "જેણે સંસારનો ત્યાગ કર્યો હોય એવા જે હરિભક્ત તેને બે કુલક્ષણ છે. તે આ સત્સંગને વિષે શોભવા દેતા નથી. તેમાં એક તો કામવાસના અને બીજી પોતાના કુટુંબીને વિષે પ્રીત એ બે કુલક્ષણ જેમાં હોય તે તો અમને પશુ જેવો જણાય છે." - કામ વાસનાએ કરીને તો મોટા મોટાને પણ લાંછન લાગ્યા છે.

વેદરસમાં મહારાજે કહ્યું છે કે જેનું મન સ્ત્રીને વિષે જાય છે તે વિદ્યા ભણ્યો તોય શું થયું ? એ નિષ્ફળ છે અને તેણે રાજ્ય દ્રવ્યાદિકનો ત્યાગ કર્યો તોય શું થયું ? એ ત્યાગ નિષ્ફળ છે અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધએ પંચવિષય જીત્યા અને ઈન્દ્રિઓને દમી અને પંચાગ્નિ કરીને તાપ્યો, વરસાદ ખમ્યો, ટાઢ ખમી, તીર્થાટન કર્યા, કૃચ્છ ચાંદ્રાયણાદિક વ્રત કર્યા, દેવ પૂજન કર્યું, ગુરુ કર્યા, તુલસી રુદ્રાક્ષ ધારણ કર્યા, શિવ-વિષ્ણુના મંત્ર તેનું ગ્રહણ કર્યું, માળા પેટી ભેખ લીધો, સાધુ સેવા કીધી, સદાવ્રત દીધા એ આદિક જે વ્રત કર્યા તે સર્વે તેના વ્યર્થ થયા. આમ પુરુષને સ્ત્રી સર્વ પ્રકારે બંધનકારી છે. તેવી જ રીતે મુમુક્ષુ સ્ત્રી હોય તેને પુરુષ પણ એમજ બંધનકારી છે.

માટે જ સત્સંગમાં નિષ્કામ વ્રત દ્રઢ રાખવાનો ખટકો રાખવો - ગૃહસ્થ હોય કે ત્યાગી દરેકના નિયમ મુજબ રહેવાનું છે.

શ્રીજી મહારાજને નિષ્કામી ભક્ત કેટલા વ્હાલા છે તેની વધુ સ્પષ્ટતા ગ.પ્ર.ના ૩૩ નાં વચનામૃત ઉપરથી થાય છે.

મહારાજે સર્વ પ્રથમ પોતાના અંગની વાત કરી પછી સર્વે સંત તથા સર્વે હરિભક્ત જેવા જેના અંગ (અંગે એટલે સ્વભાવ રહેણી કહેણી) હતા તેવા કહ્યા, પણ શ્રીજી મહારાજે મનમાં જે ધારી રાખ્યું હતું તે કોઈએ ન કહ્યું. પછી શ્રીજી મહારાજે કહ્યું, જે એક નિષ્કામી વર્તમાન દ્રઢ હોય તો તેને આ લોકમાં અને પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહે નહિ. અમને નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે. માટે નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને (ગમે છે) વ્હાલો છે. અમે જે દિવસથી પ્રગટ થયા છીએ તે દિવસથી નિષ્કામી વર્તમાનને જ અતિશે દ્રઢ કરતા આવીએ છીએ. સભા બેઠી હોય ત્યાં કોઈક સ્ત્રી અથવા પુરુષ તેને જોયામાં ફેર પડે ત્યારે એ ગમે તેટલી યુક્તિએ કરીને સંતાડે તો પણ અમને જણાયા વિના રહે જ નહિ. અમારે તે મનુષ્ય ઉપર અતિશે કુરાજીપો થઈ જાય છે, અને અમારૂ મુખ પણ શ્યામળું થઈ જાય છે. તેનું દુઃખ તો અમને અતિશે લાગે છે. નિષ્કામ વર્તમાનમાં ફેર પડે એવી વાર્તા સાંભળીયે ત્યારે જેમ વાંઝિયાને ઘેર દીકરો આવ્યો હોય ને તે મરી જાય ને તેને જેવો શોક થાય તેવો અમારે પણ શોક થાય છે, માટે મહારાજને આપણે રાજી કરીને અક્ષરધામમાં જવાનો નિર્ધાર કર્યો જ હોય તો સત્સંગમાં ક્યારેય પણ, નિષ્કામ વર્તમાનનો ભંગ ન થાય તેવું વર્તન કરવું. વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે "જો બધા ધર્મ જતા હોય અને એક નિષ્કામ વર્તમાન રૂપી ધર્મ ટક્યો તો બધા જ ધર્મ ટક્યા જ જાણવા."

આ સત્સંગમાં અગાઉ મોટા મોટા સંતોએ પોતાનું નિષ્કામવ્રત દ્રઢ રાખવા કેટ કેટલા દાખડા કર્યા છે. તે જાણવા, એક સંતની વાત કરીએ. જેને શ્રીજી મહારાજે સત્સંગમાં માનું બીરૂદ આપેલ છે તેવા મુક્તમણી સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીનાં જીવનમાંથી પ્રેરણા લઈએ.

પૂર્વાશ્રમનું નામ મુકુંદદાસ, પોતાના માતા-પિતા અને બહેન ધનબાને લઈ તીર્થસ્થાનમાં ફરતા ફરતા અમરેલીમાં મૂળદાસ બાવાની જગ્યામાં ઉતર્યા. ત્યાં મુકુંદદાસના પિતાને લોહીખંડ પેટ બેસણું થવાથી મંદવાડ વધવાથી મુકુંદદાસના પિતાએ ત્યાંની જગ્યાનાં મહંત મૂળદાસને પોતાની પાસે બોલાવીને કહ્યું કે હવે મારા દેહનો

નિર્ધાર નથી માટે આ મારી સ્ત્રી તથા દીકરા-દીકરીની ભલામણ હું તમને કરૂ છું - એમ મુળદાસને પોતાના કુટુંબની ભલામણ કરીને થોડા દિવસમાં મુકુંદદાસના પિતા દેહત્યાગ કરી ગયા. થોડા સમય પછી મુકુંદદાસના માતુશ્રી પણ દેહત્યાગ કરી ગયા. પછી મહંત મૂળદાસજીએ મુકુંદદાસને અમરાપરમાં પરણાવ્યા ને ત્યાં પોતે ઘર જમાઈ તરીકે રહ્યા. અને બહેન ધનબાને ગામ ઓળીયામાં પરણાવ્યા. એક સમયે મુકુંદદાસે એકાંતમાં બેસી વિચાર કર્યો જે, "જે જે યોનિમાં આ જીવ ગયેલ છે ત્યાં ત્યાં વિષયની પ્રાપ્તિ જીવને સ્વાભાવિક પણે થઈ છે. તો પણ વિષયભોગની તૃપ્તિ થઈ નથી. માટે હવે તો આ દેહે કરીને અષ્ટપ્રકારનું બ્રહ્મચર્ય વ્રત પાળીને એકાન્ત સ્થાનમાં બેસીને પરમાત્માનું આરાધન કરી આ દેહનો ત્યાગ કરવો છે. પણ સંસાર-વ્યવહારમાં રહેવું નથી. એવો ચોક્કસ વિચાર કરી ગાંડાની પેઠે વર્તવા લાગ્યા. ને ગામમાં દોડાદોડ કરે ને મુખથી "રામ ગટાગટ મૌહુડી ફુલી" એમ વારંવાર બોલે અને ગામમાં ધમાલ કરી મુકે. તેથી ગામનાં લોકોએ મુકુંદદાસનાં સસરાને ઠપકો આપ્યો કે તમારા ગાંડા જમાઈને કેમ સાચવતા નથી ? સસરાએ વિચાર કર્યો જે જમાઈ જોયામાં તો ગાંડા જેવા જણાતા નથી ને આમ કેમ કરે છે. માટે એકાંતમાં બેસી પૂછી જોયું કે મુકુંદદાસ તમો આમ તો ગાંડા જેવા લાગતા નથી છતાં આમ કેમ વરતો છો ? તો મને સુખેથી જણાવો તો તેનો રસ્તો કાઢીએ. બહું સમજાવ્યા તો પણ સસરાનું એક વચન માન્યુ નહિ. છેવટે કંટાળીને સસરાએ મુકુંદદાસને અમરેલીનાં મૂળદાસને મુકુંદદાસની સર્વે બીના કહીને કહ્યું કે આવો ગાંડો જમાઈ અમારાથી પલવાય નહિ. માટે હવે તમો તેમને તમારી જગ્યામાં રાખો અને સુધરે તો સુધારો અને ગાંડાપણ મટશે પછી હું પાછો લઈ જઈશ. આમ મુકુંદદાસ મુળદાસના આશ્રમમાં આવ્યા છે. ત્યાં પણ અગાઉની જેમ વર્તવા લાગ્યા જેથી મૂળદાસે મુકુંદદાસને એકાંતમાં બેસારી વાત પૂંછી ત્યારે પોતાનો જેવો અભિપ્રાય હતો તે પ્રમાણે મૂળદાસને કહ્યું, આમ વાત સાંભળીને મૂળદાસ ખૂબ રાજી થયા. તે જોઈને મુકુંદદાસે કહ્યું જે કામવાસના જ્યાં જિતાય ને ભગવાનનું ભજન-સ્મરણ સુખેથી થાય તેવા કામવાસનાં જીતેલ હોય તેવા મહંત બતાવો તો હું તેની પાસે જાઉં. આવું સાંભળી મૂળદાસે કહ્યું કે એવા મહંત તો ધ્રાંગધ્રામાં દ્વારિકાદાસ છે. માટે તમે તેની પાસે જાઓ. એમ કહીને દ્વારિકાદાસ પાસે મોકલ્યા. અહીંયા જગ્યાનો ઠાઠ-માઠ જોઈને તથા ગુરુનો આડંબર જોઈને મુકુંદદાસના મનમાં ઘણો સંતોષ થયો. અહીં કામવાસનાં સહેજે જીતાશે એમ ધારીને તે બાવાની સેવા અનુવૃત્તિ પ્રમાણે કરવા લાગ્યા. તેથી બાવાજી પ્રસન્ન થઈ મુકુંદદાસને કહે જે તારી શું ઈચ્છા છે ? જે માંગો તે હું તમને આપું. તમારે આ જગ્યાના મહંત થવું હોય તો સુખેથી આ જગ્યાના મહંત કરું અથવા બીજી ઈચ્છા હોય તો સુખેથી માંગો. ત્યારે મુકુંદદાસ કહે મારે આ લોકની માન-મોટાઈ જોઈતી નથી. મને સુખેથી કામવાસના જીતાય તેવો ઉપાય બતાવો તે હું તમારી પાસે માંગુ છુ. તે સાંભળી દ્વારિકાદાસ કહે જે કામવાસના જીતવી ઘણી કઠણ છે. હું વૃદ્ધ થયો છું પણ હજું કામવાસના મારા અંતઃકરણમાંથી ટળથી નથી તો હું તને કામવાસના ટળે તેવો ઉપાય ક્યાંથી બતાવું ? મુકુંદદાસ કહે હવે મારે કેમ કરવું ? બાવાજી ને કહે જે છતાં જેમણે કામવાસના જીતેલ હોય તેવુ ગુરુ દેખાડો તો હું તેમની પાસે જાઉં. મારે હવે આપની પાસે રહેવું નથી. ત્યારે દ્વારિકાદાસે કહ્યું કે વાંકાનેરમાં કલ્યાણદાસજી બાવા બહુંજ સમર્થ છે તેમણે કામવાસનાને જીતેલ છે. એમ મેં બહુવાર સાંભળ્યું છે. માટે વાંકાનેર જાવો. ત્યાંથી મુકુંદદાસ વાંકાનેર આવ્યા અહીં કલ્યાણદાસ બાવો પંચાશી વર્ષનો ને પિત્તળનો આડબંધને તાળુ બંધ કરી તેની કુંચી તેના શિષ્ય પાસે રાખે. જ્યારે તેની જરૂર પડે ત્યારે શિષ્ય ઉઘાડે. એવો બંદોબસ્ત જોઈ મુકુંદદાસ બહુ પ્રસન્ન થયા. તેમની પાસે ઘણા દિવસ રહ્યા. ખૂબ સેવા કરવાથી બાવાજી પ્રસન્ન થયા અને કાંઈ માંગવા કહ્યું. ત્યારે મુકુંદદાસે કહ્યું. મારી કામવાસના જીતાય તેવો ઉપાય મને કહો, ત્યારે કલ્યાણદાસજી કહે મુકુંદદાસ હું એક વખત તીર્થયાત્રા કરવા ગયો હતો. ઉજૈનની નજીક જતા ઉજૈનનો રસ્તો હું ભૂલી ગયો તે રસ્તો પૂછવા એક બાઈને કહ્યું. જેણે છાણા વિણતા હાથનું લટકું કરી કહ્યું કે બાવાજી તમે જાઓ છો તે ઉજૈનનો રસ્તો છે. તે બાઈનું હાથનું લટકું મારા જીવમાં પેસી ગયું છે તે હજુ સુધી વિસરતું નથી. તેને ચાલીસ વર્ષ થયા. તો હવે તને હું કામવાસના જીતવાનો રસ્તો શું બતાઉ ? તારે કામવાસના જીતવી હોય તો સરધારમાં તુલસીદાસ બાવા પાસે જા તે બાવો બહુ સમર્થ છે. આમ મુકુંદદાસ રજા લઈ

સરધાર ગયા ત્યાં તુલસીદાસને મળ્યા. તુલસીદાસ પણ વૃદ્ધ હતા. આમ મુકુંદદાસ તુલસીદાસની પાસે રહી જગ્યામાં સેવા કરવા લાગ્યા. કથા કરે તેથી બાઈ-ભાઈ આદિકની સભા ભરાઈ જતી. જેથી તુલસીદાસનો સ્નેહ વૃદ્ધિ પામ્યો ને તુલસીદાસ મુકુંદદાસને આધિન થઈ ગયા. તેવામાં ત્યાં રામાનંદ સ્વામી પધાર્યા તેથી રામાનંદ સ્વામીની પાસે તુલસીદાસના અન્ય શિષ્યો બેસવા જાય ત્યારે મુકુંદદાસની કથામાં ખૂબજ ઓછા માણસો આવે. ત્યારે મુકુંદદાસે પૂછયું પહેલા બહું માણસો કથા સાંભળવા આવતા હવે કેમ નથી આવતા? ત્યારે કોઈએ કહ્યું આ ગામમાં મહાપ્રતાપી રામાનંદ સ્વામી આવ્યા છે બધા તેમની પાસે કથા સાંભળવા જાય છે. તમારે પણ સમાગમ કરવા જેવા છે. આવું સાંભળી મુકુંદદાસ રાત્રીએ રામાનંદ સ્વામી પાસે કથા સાંભળવા ગયા. મુકુંદદાસને જોઈ રામાનંદ સ્વામીએ પૂછયું તમો કોણ છો ? ત્યારે કહ્યું હું અહીંના સ્વામી તુલસીદાસનો સેવક છું. ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું આજતો ભલે આવ્યા પણ કાલથી દયા કરી અમારી પાસે આવશો નહિ. કારણ કે અમારે ને તે બાવાજીને તમારી નિમિત્તે પરસ્પર વિક્ષેપ થાય. એમ કહી રામાનંદ સ્વામીએ રજા આપી દીધી. જય સીતારામ કહી મુકુંદદાસ પોતાના સ્થાનમાં પરત આવી ગયા.

બીજે દિવસે મુકુંદદાસ કથા સાંભળવા રાત્રીને સમયે તે જગ્યાની પછવાડે એક ખંચાળી હતી ને તે મકાનના નેવા તેમાં પડતા હતા. સાધારણ વરસાદને લીધે નેવાનું પાણી મુકુંદદાસના અરધા શરીર ઉપર પડતું હતું તો પણ કથાવાર્તામાં તલ્લીન થઈ ઉભા રહ્યા હતા ! તે સમયે રામાનંદ સ્વામી લઘુશંકા કરવા તે ખંચાળીયામાં ગયા. ત્યાં મુકુંદદાસને ઉભેલા જોયા તેથી સ્વામીએ પૂછયું અહીં અંધારામાં કોણ છો ? ફાનસ લઈને જુવે છે તો મુકુંદદાસને ઉભેલા જોયા. સ્વામીએ મુકુંદદાસને પૂછયું આપને કાલે ના પાડી હતી છતાં પણ કેમ આવ્યા ? ચાલો સહુ બેસે છે ત્યાં બેસો. કથાની સમાપ્તિ બાદ રામાનંદ સ્વામીને મુકુંદદાસે કહ્યું મને આપની પાસે રાખો. હું ઘણાં સ્થાનોમાં ફર્યો પણ આ બે દિવસથી જેવી શાંતિ મને થાય છે તેવી શાંતિ મને કોઈ સ્થાનમાં થઈ નથી. માટે કૃપા કરીને તમારી સેવામાં રાખો. ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું હું કાલે બંધિયા જઈશ ને ત્યાં થોડા દિવસ રોકાઈશ. તમારે આવવું હોય તો તુલસીદાસનો હાથના અક્ષરનો રજાપત્ર લઈ આવશો તો સુખેથી રાખીશ. બીજે દિવસે મુકુંદદાસે રજાનું નિમિત્ત ઉભા કરવા હરકોઈ સદાવ્રતીઓને શીરા-પુરીનાં સદાવ્રત આપવા માંડ્યાં. ઉપરાંત વસ્ત્રો તેમજ વાસણો પણ સદાવ્રતમાં આપવા લાગ્યા. આ જોઈ તુલસીદાસના અન્ય એક સેવકે તુલસીદાસ આગળ આ સઘળી વાત કરી કે મુકુંદદાસ સઘળું સદાવ્રત ખાલી કરી નાંખશે થોડા સમયમાં તો બધાજ કોઠારો ખાલી કરી નાંખશે ! આવું સાંભળી તુલસીદાસે મુકુંદદાસને પોતાની પાસે બોલાવી કહ્યું કે સદાવ્રત તો રામરોટીનું છે પણ શીરા-પુરીનું નથી માટે સાચવીને આપ તો સારું. કારણ કે કોઠાર ખાલી થઈ જશે. પછી સદાવ્રતમાં શું આપીશું ? ત્યારે મુકુંદદાસે જવાબ આપ્યો "જ્યારે કોઠાર થાશે નટવારે, ત્યારે જાશું તીરથ કરવા રે". આવું સાંભળી તુલસીદાસ બોલ્યા તમારો શું આશય છે તે કહો. ત્યારે મુકુંદદાસે કહ્યું જે હું બીજાની પાસે રહું તો તેની સાથે તકરાર કરવાની નહીં. તેવી શરત સાથે આપના હસ્તાક્ષરથી પત્ર લખી આપો. આ પ્રકારનો કાગળ લખાવી લઈ પ્રણામ કરી બંધીયા ગામે રામાનંદ સ્વામી પાસે જઈ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી તુલસીદાસનો પત્ર આપ્યો. તે વાંચી રામાંનંદસ્વામીએ મુકુંદદાસને પોતાની સેવામાં ઘણા જ પ્રેમપૂર્વક રાખ્યા. રામાનંદ સ્વામીએ મુકુંદદાસને ભાગવતી દીક્ષા આપીને મુક્તાનંદ એવું નામ ધારણ કર્યું. થોડા દિવસ રહી ત્યાંથી લોજ ગયા. ત્યાં લોજમાં મુક્તાનંદ સ્વામીને રાખી સ્વામી ભૂજ પધાર્યા. આમ મુક્તાનંદ સ્વામીને નિષ્કામ વ્રતનાં પ્રતાપે સાચા ગુરુની પ્રાપ્તિ થઈ.

એક નિષ્કામીવ્રત જાળવવા માટે આટ આટલા ગુરુ કર્યા. ત્યાં દરેક સ્થાનમાં મહંતાઈનો તાજ પણ મળતો માન-મોટાઈ પણ મળતા. પરંતુ પોતાની કામવાસના જીતાય તેવા સમર્થ ગુરુની પ્રાપ્તિ ન દેખાતા આ લોકનાં સર્વે સુખને એક ઝાટકે છોડી દેતા પણ વાર લગાડી નથી. નિષ્કામવ્રતનાં દૃઢ પ્રતાપે ભગવાનની કૃપા ઉતરવાથી રામાનંદ સ્વામી જેવા મહાપ્રતાપી સદ્‌ગુરુની પ્રાપ્તિ થઈ. બાદમાં પૂર્ણપુરુષોત્તમ નિલકંઠવર્ણીની પણ પ્રાપ્તિ થઈ અને ભગવાનના પ્રથમ નંબરનાં વ્હાલા સંત તરીકેની ગણતીમાં સ્થાન પામ્યા.

આપણે પણ આવા પ્રસંગોને દૃષ્ટિ સમક્ષ રાખી નિષ્કામ વ્રત દૃઢ કરી ભગવાનના ધામનાં અધિકારી બનીએ એવી પ્રભુને પ્રાર્થના.

શિયાણીમાં શ્રીહરિ

- ચંદ્રકાંત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

શિયાણી ગામને પાદર ભગવાન શ્રીહરિ ઉભા ઉભા વિચાર કરતા હતા. ગામમાં જઈશું કે કેમ ? ત્યાં જ સામેથી શિવરામ ભટ્ટ અને ભીમજી વોરા આવતા દેખાયા.

અહોહો .... મહારાજ અહીં ક્યારના પધાર્યા છો ? એમ કહેતા કહેતા દંડવત પ્રણામ કરવા મંડી પડ્યા. પછી કહ્યું, હે મહારાજ ગામમાં પધારો.

ગામમાં કોને ત્યાં ઉતરીએ ?

હે મહારાજ ! ઘોડા બંધાય એવી મોકળાશ તો મેઘા પટેલના ઘેર છે. બાકી તો આપ ગમે ત્યાં ઉતરો.

મેઘા પટેલના ઘેર શ્રીજી મહારાજ પધાર્યા. પટેલ તો હર્ષ ઘેલા થઈ ગયા. અછો અછો વાનાં કરવા લાગ્યા. ઢોલિયો ઢાળી આપ્યો. નવા ગાદલા ઉપર નવો ઓછાડ પાથરી આપ્યો. પાછળ તકિયો મૂકી દીધો. મહાપ્રભુ ત્યાં વિરાજમાન થયા. સંતોની તથા પાર્ષદોની પણ ઘટે તેમ બેઠક વ્યવસ્થા કરી. ઘોડાઓને જોગાણ નાખ્યું. પછી શ્રીહરિ પાસે આવીને બેઠા.

હે મહારાજ ! આજ તો તમે અહીંજ નિરાંત કરો. રસોઈની વ્યવસ્થા કરું છું. સંતો સહિત બધા અહીં જમો. મારું અંતર ઠારો.

ભગવાન સ્વામિનારાયણ કહે છે, ના પટેલ. રસોઈ તો આ ભીમજીને ત્યાં અથવા ભટ્ટજીને ત્યાં કરવા દો. એમણે કહ્યું છે. અમારે બીજે ઘોડા બંધાય તેવી જગ્યા નહોતી એટલે અહીં ઉતર્યા છીએ.

ભલે ઉતર્યા બાપ ! ભલે ઉતર્યા. પણ રસોઈ તો અહીં જ કરાવો અને અહીં જ જમો. આપ જમશો તો મારા મનને બહુ ટાઢક વળશે. મેઘજી પટેલે આગ્રહપૂર્વક કહ્યું.

તો એમ કરો. અમારી સાથે માણસો ઠીક ઠીક છે. એટલે કાચી રસોઈ દાળ રોટલા કે શાક રોટલા એવું જ બનાવો.

અરે મારા પરભુ ! કાચી રસોઈ શું કામ ? હે ....ય ને સરસ મજાના લાડવા જમો. અમને પણ પરસાદીનો લાભ મલે.

ઠીક ત્યારે. તમે રાજી થાઓ તેમ કરો. શ્રીહરિ મેઘજી પટેલની લાગણી જોઈ પ્રસન્ન થયા. બ્રહ્મચારીએ રસોઈ બનાવવાની શરૂઆત કરી. મેઘજીએ જરૂરી બધી ચીજ વસ્તુઓ લાવી દીધી. પછી શ્રીહરિ તથા સંતોની હરિભક્તોની સેવા સરભરામાં આંટાફેરા કરતા હતા. એવામાં ચૂરમાનો દળ તૈયાર થઈ ગયો એટલે મહાનુભાવાનંદ સ્વામી શ્રીજી મહારાજ બેઠા હતા ત્યાં આવી કહ્યું, પાટલા ક્યાં છે પાટલા ? કાઠી ભક્તોમાંથી કોઈ બોલ્યું, આંઈ વળી પાટલો હતો હશે તે લેવા આવ્યા છો ? પાટલાને શું કરશો ? મહારાજે પૂછ્યું.

લાડુનો દળ તૈયાર થઈ ગયો છે હવે ઘી ગોળ જોઈએ છે. પાટલા હોય તો લાવી આપે ને ?

ત્યારે પાટલા પાટલા શું કરો છો ? પટેલ કહોને ? હસતાં હસતાં શ્રીહરિએ કહ્યું, સભા પણ આ રમૂજથી હસવા લાગી. મેઘજી પટેલ તરત ઉભા થયા. ઘરમાં જઈ ઘરવાળીને કહેવા લાગ્યા. સાધુ ઘી ગોળ લેવા આવ્યા છે તે આપો એટલે લાડવા વાળી નાખે.

ઘી ગોળ નહિ મળે. ગામમાં તમે જ એક ભગત છો તે બધું આપો ! ઘી ગોળ બીજા ભગત પાસેથી મગાવી લ્યો. બધું આપ આપ કરીએ તો ઘરને ઠેકાણે ધોલકું થઈ જાય ધોલકું ! ઘરનો વહેવાર મારે ચલાવવાનો છે તમારે નહિ. પટલાણીએ આક્રોશથી કહ્યું.

મેઘજી પટેલ ઘડી ભર અવાક્ થઈ ગયા. શું કરવું તે ખબર ન પડી. એમને એમ ત્યાં ઉભા રહ્યા. પરંતુ શ્રીહરિ આ સંવાદ સાંભળી ઉભા થઈ ગયા. જ્યાં પટેલ હતા તે ઘરમાં ગયા. પટેલને કહ્યું, ઘી ગોળ તો ભીમજી વોરા આપવાનું કહી ગયા છે. માટે તેમને ત્યાંથી લઈ આવો. તમારા ઘરવાળાની વાત સાચી છે. ઘરનો વહેવાર તો સ્ત્રી જ ચલાવે. પુરૂષને ખબર ન પડે. તમે ભાગ્યશાળી છો કે આવી સમજદાર સ્ત્રી તમને મળી છે. બહેન ! તમે તો ઘણું બધું આપ્યું છે. તમારા જેવી ઉદારતા કો'ક જ સ્ત્રીમાં હોય.

મહા પ્રભુએ પ્રશંસા કરતાં કરતાં પટલાણીનું હૃદય પરિવર્તન કરી નાખ્યું. પછી પટેલને કહ્યું, તમે ભીમા વોરાને ખબર કરો એ ઘી ગોળ આપી જશે. ત્યાં તો પટલાણી બોલ્યા, ના, ના મહારાજ. એને ત્યાંથી કશું નથી લાવવાનું. તમારી દયાથી મારે ત્યાં બધું અભરે ભર્યું છે. કોઈ વાતની કમી નથી. તમારા જેવા મોટા મેમાન ક્યારે આવે ? સાંભળો પટેલ ! ઘીના આ બે કુડલા તાજા ભર્યા છે તે લઈ જાઓ. ગોળ હું

કોઠીમાંથી કાઢી આપું છું. અને મહારાજ ! તમારે જે જોઈએ તે તમારા ભગતને કહેજો. એ લાવી દેશે. બીજે ક્યાંયથી કશું મગાવતા નહિ. તમ તમારે સારી રીતે જમો. તમારા સાધુ સંતોને પણ જમાડજો.

શ્રીહરિએ ફરી તે બહેનને કહ્યું, તમારા પિતાને સત્સંગ બહુ સારો હતો. તેથી તમારામાં એ બધા સંસ્કાર ઉતરી આવ્યા છે. બોલવા ચાલવામાં વાત કરવામાં તમારો વિવેક દેખાયછે. બુદ્ધિ પણ ભગવાને સારી આપી છે. લ્યો પટેલ આ કુડલું ઉપાડી લો. સાધુ વાટ જોતા હશે. મેઘજી પટેલે ઘી અને ગોળ બંને સાધુ પાસે પહોંચાડ્યા.

બધી રસોઈ તૈયાર થઈ ગઈ. શ્રીહરિ માટે થાળ તૈયાર કર્યા. મહા પ્રભુ ઉગમણે મુખારવિંદે જમવા બેઠા. જમી રહેવા આવ્યા ત્યારે શિવરામ વિપ્ર પણ પોતાના ઘેરથી થાળ તૈયાર કરીને લાવ્યા. શ્રીજી મહારાજ પાસે મૂક્યો અમારે વાસ્તે તો અહીં થાળ કર્યા હતા. તમે શા માટે લાવ્યા ?

હે મહારાજ ! પટેલનો થાળ પણ જમો અને મારો પણ જમો. ત્યાં મેઘજી પટેલ બોલ્યા, બ્રહ્મદેવ ! મારો થાળ તો મહારાજે દાખડો કરીને કરાવ્યો છે. મારી આબરૂ રાખી છે. વાત સાંભળી શ્રીહરિ હસ્યા. પટેલ પણ હસ્યા.

શિવરામ ભટ્ટે વિનંતી કરી. હે મહારાજ ! એકવાર મારે ઘેર આપ પધારો. ભટ્ટજી ઉત્તમ ભક્ત હતા. તેમની ભાવના જોઈ શ્રીજી મહારાજ તેમને ઘેર પધાર્યા. શ્રીહરિને આવ્યા સાંભળી ગામના રાજા પણ દર્શન કરવા ત્યાં આવ્યા. શ્રીજી મહારાજે આવકાર આપી પાસે બેસાડ્યા. પછી તેમની આગળ વાત કરવા લાગ્યા. અમને જોઈ કેટલાક શુદ્ધ હૃદયવાળા જનોની વૃત્તિ અમારામાં ખેંચાઈ જાય છે. અને સમાધિ પામી જાય છે. તેથી સમાજના કેટલાક લોકો અમને જાદુગારા કહે છે. પરંતુ અમો કોઈ જાદુ કરતા નથી.

એ વખતે ત્યાં બેઠેલા કેટલાક ભક્ત બોલ્યા, હે મહારાજ ! તમે જાદુગારા છો એ વાત સાચી છે. પણ તમારી પાસે જાદુ છે તે સાચું જાદુ છે. બીજાના જાદુ જુઠ્ઠા અને મલિન છે. તમારા ભક્તોની જે ઈચ્છા હોય તે તમે પૂરી કરો છો. જેવા સ્વરૂપે દર્શન ઈચ્છે તેવા સ્વરૂપે દર્શન આપી શ્રદ્ધા વધારો છો. પણ તમારું સર્વોપરી મૂળસ્વરૂપ તો એક જ છે. તમારો પ્રતાપ અપાર છે. પરંતુ જેને બતાવો તે જ જોઈ શકે છે. વિપરીત મતિવાળા આ સમજતા નથી. એટલે તમને જાદુગર કહે છે. તમારા સિવાય બધે કામ, ક્રોધ, સ્વાર્થનું સામ્રાજ્ય છે. સાધુના વેશમાં શેતાન બેઠા હોય છે. ભગવાનની મૂર્તિનો આધાર લઈ ભેખનો મહિમા કહે છે. સંતની સેવા જ મુક્તિનું દ્વાર બતાવે છે. અનેક સ્ત્રી પુરુષોને સેવા કરવામાં ફસાવે છે.

આવું સાંભળી શ્રીહરિએ હસતાં હસતાં પૂછ્યું, આવું ઉત્તમ પ્રકારનું જ્ઞાન તમે મેળવ્યું ક્યાંથી ? હરિભક્તો કહે, આ બધી સમજણ અમને શિવરામ ભટ્ટે આપી છે. અમને તેમનામાં વિશ્વાસ છે. તેઓ સત્ય વસ્તુને જ સત્ય કહે છે. અસત્યને તરત ઓળખી કાઢે છે. એવી તેમનામાં બુદ્ધિ છે. તેમણે અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે. તેથી અમે તેમને માનીએ છીએ.

એટલી ચર્ચા થઈ પછી શ્રીહરિ જમવા ઉઠ્યા. અન્નકૂટની પેઠે મોટો થાળ ભરેલો જોઈ બોલ્યા, રસોઈ કરનાર તો તમે બે બ્રહ્મચારી જ હતા તો આટલું બધું બનાવ્યું શી રીતે ? બ્રહ્મચારીએ કહ્યું, અહીંના ભક્તોની ઈચ્છા હતી કે તમને જમાડવાનો આવો લાભ પછી ક્યારે મળે ? એટલે જેટલી બની તેટલી વાનગીઓ બનાવી છે. શિવરામભાઈ આદિક બ્રાહ્મણોએ અમારી દેખરેખ નીચે રસોઈ બનાવી છે. શ્રીહરિ વાત સાંભળતા સાંભળતા જમ્યા. પ્રસાદીનો થાળ તાવીના દરબાર અખાભાઈને આપ્યો. પછી સંતો, પાર્ષદો તથા બીજા દરબારો પણ જમ્યા. એવામાં વરસાદ વરસવા લાગ્યો. તેથી શ્રીહરિએ કહ્યું, હવે અમદાવાદ નહિ જવાય. થોડા દિવસ મેથાણ રહીને સોરઠ તરફ જઈશું. બે ઘડી આરામ કરી જવાની વાત કરી. શિવરામ ભટ્ટે બે દિવસ વધુ રહેવા વિનંતી કરી. પણ મહારાજે ના પાડી. તેથી દિલગીર થઈ ગયા. શ્રીહરિ કહે દિલગીર ન થશો. અમે તમારા પર રાજી છીએ. પછી તેમણે શ્રીહરિની પૂજા કરી. બીજા ભક્તોએ પણ પૂજા કરી. ભીમજી વોરાએ પોતાના ઘેર શ્રીજી મહારાજની પધરામણી કરી. મોતી શેઠે પણ પૂજા કરી પોતાનું ધન દોલત જે હતું તે શ્રીજી મહારાજને અર્પણ કર્યું.

ભક્તોના કલ્પતરુરૂપ શ્રીહરિને વળાવવા માટે બધા હરિભક્તો તેમજ ગામના લોકો દૂર સુધી ગયા. ત્યારે શ્રીહરિએ કહ્યું, તમે ઘણે દૂર સુધી આવી ગયા છો હવે પાછા વળો, પછી સર્વ જનો મહા પ્રભુને યાદ કરતા કરતા પાછા વળ્યા.

પાછળથી શિવરામ ભટ્ટ અને મોતીરામ શેઠ બંને જીવ્યા ત્યાં સુધી શ્રીજી મહારાજની સેવામાં રહ્યા હતા.

ભગવાનની ભક્તિનો મહિમા

- સ્વામી ઘનશ્યામદાસજી ગુરુ શા.સ્વા. કેશવચરણદાસજી (લોસએંજલસ)

ભગવાનની ભક્તિનો મહિમા અપરંપાર છે. સર્વ અવતારના અવતારી સર્વકારના કારણ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે ભક્તિનો ખૂબ જ મહિમા ગાયો છે. શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે લખ્યું છે ભગવાનની ભક્તિ જેવું બીજું કલ્યાણકારી સાધન કાંઈ જ નથી. ભક્તિ અને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તો પણ અધોગતિ પામે છે. વચનામૃતમાં શ્રીજી મહારાજે ભક્તિનું માહાત્મ્ય કહ્યું છે.

ગ.પ્ર. ૧ ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત ગરૂડ ઉપર રથ ઉપર કે વિમાન ઉપર બેસીને ભગવાનના ધામમાં જાય છે.

ગ.પ્ર. ૪૦ श्रवणं कीर्तन विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वंदन दास्यं सख्यमात्मनिवेदनम् ॥
એવી રીતે નવ પ્રકારે કરીને ભગવાનને ભજવા તેને ભક્તિ કહીએ.

ગ.પ્ર. ૪૨ ગમે તેવો પાપી જીવ હોય ને તે જો સત્યસ્વરૂપ એવા જે ભગવાન તેનો પ્રસંગ કરે તો પરમપવિત્ર થઈને અભયપદ ને પામે.

ગ.પ્ર. ૬૧ ભગવાન પોતે ભક્તવત્સલ છે અને કૃપાસિંધુ છે. તે જેની પોતાના વિષે અતિ દૃઢ ભક્તિ દેખે તેને પોતે આધીન થઈ જાય છે.

લો. ૪ ભગવાનના ભક્તને તો સદા અતિ પ્રસન્ન રહેવું અને પ્રસન્ન મને ભગવાનનું ભજન કરવું.

ગ.મ. ૨૭ પોતપોતાના ધર્મમાં રહીને ભગવાનની ભક્તિ ઉપાસના કરવી એ અમારો સિદ્ધાંત છે.

વ. ૧૬ જે ભગવાનને સુખે સુખિયો થયો હોય તેને તો બ્રહ્માંડને વિષે જે વિષયનું સુખ છે તે નરક તુલ્ય ભાસે છે.

જે. ૩ આ દેહે કરીને ભગવાનનું ગમતું કરવું એથી બીજી વાત કોઈ મોટી નથી. ને એ જ ભક્તિ છે ને એણે કરીને જ ભગવાનને પમાય છે.

ગ.અં. ૧૧ ભગવાનની માહાત્મયે સહિત જે નવધા ભક્તિ તેણે કરીને મન જીતાય.

ગ.અં. ૩૯ ભગવાનની ચરણ કમળની રજને બ્રહ્મા, શિવ,લક્ષ્મીજી, રાધાજી, નારદ, શુક, સનકાદિક, નવયોગેશ્વર એવા એવા મોટા છે તે પણ પોતાના મસ્તક ઉપર ચઢાવે છે ને નિરંતર ભક્તિ કર્યા કરે છે.

ઘનશ્યામ મહારાજે ભક્તિમાતાને હરિગીતામાં ભક્તિનો મહિમા કહ્યો છે. ભગવાનની ભક્તિ નવ પ્રકારની છે.

(૧) શ્રવણ ભક્તિ : ભગવાનનાં લીલા ચરિત્રો સાંભળવા, ભગવાનના સંતો અને ભક્તોની કથા સાંભળવી.

(૨) કીર્તન ભક્તિ : ભગવાનના ગુણ ગાવા, કથા કરવી, કીર્તનો ગાવવા સત્શાસ્ત્રોનો પાઠ કરવો. સ્તુતિ કરવી. પ્રાર્થના કરવી-ધૂન કરવી.

(૩) સ્મરણ ભક્તિ : ભગવાનનું સ્મરણ કરવું. મંત્રનો જપ કરવો.

(૪) પાદસેવન ભક્તિ : ભગવાનના ચરણકમળની સેવા કરવી.

(૫) અર્ચન ભક્તિ : ષોડશોપચારે ભગવાનનું પૂજન કરવું. માનસીપૂજા કરવી. ભગવાનને વસ્ત્રો અલંકારો ધારણ કરાવવા. ભગવાનને થાળ ધરાવવા, મહાપૂજા કરવી. આરતી કરવી, મંદિરો કરાવવાં, ઉત્સવો કરાવવા, સદ્ગ્રંથોનું પુરશ્ચરણ કરવું, વિષ્ણુયાગ કરાવવા. ભગવાન માટે બગીચા કરાવવા.

(૬) વંદન ભક્તિ : ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા. ભગવાનના ચરણ કમળની રજને મસ્તકે ધારણ કરવી

(૭) દાસ્ય ભક્તિ : ભગવાન માટે પુષ્પ, તુલસીપત્ર લાવવાં, ચંદન ઘસવું મંદિર વાળવું, લીપવું પોતું કરવું. ભગવાન માટે થાળ બનાવવા ભગવાનના સંતો, ભક્તોની સેવા કરવી.

(૮) સખ્ય ભક્તિ : ભગવાન સાથે સખાભાવ રાખવો. દૃઢ વિશ્વાસ રાખવો દેહ, દ્રવ્ય, પુત્ર વગેરે કરતાં વધારે પ્રેમ ભગવાનમાં કરવો. ભગવાનનાં ચરિત્રોમાં દોષબુદ્ધિ ન કરવી.

(૯) આત્મનિવેદન ભક્તિ : ભગવાન સંબંધી ક્રિયાઓ કરવી. નેત્રથી ભગવાનનાં દર્શન કરવા, કાનથી ભગવાનની કથા સાંભળવી. ત્વચાથી ભગવાન ને ભગવાનનાં સંતોના ચરણસ્પર્શ કરવા. જીભથી ભગવાનના ગુણ ગાવા અને ભગવાનનો પ્રસાદ

ગ્રહણ કરવો. નાસિકાથી ભગવાનને અર્પણ કરેલાં પુષ્પની સુગંધ લેવી. હાથથી ભગવાનની સેવા કરવી, મસ્તકથી ભગવાનને વંદન કરવું, પગથી પ્રદક્ષિણા કરવી, યાત્રા કરવી મનથી ભગવાન સંબંધી સંકલ્પ, બુદ્ધિથી ભગવાનનો નિશ્ચય, ચિત્તથી ભગવાનનું ચિંતવન, અહંકારથી હું ભગવાનનો દાસ છું. એવું અભિમાન કરવું. ભગવાનને અર્પણ કર્યા સિવાય કંઈ ખાવું નહીં પીવું નહી. ભગવાનના ભજનમાં અંતરાય કરે એવા સ્વભાવ અને સ્વજનોનો ત્યાગ કરવો. ખેતી, વેપાર, ધંધો આ બધું પણ ભગવાનની સેવા માટે કરવું. ચંદન, પુષ્પો, વસ્ત્ર, અલંકાર આ બધું ભગવાનની પ્રસાદીભૂત કરીને ધારણ કરવું. તપ, યજ્ઞ, પૂજન, વ્રત, દાન, સેવા આ બધું કેવળ ભગવાનની પ્રસન્નતા માટે કરવું.

ભક્ત બે પ્રકારના છે (૧) સકામ ભક્ત (૨) નિષ્કામ ભક્ત. નિષ્કામ ભક્ત ચાર પ્રકારની મુક્તિ અને અષ્ટસિધ્ધિની પણ ઈચ્છા નથી રાખતા.

શ્રીરામચરિત્ર માનસમાં ભગવાન શ્રી રામચંદ્રજીએ શબરી માતાની નવ પ્રકારની ભક્તિ કહી છે (૧) સંતોનો સંગ (૨) કથામાં પ્રેમ (૩) ગુરૂની સેવા (૪) કપટ છોડી પ્રભુના ગુણગાન (૫) મંત્રજાપ (૬) અતિ પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ (૭) જગતને પ્રભુમય જોવું સંતોને અધિક માનવા (૮) પ્રભુ ઈચ્છાથી જે મળે તેમાં સંતોષ રાખવો, સ્વપ્નમાં પણ પારકાના દોષ ન જોવા (૯) સરળતા પ્રભુનો દૃઢ ભરોસો.

રામાયણમાં હનુમાનજી, ભરતજી, સીતાજી, શબરી, કેવટ, વિભીષણ, કૌશલ્યામાતા, દશરથજી, લક્ષ્મણજી વગેરે ભક્તોની કથાઓ વડે તથા શ્રીમદ્ ભાગવતમાં ગોપી, ઉદ્ધવજી, વિદુરજી, સુદામા, અક્રૂરજી, નારદજી, શુકદેવજી, કુંતાજી, ઉત્તરા, નંદ-યશોદા, ધ્રુવજી, પ્રહલાદજી, અંબરીષ રાજા, બલિરાજા, ભીષ્મ, અર્જુન, પરીક્ષિતરાજા વગેરે ભક્તોની કથાઓ વડે તથા સત્સંગિજીવન, સત્સંગિભૂષણ વગેરે શાસ્ત્રોમાં દાદાખાચર, પર્વતભાઈ, ઝીણાભાઈ વગેરે હરિભક્તો અને ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે સંતોની કથાઓ વડે ભક્તિનો મહિમા ગાયો છે. ભક્તોએ નિષ્કપટ ભક્તિથી અર્પણ કરેલ પત્ર, પુષ્પ, ફળ, જળ ભગવાન અંગીકાર કરે છે. નિર્મળ ભક્તિ વિના તો ભગવાન મોટા સોનાના ઢગલાઓને ભારે ભારે પકવાનોને પણ દૃષ્ટિથી જોતા નથી.

ભગવાનના સંતો દ્વારા ભગવાનનું માહાત્મ્ય સમજી ભગવાનની ભક્તિ કરી ભગવાનને રાજી કરવા.

અનુસંધાન ૧૦ નું.....

સમજણ એજ શાંતિ

શાશ્વત સુખ આપે છે.

આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સત્તશાસ્ત્રોનું વાચન-શ્રવણ કરવાથી જીવને શાંતિ સાથે કલ્યાણનો સરળમાર્ગ પણ મળે છે. એ સાંભળવામાં કે કહેવામાં હૃદયનો પુરેપુરો ભાવ અને શ્રધ્ધા હોવી એટલી જ જરૂરી છે. જેટલી દીકારને "મા" ની મમતા. પણ આજે માનવમાં માનવતા જ નથી.

એક કવિએ કહ્યું છે. સમજણથી માનવ-માનવની હૃદય વેદનાને જાણે તો દરેક માનવી ને માટે આ ધરતી સ્વર્ગ સમાન જ છે.

વૈજ્ઞાનિકો બધું જ રિસર્ચ કરે છે. આંખમાંથી આવતા આંસુમાં કેટલા ટકા ક્ષાર છે. એ કદાચ સાબીત કરી આપશે પરંતુ એ આંસુ સુખનું છે કે દુઃખનું, એ બાબતમાં વિજ્ઞાન નિષ્ફળ છે, કદાચ વિજ્ઞાન લોહીની તપાસ પછી ક્યા ગ્રુપનું છે તે સાબીત કરશે પણ એમાં કેટલા ટકા ખાનદાની છે. એ બાબતમાં વિજ્ઞાન નિષ્ફળ છે.

એ તો જગતમાં એકમાત્ર વ્યક્તિની સમજણ જ બતાવી શકશે. સમજણ એ તો એક નિર્મળ, સરિતા છે. જેમાં ભેદભાવ નંથી, છૂત-અછૂત નથી. સદાય એક જ ભાવ.

સમજણ તો વાસુદેવ-દેવકીની હતી. જ્યારે કંસ પુત્રોને મારવા તૈયાર થયો ત્યારે વાસુદેવે વિચાર્યું જો કંસને વચન નહીં આપુ તો આ નિર્દય દેવકીને મારી નાખશે. આ હતી સમજણ !

આવીજ સમજણ ધ્રુવની માતાને અને પ્રહલાદની માતાને હતી. માટે એ ધન્ય થઈ ગયા. વ્યક્તિને ક્યાં ખબર છે કે,

"હર એક નદી મેં જાગ નહીં હોતા"
"હર એક ગોલા આગ નહીં હોતા"
"એ દુનિયા પર તરસને વાલે
હર કોઈ ઈન્સાન ખરાબ નહીં હોતા."

પણ આ પંક્તિને સમજવા માટે ઉચ્ચ સમજણની જરૂર છે. અને છેલ્લે શ્રીનરનારાયણ દેવના ચરણોમાં પ્રાર્થના પ્રત્યેક વ્યક્તિના જીવનમાં સમજણનું દીપક પ્રકાશીત કરે.

ધર્મ

- વિદ્યાર્થી સાધુ ગોપાલજીવનદાસ ગુરુ શા.પ્રાણજીવનદાસજી (શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, જેતલપુર)

આ જગતનો મનુષ્ય અનાદિ કાળથી નિરંતર સુખ શાંતિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે વિવિધ પ્રકરાના પ્રયાસો કરે છે. પણ તે એ નથી જોતો કે હું આખો દિવસ પાપમાં રચ્યો રહુ છું અને પુણ્યના ફળની આશા રાખું છું ! આજનો માનવ ધર્મ કરતા પણ ધનને વધારે પ્રતિષ્ઠા આપતો હોય છે.

આ જગતનો માણસ હાલતા-ચાલતા પાપ કરે છે. તો પછી શું તેને સુખ શાંતિ મળે ખરી ? સૌની ફરિયાદ છે કે મને સુખ મળતું નથી. જો સુખ જોઈતું હોય તો જીવનમાં ધર્મ અપનાવો. જ્યારે ધર્મ ઉપર ચર્ચા કરીએ છીએ તો આપણને પ્રશ્ન થાય ધર્મ એટલે શું ?

ધાર્યતે ઇતિ ધર્મ: ।

"જે ધારણ કરાય તે ધર્મ"

શિક્ષાપત્રીમાં ધર્મની વ્યાખ્યા આપતા ભગવાન સ્વામિનારાયણ કહે છે કે,

ધર્મો જ્ઞેય: સદાચાર: શ્રૃતિ સ્મૃત્યુ
પપાદિત: ।

શ્રૃતિમાં અને સ્મૃતિમાં જે કહ્યું છે. તેનું નામ ધર્મ. હવે શ્રૃતિ અને સ્મૃતિમાં શું કહ્યું છે. તો સદાચાર કહ્યો છે. હવે સદાચાર એટલે શું ? સારુ આચરણ તેનું નામ ધર્મ.

આ જગતનો માનવ ઘરની રખવાળી માટે કૂતરા પાળે, બિલાડા પાળે, પોપટ પાળે, પણ જો એને રોજ તાજું-તાજું દૂધ પીવું હોય તો તે ગાય પાળે. તેવી જ રીતે માનવ ને જો સુખ શાંતિ મોક્ષ જોઈતો હોય તો ધર્મ પાળવો પડે.

નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે,

ધર્મ છે અમને બહુ વ્હાલો
એમ કહે છે ધર્મનો લાલો
ધર્મવાળા સાથે અમારે હેત માટે
કહે વ્હાલો વારે - વારે.

જેમ બ્રેક વિનાની ગાડી વહેલી મોડી અથડાઈને વિનાશ પામે જ છે. તેમ ધર્મહિન લોકો દુ:ખી થાય જ છે.

શ્રીજીમહારાજે ગઢડા મધ્ય પ્રકરણનાં વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનની મૂર્તિનો આશ્રય કરતો હોય, ભગવાનના ચરિત્ર ગાતો હોય, સાંભળતો હોય, નામ સ્મરણ કરતો હોય પણ જો તે ધર્મ ન પાળતો હોય તો તેને ચાંડાળ જેવો જાણવો.

માટે સત્સંગિજીવનમાં કહ્યું છે કે,

ધર્મ એવ હતો હન્તિ, ધર્મો રક્ષતિ રક્ષિત: ।

માનવ જ્યારે ધર્મને હણે છે. ત્યારે ધર્મ રક્ષણ કરનારને હણે છે. માનવ જ્યારે ધર્મનું રક્ષણ કરે છે ત્યારે ધર્મ તેનું રક્ષણ કરે છે. માણસનો ઉદ્ધાર ધનથી નહીં પણ ધર્મથી જ થાય છે.

જેમ સુગંધ વગરનું પુષ્પ ન શોભે
પર્ણ વગરનું વૃક્ષ ન શોભે
નીર વગરનું સરોવર નકામું
મોલ વગરનું ખેતર નકામું.
તેમજ ધર્મ વગરનો માનવ નકામો.

સ્વામિનારાયણ ભગવાન કહે છે કે .

જે ધર્મ કેરુ શુભ હોય કાજ
કાલે કર્યાનું કરી લેવું આજ.
જે ધર્મનો ચિત્ત-વિચાર આવે.
ડાહ્યા જનો તે દૃઢતા કરાવે.

સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે આપણામાં ક્રિયાએ કરીને, પદાર્થોએ કરીને, ધન સંપત્તિએ કરીને મોટપ ન સમજવી. આપણે તો ધર્મે કરીને જ મોટપ સમજવી.

કોઈએ સરસ કહ્યું છે કે પાપ કરતા પાછો વળી જા, અને ધર્મ કરવા જા, માનવ મારગ બે છે. ફાવે એમનો જા. મહારાણાપ્રતાપ, છત્રપતિ શિવાજી મહારાજનું નામ હિંદુ જાતિનાધર્મના અભિમાનને લઈને જ અમર છે. ગુરુ ગોવિંદસિંહના પુત્રોએ ધર્મને ખાતર જ દિવાલમાં ચણાય જવાનું પ્રેમપૂર્વક સ્વીકારી લીધું. મીરાબાઈએ ધર્મને માટે જ ઝેરનો કટોરો પી લીધો. ઈસા માસીદ ધર્મને ખાતર જ શૂળી ઉપર ચડ્યા. ભગવાન બુધ્ધે પણ ધર્મને જાળવવા માટે જ પોતાનું શરીર સુકવી નાખ્યું. યુધિષ્ઠિર મહારાજે પણ ધર્મને જાળવવા માટે જ પોતાને સ્વર્ગમાં જવાનું મળ્યું હોવા છતાં પણ કુતરાને લીધા સિવાય એકલા સુખ ભર્યા સ્વર્ગમાં જવાનું માંડી વાળ્યું. આજ કારણે બધા મહાપુરુષોના નામ અમર છે.

પરલોકમાં મદદ માટે માતા-પિતા, પુત્ર, સ્ત્રી અને સગા-સંબંધી નથી આવતા પણ ત્યાં તો કેવળ ધર્મ જ આવે છે. મૃત શરીરને તો ભાઈઓ તથા સ્વજનો એકત્ર થઈને કાષ્ટથી બાળીને ઘેર ચાલ્યા જાય છે.

કોઈ કવિએ સરસ કહ્યું છે.

મરનારની ચિત્તા ઉપર ચાહનાર કોઈ ચડતુ નથી,
કહે છે મરી જઈશ પાછળથી કોઈ મરતુ નથી,
દેહને બળતુ જોઈ આગમાં કોઈ બળતુ નથી,
અરે આગને તો શું રાખને પણ કોઈ અડતુ નથી.

આમ અંત સમયે તો એક માત્ર ધર્મ જ સાથે આવે છે.

●

અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના
દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂા. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.

સત્સંગ સૂરભિ :

મહારાજને જેવા જાણું છું તેવા કહીશ

– અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (કેનેડા)

ગામ ગાંફમાં વસ્તો રાવળ કરીને એક સારા સત્સંગી રહે. જે દિવસથી શ્રીજીમહારાજને જોયા, જાણ્યા અને માણ્યા તે દિ' થી મહારાજને સર્વે અવતારના અવતારી, સર્વે કારણના કારણ એવા "સર્વોપરિ" જાણે.

જો કે મહારાજ તો સૌને એમ જ કહે કે "મને તો નારદજી જેવો અને શુકજી જેવો જ કહેવો." આ જ તો મહારાજની મહાનતા હતી ને ! પોતે અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ હતા, છતાંય સૌ ભક્તજનોને સમાસ થાય એટલે જ સર્વોપરિપણું ઢાંકીને વર્તતા હતા.

એક વખત ગાંફના રાજા ભાગવતની કથા કરાવતા હતા. રાજા કથા કરાવે એટલે પછી આખાય ગામના ભાવિકો આવીને કથા સાંભળે. એમાં સત્સંગી પણ હતા અને પરોક્ષના પણ હતા.વસ્તો રાવળ પણ કથા સાંભળવા સૌની પહેલા આવી આગળ બેસી જતા. હાથમાં માળા અને મુખમાં સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ અખંડ મંત્ર જપે. આંખો ભગવાનની મૂર્તિ સમક્ષ. એમ કરતાં પોતાને છીંક આવે ત્યારે "સ્વામિનારાયણ" એમ મોટે થી બોલે. ક્યારેક બગાસું આવે ત્યારે પ્રભુ સ્વામિનારાયણનું જ નામ લે. દરબાર પણ નિયમિત કથા સાંભળવા આવે. વસ્તા રાવળની આ હરકત દરબારને કંઈક વિચિત્ર લાગે !

એક દિવસ સૌ સત્સંગીને બોલાવીને દરબારે કહ્યું, "વસ્તો રાવળ કથા ભાગવતની સાંભળે છે અને છીંક આવે કે બગાસું આવે છે ત્યારે સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ કહે છે. માટે તમે સૌ એને પૂછો કે રામચંદ્રજી થયા તેમણે સમુદ્ર ઉપર પાળ બાંધી અને રાવણ આદિક રાક્ષસને માર્યા અને શ્રીકૃષ્ણ ભગવાન થઈ ગયા તેમણે કંસાદિક રાક્ષસોને માર્યા અને શ્રી ગોવર્ધન પર્વત ટચલી આંગળીએ ઉપાડ્યો તેણે કરીને ભગવાન કહેવાય છે. પણ સ્વામિનારાયણે એવું શું ચરિત્ર કર્યું છે ? જે ભગવાન કહો છો ? વસ્તો રાવળ પણ એમાં હતા. દરબારનો પ્રશ્ન જાણી એ કહે : "બાપુ તમને ખબર નહીં હોય પરંતુ રામે તથા કૃષ્ણે જે જે ચરિત્ર કર્યા તે સ્વામિનારાયણ ભગવાને આજ્ઞા કરી એટલું જ કર્યું છે પણ તેથી વિશેષ કર્યું નથી. તમે તો રાજા છો. આ તમારા પ્રધાન કે સેનાપતિ-તમો જે આજ્ઞા કરો એટલુજ કરે કે તમારી ઉપરવટ જઈને પોતાની રીતે વર્તે ? એમ સ્વામિનારાયણ ભગવાન ચક્રવર્તી રાજાને સ્થાને છે."

ત્યારે મનુભા દરબાર બોલ્યા : "લ્યો જુઓ, રાવલજીએ તો સૌના કારણ સ્વામિનારાયણને કહ્યાં." પછી સર્વે હરિભક્તોએ પણ રાવળજીને કહ્યું, "મહારાજે પોતે ના પાડી છે છતાં તમે કેમ સર્વોપરિ કહો છો ?"

ત્યારે વસ્તો રાવળ કહે : **"હું તો મહારાજને જેવા જાણું છું તેવા કહીશ,"** ત્યારે બધા હરિભક્તો કહે : "તમે વિમુખ છો માટે મંદિરે આવશો નહિ." વસ્તો રાવળ કહે, : "મારે મંદિર આવ્યા વગર રહેવાશે નહિ. હું મહારાજની આજ્ઞા નહીં લોપું."

પછી થોડાક દિવસો થયા તે એક વારે શ્રીજી મહારાજ વડતાલ પધારતા હતા તે રસ્તામાં ગાંફને પાદર પધાર્યા. દરબાર સમેત સૌ ભક્તજનો મહારાજ પાસે જઈને પગે લાગ્યા પરંતુ વસ્તો રાવળ બધાથી છેટે જઈને પગે લાગ્યા.

મહારાજે આ જોયું. જે હરિભક્ત નિત્ય મારા અંતરે વસે છે એ આજે છેટો કેમ છે ?

મહારાજે રાવળને અતિ પ્રેમથી બોલાવ્યા : "રાવળજી દૂર કેમ ઉભા છો. ઓરા આવોને ?"

બધા હરિભક્તો કહે : "મહારાજ ! અમે એમને વિમુખ કર્યા છે."

"વર્તમાનમાંથી કાંઈક ચૂક્યા છો કે શું ?" મહારાજે સૌને પૂછ્યું.

ત્યારે હરિભક્તો કહે : "ના મહારાજ ! તેઓ વર્તમાન તો ખબડદાર રહીને પાળે છે." એમ કહીને ભાગવત કથા વખતે દરબાર સમક્ષ જે વાત થઈ તે સર્વે મહારાજને કહી સંભળાવી.

વાત સાંભળી સ્વામી તો અઢળક ઢળિયા ! માણકીએથી મહારાજ હેઠા ઉતર્યા. દોડીને વસ્તા રાવળને ભેટી પડ્યા ! આજે ભગવાન અને ભક્ત વચ્ચે દેહનું અંતર પણ ઓગળી ગયું ! દરબાર સહિત સર્વે લોકો મહારાજ

અને વસ્તા રાવળના અનોખા મિલનને નવાજી રહ્યા. મહારાજે અતિ સ્નેહથી રાવળજીનો વાંસો થાબડ્યો. પછી સર્વેજનો ઉપર અમી ભરી નજરો ફેલાવી અને બોલ્યા : "રાવળજી મને જેવા જાણે છે તેવા કહે છે, તેઓ એક જ અમને યથાર્થ - જેવા છીએ તેવા ઓળખે છે. ચંદ્ર ને જાણ્યા પછી એને તારાની તોલે તો ના જ મુકાય ને ? વાહ ! રાવળજી ધન્ય છે તમને અને તમારી સર્વોપરિ સમજ ને !"

મહારાજની સાથે સંતો અને બીજા કાઠી દરબારો પણ હતા. ગાંફની ભાગોળે આજે સૌએ મહારાજનું સર્વોપરિ સ્વરૂપ અનાયાસે જ જાણ્યું અને જેટલાં અવઢવ દશામાં હતા તેમણે આજે પરિશુદ્ધ એવા શ્રી સહજાનંદ સ્વામીને યથાર્થપણે ઓળખ્યા. આજે એમના અંતરનું સોનું સોળ વાલનું બનીને રહ્યું. થોડી ઘણી રૂપાની ભેગ હતી એ મહારાજના દર્શનથી અને વર્તનથી ઓગળી ગઈ.

ગાંફને પાદર આજે સહજાનંદી સૂરજ સર્વોપરિ કળાએ ખીલી ઉઠ્યો !

શ્રી હરિનું અવતાર ધર્યાનું પ્રયોજન

- પ્રો. સૂર્યકાંત ભટ્ટ (ભુજ)

આ પૃથ્વી પર જ્યારે જ્યારે ધર્મ કરતા અધર્મ, સત્ય કરતાં અસત્ય, પુણ્ય કરતાં પાપાચાર, દૂરાચાર વધવા પામ્યો છે ત્યારે ત્યારે ધર્મને રક્ષવા, પુણ્યશાળીઓને રક્ષવા દૂરાચારીઓ કે અસુરોનેં નાશ કરવા માટે, જીવાત્માઓનો મોક્ષ કરવા ભગવાન પ્રગટ્યા છે. ભગવાનની અવતારી તરીકે પણ મનુષ્યલીલાને ઓળખવી સમજવી ઘણી મુશ્કેલ હોય છે. પૂર્વના યોગભ્રષ્ટ કે અતિપુણ્યશાળી આત્માઓ પરમાત્માની મનુષ્ય લીલાને પામી જાય છે.

મોટા સંતો આજે પણ એમ સમજાવે છે કે કોઈ રાજા બધાને એમ કહેતો ફરે કે હું રાજા છું તો તેની કોઈ કિંમત રહે નહિ. લોકો તેને રાજા તરીકે માને પણ નહીં. તેને ઓળખાવનાર તેની હકુમતમાં રહેલાઓજ આપી શકે.તેમ ભગવાનને સત્તપુરુષો, સંતો જ ઓળખાવી શકે છે.

શ્રીજી મહારાજે એક સમયે સ્વયં પ્રશ્ન કર્યો કે ભગવાન જીવના કલ્યાણ અર્થે પૃથ્વી ઉપર અવતાર ધરે છે તે અવતાર ધર્યા વિના પોતાના ધામમાં રહ્યા થકા શું કલ્યાણ કરવાને સમર્થ નથી ? અને કલ્યાણ તો ભગવાન જેમ ધારે તેમ કરે ત્યારે અવતાર ધર્યાનું શું પ્રયોજન છે ? અને જો અવતાર ધરે ત્યારે જ ભગવાનમાં કલ્યાણ કરવાની સામર્થી હોય અને અવતાર ધર્યા વિના જીવનું કલ્યાણ ન કરી શકતા હોય તો ભગવાનને વિષે પણ એટલું જ અસમર્થપણું આવે. માટે ભગવાનતો અવતાર ધરીને પણ કલ્યાણ કરે અને અવતાર ન ધરે તો પણ જીવનું કલ્યાણ કરવા સમર્થ છે. માટે જ એવા જે ભગવાન તેમને અવતાર ધર્યાનું શું પ્રયોજન છે ? એ પ્રશ્ન છે.

અલબત્ત આવા ગહન પ્રશ્નો શ્રીજી મહારાજ આપણને સહજભાવે સમજણ આપવા માટે, આપણી સમજણને દૃઢ કરવા માટે ભગવાનમાં પ્રેમ, વિશ્વાસ સંપાદન થવા માટે વખતો વખત સભાઓમાં કરતા રહ્યાં છે.

સભામાં મોટા મોટા સંતો, મુનિવરો બિરાજમાન હતા. આવો વેધક પ્રશ્ન સાંભળીને તેઓ સૌ પ્રથમ તો દંગ થઈ ગયા. પોતાની બુધ્ધિ અનુસાર પ્રત્યુતર આપવા લાગ્યા જેથી કોઈને સંતોષ ન થયો. એટલે સર્વે હાથ જોડીને બોલવા લાગ્યા કે હે મહારાજ ! આ પ્રશ્નનો ઉત્તર કૃપા કરીને આપ કરો તો સારું."

સંતો અને મુનિઓની વિનંતીને માન આપી શ્રીજી મહારાજે ઉપદેશ્યું કે ભગવાનને અવતાર ધર્યાનું એજ પ્રયોજન છે જે, ભગવાનને વિશે પ્રીતિવાળા જે ભક્ત હોય તેની પ્રીતિને આધીન થઈ તે, ભક્તને સુખ દેવાને અર્થે જેવી ભક્તને ઈચ્છા હોય તેવા રૂપનું ધારણ કરે છે. પછી જેવા જેવા ભક્તના મનોરથ હોય તે પૂરા કરે છે. અને તે ભક્ત હોય તે સ્થૂલ ભાવે યુક્ત છે અને દેહધારી છે. માટે ભગવાંન પણ સ્થુલભાવ ધારણકરી દેહધારી જેવા થાય છે. અને તે પોંતાના ભક્તને લાડ લડાવે છે. અને પોતાની સામર્થી છુપાડીને ભક્ત સંગાથે પુત્રભાવે વર્તે છે, અથવા મિત્રભાવે કે સખાભાવે વર્તે છે. અથવા સગા સંબંધીને ભાવે વર્તે છે. તેણે કરીને ભક્તને ભગવાનની સંગાથે ઝાઝી મર્યાદા રહેતી નથી. પરંતુ જેવી રીતની ભક્તને ઈચ્છા હોય તેવી રીતે ભગવાન તેને લાડ લડાવે છે. માટે પોતાના પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા એજ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે. અને તે ભેળુ અસંખ્ય જીવોનું કલ્યાણ પણ કરે છે. ને ધર્મનું સ્થાપન પણ કરે છે. હવે એમાં આશંકા હોય તો બોલો." સર્વે મુનિએ હાથ જોડી કહ્યું હે મહારાજ હવે યથાર્થ ઉત્તર થયો.

આમ વિશેષ વિચારીએતો સર્વ અવતારના અવતારી શ્રીહરિ આપણા જીવાત્માના આત્યંતિક કલ્યાણ અર્થે જ આપણને સાર્વત્રિક સુખ દેવાને કાજે આ ભૂલોક પર સ્વયં પધાર્યા એ વાત વિચારતાજ રહીએ તો પણ જીવન ધન્ય બની જાય. આપણું આધ્યાત્મિક સુખ અવશ્ય વિસ્તરતું રહે.

સત્સંગ ભાવવાટિકા
સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

આદરેજમાં અન્નકૂટ કીધો ....

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

જય સ્વામિનારોણ મગનભાઈ ! જય સ્વામિનારોણ..... જય સ્વામિનારોણ મોહનભાઈ ! શું સે કોઈ મજામાં સોને ! હા, ઈમતો મજામા પણ ..... પણ હું બોલો ન તાણ.... તમારે હું ચિંત્યા સ બળ્યું જય જયકારજ સી ન. હા, ઈમ તો બધું હારૂં સ. પણ આ દિવાળીમો લોક ઘરે આઈ આઈને મીઠાઈ ખોઈ જાયસી ઈનો કોક ઉપાય બતાવો. ઓ હો હો મોહનભાઈ ! ઈમાં હું મુઝાઓ સો. ઈનો તો મસ્ત ઉપાય સી. હા... બોલો બોલો. તાણે તો તમે મારા ભગવોન. ના ના .... ભગવોન તો મારો ઈક સોમીનારોણ. પણ હોંભળ્યું સે કે આ દિવાળી સોમીનારોણ ભગવોન આદરેજ પધારવાના સી. એટલે મેં તો નક્કી કર્યું સે કે આ દિવાળીમાં આદરેજ જવું સે. એ..... બળ્યું ભગવોનનાં દર્શન થોય, ઉત્સવ થોય અને હગોવાલોની ચિંત્યા નહીં. હા... હોઈ ઉપાય તમે બહું હારો કીધો મગનભાઈ ! આપણે તો પાહું હાવ ઢુંકડું જ સી. તાણે હું પણ તમારા ભેગો હાલીશ. આમ બંને મિત્રોએ ભેગા મળીને આદરેજ દિવાળી ઉત્સવ કરવા જવાનું નક્કી કર્યું.

સ્વામિનારાયણ ભગવાન ઉત્તર ગુજરાતના ગામોમાં વિચરણ કરતા કરતા આદરેજ પધાર્યા છે. એ વખતે ગામમાં પાટીદારોની વસ્તી નહીં. ખાંટ જ્ઞાતિના દરબારો ત્યાં રહે. એમાં રતુજી ખાંટ મહારાજના અનન્ય ભક્ત. મહારાજ એમને ઘેર પધાર્યા. ઉતારો કર્યો. આજુબાજુના ગામોમાં સમાચાર મળ્યા. સ્વામિનારાયણ ભગવાન દિવાળી અને અન્નકૂટ ઉત્સવ આદરેજમાં કરવાના છે. એટલે પછી સંતો-હરિભક્તો ચારેબાજુથી આદરેજ આવવા લાગ્યા. રતુજી ખાંટના ઘરની આગળ ચોકમાં દરરોજ સભા થાય. પ્રભુ ઉપદેશ આપે.

એક દિવસ સમાચાર આવ્યા કે મુક્તાનંદ સ્વામી વડોદરા વિદ્વાનોની સભા જીતીને આદરેજ આવી રહ્યા છે. એટલે મહારાજ સંતો-હરિભક્તો સાથે સામા ગયા. અને સ્વામીને ભેટ્યા. આજે પ્રભુ એટલા બધા રાજી થયા છે કે આ આદરેજ ને એક ઐતિહાસિક ગામ બનાવી દીધું. મહારાજે મુક્તાનંદ સ્વામીને ઉંચા ગાડાં ઉપર બેસાર્યા. પછી એમની સાથે નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા શામળીયા ચૈતન્યાનંદ સ્વામીને બેસાર્યા, ચાંદલા કર્યા, હાર પહેરાવ્યા અને સભામાં કહ્યું કે આજથી આ ચારે સંતોને સદ્‌ગુરુ બનાવીએ છીએ. સહુ ભક્તોએ એમની પૂજા કરવી આજ્ઞા પાળવી. આમ આ ચારે મોટા સંતોને સદ્‌ગુરુ પદ આદરેજ ગામમાં આપ્યું. એવા ભાગ્યશાળી આ આદરેજ ગામમાં પ્રભુ ઘણા દિવસો સુધી રોકાયા છે.

દિવાળીનો દિવસ નજીક આવ્યો. સંતો બધા જ અન્નકૂટ ઉત્સવની તૈયારીમાં લાગી ગયા છે. ભાતભાતની વાનગીઓ બનાવવા લાગ્યા છે. ત્યાં દરબાર રતુજીએ આવીને મહારાજની આજ્ઞા માગી. મહારાજ ! અમારે અહીં દિવાળીને દિવસ દિવાની રમત રમાય છે. આપની આજ્ઞા હોય તો રમીએ. મહારાજે પૂછયું દરબાર ! કહો તો ખરા રમત કેવી છે ? પ્રભુ ! સાંજે અંધારામાં માટીના લોટીયા ઉપર એક કોડીયું મુકવાનું એમાં સળગતી વાટ મુકવાની પછી એ પાત્રને તળાવના પાણીમાં તરતુ મુકવાનું, પછી વારાફરતી દરબારો બંદુકથી નિશાન લે. એ એવી રીતે લેવાનું કે પાત્ર તુટે નહીં. ફક્ત સળગતી વાટ જ ઉડવી જોઈએ. જે આ કરી શકે તે સાચો નિશાનબાજ. અને પછી ગામ લોકો તેનું સન્માન કરે. પ્રભુ કહે છે દરબાર ! આ તો બહુ સારી રમત છે રમો.

પરવાનગી મળી એટલે બધી તૈયારીઓ થઈ ગઈ. મહારાજ, સંતો-પાર્ષદો તળાવની પાળે બિરાજ્યા. ગામ આખું જોવા ભેગું થયું છે. માટીના પાત્ર પર દિવા ગોઠવીને પાણીમાં તરતા મુકાયા. પછી બધા વારાફરતી બંધુક લઈને ગોળીઓ ફોડે. પણ નિશાન લેવાય નહિ. એટલે મહારાજ કહે છે દરબાર ! આમ કેમ થાય છે ? પ્રભુ ! એ તો કાયમ એવું જ થાય છે. માંડ પચાસમાંથી એકાદ નિશાન લઈ શકે.

મહા પ્રભુ હસતાં હસતાં કહેવા લાગ્યા. દરબાર ! અમારી પાસે એક જ ધડાકે નિશાન લે એવા નિશાનબાજ છે. તમે કહેતા હો તો બતાવીએ. દરબાર તો માનવા તૈયાર નહોતા. એવા નિશાનબાજ વળી ભગવાન સાથે કોણ ફરે ! ભગવાને ભગુજીને આજ્ઞા કરી. ભગુજીએ હાથમાં બંદુક લીધી અને ભગવાનનું નામ લઈ જ્યાં ગોળી છોડી તો એક જ ધડાકે વાટ ઉડી ગઈ ! સ્વામિનારાયણ ભગવાનનો જય જયકાર થવા લાગ્યો. દરબારોને એમ હતું કે અમારા ખાંટ પરિવારો જ નિશાનબાજ હોય છે પણ એમનાથી આગળ વધે તેવા સ્વામિનારાયણ ભગવાનની સાથે છે.

પછી બીજે દિવસે અન્નકૂટનો મોટો ઉત્સવ થયો. વિવિધ વાનગીઓ ભગવાનને ધરાવી. પ્રભુએ સ્વયં આરતી ઉતારી. હજારો ભક્તોની ભીડ જામી છે. એ સહુને મહારાજે જમાડ્યા છે. નિષ્કુળાનંદ સ્વામી ભક્ત ચિંતામણીમાં આ ઉત્સવની નોંધ કરતા કહે છે કે -

"આદરેજમાં અન્નકૂટ કીધો,
કરજીસણે જને લ્હાવો લીધો."

જેણે જેણે આ અન્નકૂટના દર્શન કર્યા તેની

દિવાળી તો સુધરી ગઈ. જીંદગી પણ સુધરી ગઈ. ભગવાનની પાસે દિવાળી ઉજવવા મળે એથી બીજા મોટા ભાગ્ય ક્યાં?

મિત્રો ! જીંદગીમાં જો આપણે આટલું શીખશું કે જીવનમાં રાગ, દ્વેષ, ઈર્ષ્યા, કુસંપ, વેર-ઝેર વગેરેને એક જ ધડાકે નિશાન લઈને ઉડાડી દેતા શીખીશું અને સાથે સાથે ભજન, ભક્તિ, સેવા, સત્સંગ, સંપ, સદ્‌ભાવ વગેરે સદ્‌ગુણોને જીવનમાં ઉતારીશું તો સાચી રીતે દિવાળી ઉજવી ગણાશે. અને ભગવાન આપણા ઘરે દિવાળી અને અન્નકૂટ ઉત્સવ ઉજવવા આવશે.

મજા પડી ને!....દિવાળી અને અન્નકૂટ ઉત્સવ ઉજવવાની ? તો ફરી આવતા વર્ષે મળીશું. બાલવાટિકાના વાચક મિત્રોને નૂતનવર્ષાભિનંદન સહ જય સ્વામિનારાયણ.

●

સત્સંગનો મહિમા

– સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સરસ્વતી નદીના કિનારા પર ભદ્રાવતી નામની નગરીમાં ધૈર્યશાલી, સત્યનિષ્ઠ ધુતીમાન નામનો સોમવંશી રાજા રાજ્ય કરતો હતો. પ્રજાનું પુત્રની પેઠે પાલન કરતા. પ્રજાનું દુઃખ પોતાનું દુઃખ સમજી દૂર કરતા. પ્રજાનું રક્ષણ કરતા દુર્જનોને શિક્ષા પણ કરતા. તેમના રાજ્યમાં અનીતિ આચરનારને ખૂબ મોટી સજા કરતા. પણ એ સમય હોય કે આજનો સમય હોય અનીતિ કરનારા, ભ્રષ્ટાચાર કરનારા, ચોરી લૂંટફાટ અને અતિ અધમ કાર્ય કરનારા, નાસ્તિકો, મહાપાપીઓ પણ પાર વગરના હોય છે. તેને ગમે તેવા સારા રાજા હોય આકરી શિક્ષા કરતા હોય પણ તેમ છતાંય આવા પાપી માણસો પાપ કાર્ય ચાલુ જ રાખે છે.

આ રાજાના એ શહેરમાં દાનેશ્વરી, પ્રભુભક્ત, ધનવાન, સત્કર્મ કરનારા ધનપાલ નામે એક શેઠ રહેતા હતા. ધનપાલ શેઠની શહેરમાં ખૂબ સારી કીર્તિ હતી. તેને ભૂદેવો પણ ભક્તરાજની ઉપમા આપી સંબોધતા હતા. આ ધનપાલને પાંચ પુત્રો હતા. શેઠ પુત્રોને લાડેકોડે ઉછેરતા. સારા સંસ્કાર આપતા. ધીમે ધીમે આ ધનપાલ શેઠના પુત્રો મોટા થયા. આ શેઠના એક પુત્રનું નામ ધૃષ્ટબુદ્ધિ હતું. તે ધીમે ધીમે કુસંગની સોબતે ચડી ગયો. તેને પિતાના સંસ્કારની અસર ન રહી. પાપ કરવા લાગ્યો. કુકર્મો કરવા લાગ્યો અને સાવ નાસ્તિક બની ગયો. ઘરમાં બધાની સાથે ઉદ્ધત વર્તન કરવા લાગ્યો. પિતા ધનપાલ આ બધું ઈશ્વર ઈચ્છાએ સારૂ થઈ જશે એમ વિચારી પોતે ધીરજ રાખતા. તેને ભલામણ કરતા અને ઘરમાં બધાને સમજાવતા કે સમય તેને સુધારશે. પણ ધનપાલને એ ખબર નહોતી કે પોતાનો પુત્ર ભ્રષ્ટાચારી અને નાસ્તિક થઈ ગયો છે.

એક દિવસ ધૃષ્ટ બુદ્ધિને ખરાબ કર્મો કરતો વ્યભિચારીણી સ્ત્રી સાથે ફરતા રખડતા નજરે જોયો. તેથી પિતા ધનપાલના પેટમાં ફાળ પડી આ શું? મારો દીકરો થઈને આવા ખરાબ ધંધા કરે છે. અતિશય દુઃખ થયું. મારો દીકરો મારા સંસ્કાર જીવનમાં ઉતારી ન શક્યો તો કંઈ નહિ પણ ખરાબ રસ્તે શા માટે ચઢી ગયો? તેને પોતાના પુત્રને ઘણું સમજાવ્યો પણ સમજ્યો નહિ તેથી ઘરમાંથી કાઢી મૂક્યો. તેમ છતાં એણે પોતાના ખરાબ કામ છોડ્યા નહિ. ધૃષ્ટબુદ્ધિ પાસે ધન ખૂટી પડ્યું. એટલે તેના મિત્રોએ પણ ત્યાગ કરી દીધો. હવે ધૃષ્ટબુદ્ધિ આમ તેમ ભટકવા લાગ્યો. શહેરમાં ચોરી કરવા લાગ્યો અને ઉપદ્રવ કરવા લાગ્યો. તેથી ધુતીમાન રાજાના સૈનિકોએ આ ધૃષ્ટબુદ્ધિને કેદ કર્યો અને અતિશય શિક્ષા કરી. અને ત્યાર બાદ તેને દેશનિકાલ કરી દીધો. રાજ્યના દરવાજા તેને માટે બંધ થઈ ગયા. જો તે રાજ્યની આજુબાજુ દેખાય તો તરત રાજના સૈનિકો તેને ખૂબ માર મારતા. પછી તો માર ની બીકે તે ભયંકર વનમાં ચાલ્યો ગયો. હવે ભયંકર જંગલમાં તેને ખાવા-પીવાનું કંઈ મળતું નહિ. તેથી તે હિંસા કરવા લાગ્યો. માસ ભક્ષણ કરવા લાગ્યો. હિંસા કરીને ગુજરાન ચલાવતો. આમ નિર્દોષ પ્રાણીઓને મારવાથી તે વધુને વધુ પાપમાં ડૂબતો ગયો.

એક દિવસ ધૃષ્ટબુદ્ધિ ફરતો ફરતો ગંગા કિનારે કૌડિન્ય ઋષિના આશ્રમમાં જઈ ચડ્યો. ત્યાં કૌડિન્ય ઋષિ એ સમયે ગંગામાં સ્નાન કરી રહ્યા હતા. ધૃષ્ટ બુદ્ધિને ઋષિના દર્શનથી પોતાનું ચિત્ત ઋષિ તરફ આકર્ષાયુ. અંતરમાં શાંતિ થવા લાગી. તેથી તે ઋષિની પાસે જાય છે. જ્યાં નજીક આવે છે ત્યાં તો આ કૌડિન્ય ઋષિ પોતાનું વસ્ત્ર ધોતા હતા તે ભીના વસ્ત્રના છાંટા તેની પર પડ્યા. છાંટા પડવાથી તેને સદ્‌બુદ્ધિ આવી. અંતરની મલિનતા ગુંગળાવા લાગી ! પાપ પીડાવા લાગ્યા ! હૈયું પશ્ચતાપ કરવા લાગ્યું ! આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી ! મહાત્મા કૌડિન્ય ઋષિના પગમાં પડી ગયો. હે મહાત્માજી ! હે ઋષિરાજ ! મેં ખૂબ પાપ કર્યા છે. મને પાપથી મુક્ત કરો. કુસંગથી મારું અહિત થયું છે. મારાથી ખૂબ જ અનિષ્ટ કાર્યો થયા છે. હે મહાત્માજી ! મને હવે પાપથી મુક્તિ મળે એવી દયા કરો. મહાત્માએ આ જીવ પર દયા કરી. તેને યથાયોગ્ય પ્રાયશ્ચિત બતાવ્યું. વ્રત તપની આજ્ઞા કરી અને તેને સન્માર્ગે વાળ્યો. ધૃષ્ટ બુદ્ધિ એ તેજ પ્રમાણે વર્તીને શ્રદ્ધાથી ઋષિની આજ્ઞા માની તે પાપથી મુક્ત થયો અને સુખી થયો.

મિત્રો ! પુરાણની આ વાત ઘણું શીખવે છે. ગમે તેવો મલિન જીવ હોય, તેણે ગમે તેવા કર્મ કર્યા હોય પણ જો ભગવાનને કે સંતને શરણે જાય તો કરેલાં કર્મોનો પશ્ચાતાપ થાય અને તેનું પ્રાયશ્ચિત કરે તો તે પવિત્ર બની જાય છે.

જોબન પગીએ કેવાં ભયંકર કર્મો કર્યા હતા. પણ તે જો સ્વામિનારાયણ ભગવાનને શરણે ગયા તો બધા પાપ બળી ગયા ને વંદનીય ભક્ત બની ગયો. વાલીયા લુંટારાના અનંત પાપ કર્મ હતાં છતાં જો નારદજીને શરણે ગયો તો વાલ્મીકિ ઋષિ બની ગયા. આ સત્સંગનો મહિમા છે. એટલે જ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં લખ્યું કે નિત્ય પ્રત્યે સંત સમાગમ કરવો.

।। ભક્તિસુધા ।।

મૂળીના જાલબાઈ

– કંચનબેન બાબુભાઈ પટેલ
(રતનપર, મૂળીદેશ)

મૂળીમાં ગરાસીયા કુટુંબમાં જાલબાઈ નામે એક ભક્ત બાઈ હતી. પોતે વિધવા હતા. અખંડ મહારાજનું ભજન કરતાં. એકવાર મનમાં ખેદ થયો કે કેટકેટલો સમય ગયો પણ મહારાજના દર્શન નથી થયા. પછી મહારાજને ઘણી પ્રાર્થના કરી અને ખૂબ રડ્યા.

પોતાના ભક્તની પ્રાર્થના સાંભળી એટલે મહારાજે દિવ્યરૂપે દર્શન આપ્યા. અને કહ્યું કે જાલબાઈ અમને ખૂબ ઠંડી ચડી છે. માટે તપાડો. પછી તો મોટા મોટા ભડકા કરીને મહારાજને તપાડ્યા. ઘરમાં બે ત્રણ ખાટલા હતા તે ભાંગીને બાળી નાખ્યા. છતાં મહારાજે કહ્યું કે હજુ ઠંડી ઉતરી નથી. એટલે કુહાડો લઈને પટારો કાપવા માંડ્યા. ત્યારે મહારાજ કહે બસ, હવે ઠંડી જતી રહી છે. પટારો ના તોડશો.

પછી થાળ કરવા માંડ્યો ત્યારે મહારાજ કહે અમારે ઉતાવળ છે. ગામની બહાર પાર્ષદો ઉભા છે. માટે થાળ ન કરશો. પછી દૂધ આપ્યું. તે પીને મહારાજ કહે જાલબાઈ, અમારે ડભાણમાં મોટો યજ્ઞ કરવો છે. તે તમારી પાસે જેટલું ધન હોય તે આપશો ?

જાલબાઈએ તુરંત પટારામાં એક હજાર રૂપીયા હતા તે કાઢી આપ્યા અને પોતાના બધા જ ઘરેણા હતા તે આપ્યા. મહારાજ કહે ઘરેણા રાખો, ના, ના મહારાજ જગતમાં આપના અર્થે જેટલું વપરાશે એટલું જ કામનું છે. પછી બધું પોટલું બાંધીને મહારાજ બહાર નીકળ્યા. જાલબાઈ દરવાજા સુધી વળાવવા ગયા. પગે લાગ્યા સ્તુતિ કરી અને આવી રીતે વારંવાર દર્શન આપવાની પ્રાર્થના કરી.

પછી થોડું ચાલીને મહારાજ પાછા વળીને કહે, જાલબાઈ આ ધન અને દાગીના તમે રાખો. જરૂર પડશે ત્યારે મંગાવી લઈશું, હમણાં જોખમ સાથે લેવું ઠીક નહિ. સારૂ મહારાજ, કહીને જેવું પોટલું હાથમાં લીધું કે મહારાજ અદ્રશ્ય થઈ ગયા !

આ તો ભક્તની કસોટી કરવી હતી. પણ જાલબાઈ જેવા ભક્ત ગમે તેવી કસણીમાંથી પાછા પડે તેવા ભક્ત ન હતા.

●

આ ગારો નહિ, ચંદન છે !

– તરલાબેન અતુલભાઈ પોથીવાલા

ગઢડામાં મહારાજે દિવાળી તથા અન્નકૂટ ઉત્સવ કર્યો. ધનતેરશથી તે અન્નકૂટ સુધી રોજ રાતે વહેલી સવારે વાસુદેવનારાયણના ઓરડા આગળ મહારાજ વિરાજતા. સંતો આસપાસ દીપમાળા પૂરતા, રંગોળી રચતા અને દિવાળીનાં પદો બનાવી ગાતા, દૂધ દોહાતું હોય ત્યાં જઈ મહારાજ ઉભા રહે, ઓછું રહ્યું હોય તો પોતે તાંબડી લઈ પુરુ દોહી લે ! સાંજે લક્ષ્મીવાડીમાં ઘોડી ખેલવતા.

દિવાળીના દિવસે સુંદર મજાનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો. મહારાજે સ્વયં અન્નનો કૂટ રચેલો. જ્યાં સહજાનંદ સ્વામી પોતે જ હોય તે અન્નનો પર્વત કેવો હોય ! હજારોની સંખ્યામાં હરિભક્તો ભેગા થયેલાં. મહારાજે પછી વાસુદેવનારાયણની આરતી ઉતારી. સાંજે જમવાની પંક્તિ થઈ મહારાજે આજ્ઞા કરી, "સૌ નાના નાના સંતો પીરસે અને મોટેરા સંતો પ્રથમ પંગતમાં જમવા બેસે."

આમ કહી, આગ્રહ કરી કરીને મહારાજ સૌને જલેબી પીરસે.

તે વખતે વડતાલ મંદિરનું બાંધકામ ચાલતું હતું. સંતો-હરિભક્તો ભેગા મળી આ કાર્ય કરતા. મહારાજ ખુરશી નંખાવી ત્યાં બેસતા.

સૌને પ્રેરણા, બળ અને માર્ગદર્શન આપતા. સૌની સેવા ભાવના જોઈ મહારાજ ખૂબ રાજી થયા. મહારાજે કહ્યું : "તમે સૌએ ખૂબ દાખડો કર્યો છે. માટે આવો મળીએ."

આથી ભક્તિપ્રિયાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! અમારું શરીર તો ગારાવાળું છે."

"એ ગારો નથી ચંદન છે. માટે આવો, જેનાં ગારાવાળાં અંગ હોય તેને મળીએ."

મહારાજ કામ કરનારા બધા સંતો અને હરિભક્તોને ભાવથી ભેટ્યા.

ગુણાતીતાનંદ સ્વામી દૂર ઊભા હતા. મહારાજે કહ્યું, "સ્વામી ! આવો, તમને મળીએ."

"મહારાજ ! મારું અંગ ગારાવાળુ નથી !" તેમની સરળ અને નિર્દોષ પ્રકૃતિ જોઈ, ગારાવાળું શરીર ના હોવા છતાં, મહારાજ તેમને ભાવથી મળ્યા. ગારાનો પ્રસાદ મહારાજે એમને પણ આપ્યો !

સત્સંગને કાજે પ્રવૃત્તિમાં રહેવું એ પણ ભક્તિનો એક પ્રકાર જ છે.

●

દીકરાના દાન

– હીનાબેન સંજયકુમાર ભોજાણી
(મોરબી)

ગામ પંચાળામાં આજે હરખની હેલી છે. સત્સંગનો સાગર હિલોળે ચડ્યો છે. કારણ મહારાજ સંતો સહિત પ્રેમીભક્ત

ઝીણાભાઈના દરબારમાં પધાર્યા છે. મહારાજે સરસ મજાનો રંગોત્સવ કરી અનેક હરિભક્તોને સુખીયા કર્યા છે. નિત્ય નવા થાળ થાય, સંતો હરિભક્તોની પંક્તિ થાય, મહારાજ પીરસે. આવી અદ્‌ભૂત લીલા કરી ભક્તોના મનોરથ પુરા કરે છે. દરરોજ સવાર-સાંજ કથા વાર્તા ધૂન-ઉત્સવ થાય. આજુબાજુના ગામડામાં મહારાજ સંતો સહિત પધરામણી કરે, નવા સત્સંગી થાય. આમ સત્સંગ પ્રવૃત્તિ કરતાં કરતાં મહારાજ બાજુના ગામ બાલા ગામે પધાર્યા. ગામમાં એક જ હરિભક્તનું ઘર. બીજાને કોઈને સત્સંગ નહીં. શ્રીજી મહારાજે ચોરે સભા કરી. સત્સંગ પ્રવૃતિ કરી. અંધશ્રધ્ધા વ્યસનમુક્તિ ધર્મ મર્યાદાની વાતોથી ભક્તજનોને રસતરબોળ કરી દીધા. ગામમાં જે એક સત્સંગીનું ઘર હતું તેમાં એક વૃદ્ધ માજી અને તેના બે દીકરા સાથે રહે. દીકરા ખેતરે ખેતી કરે. માજી ઘરકામ કરે. અનંત ધામના અધિપતિ એવા પુરુષોત્તમ નારાયણ આજે બાલા ગામની ધરતી ને પવિત્ર કરવા પોતાની ઈચ્છાથી ત્યાં પધાર્યા છે. ગામમાંથી કોઈએ માજીને ખબર દીધા કે "ડોસીમાં તમારા ભગવાન આવ્યા છે" ગામના ચોરે સભા કરી છે. માજી તો રાજી રાજી થઈ ગયા. મોટી ઉંમર, આંખે ઓછું દેખાય, છતાં લાકડીના ટેકે ટેકે માજી ચોરાના મંદિરે આવ્યા. ડાબા હાથમાં લાકડીને જમણા હાથની હથેળીથી કપાળે છાજલી કરી મહારાજને જુએ છે ! દર્શન કરે છે. આંખની તકલીફ હતી છતાં પણ ઝાંખી નજરે પણ મહારાજને જોયા ને ખૂબ બમણા વેગથી બધા સાંભળે તેમ ખડખડાટ હસવા લાગ્યા ! વળી ડાબા હાથની લાકડી સહેજ ઊંચી કરે મહારાજને જુએ ! મૂર્તિ અંતરમાં ઉતારે ને જોરથી બધા સાંભળે તેમ હસે. માજી ખૂબજ આનંદ મગ્ન થઈ ગયા. સભા તથા મહારાજની દૃષ્ટિ તે તરફ ગઈ. મહારાજે માજીને નજીક બોલાવ્યા ને કહ્યું માજી આજે આટલા બધા કેમ ખુશ છો ? ને ખૂબ ખડખડાટ હસો છો માજી કહે હું તો ગરીબ છું. પણ આપ આજે અનંત બ્રહ્માંડના અધિપતિ અમારા આમંત્રણ વગર સામે ચાલી બાલા ગામની ધરતી તથા અમને બધાને પાવન કર્યા. તમે અમારા ઉપર રાજી તો છોને ? મહારાજ કહે તમારા જેવા પ્રેમી ભક્ત રાજી હોય પછી અમારો રાજીપો કેમ ન હોય ? માટે તમે તો રાજી થયા છો ને ? માજી કહે અમે તો ઘણાં જ રાજી થયા છીએ. મહારાજ હું તો એવી રાજી થઈ છું કે આજે તમો માગો તમે માગશો તે હું આપીશ. (વહાલા ભક્તો) ભગવાન રાજી થાય તો માગવાનું કહે. પણ આ તો બાલા ગામના ગરીબ પરિવારના માજી ભગવાનને માગવાનું કહે છે. અરે ! સત્સંગમાં તો શું પણ આખા વિશ્વમાં આવો પ્રથમ બનાવ હશે કે એક પ્રેમી ભક્ત અનંત બ્રહ્માંડના અધિપતિને માંગવાનું કહે. આ સાંભળીને સભા સ્તબ્ધ થઈ ગઈ ! બધા કહે માજી શું બોલે છે તે તેને ખબર નથી. ભગવાન તો સર્વાધાર છે. તેને શું કમી હોય ! પણ મહારાજની ઈચ્છાથી બધું થાય તેમ મહારાજ પણ બોલ્યા. (ભક્તને રાજી કરવા) માજી માગું તે આપશો ? માજી કહે માગી જુઓ જરૂર આપીશ. મારું વચન છે. મહારાજ કહે માજી ! તમને જે વધારે પ્રિય-વહાલું હોય તે આપો. વચને બંધાયેલા માજી ઘેર ગયા. ફળિયામાં ગૌરી ગાય દુઝણી બાંધી હતી તે માજીને ખૂબ વહાલી હતી. મનમાં થયું ગાય આપી દઉં ! પણ મહારાજે કહ્યું છે કે જે અતિ પ્રિય હોય તે આપો. માજીએ પટારો ખોલી જોયું તો દાગીના રૂપીયા મરણ મુડી વહાલી હતી તે કાઢી પોટલું બાંધ્યું. ત્યાં ખેતરેથી માજીના આધાર જુવાનજોધ બેય દીકરા આવ્યા. માજી કહે આપણા ભગવાન આવ્યા છે. ચાલો નાહી પરવારી દર્શન કરવા ચાલો. ને મહારાજે મને કહ્યું છે તમને પ્રિય હોય વહાલું હોય તે માગ્યું છે. અચાનક માજીના હૃદયમાં ઝબકારો થયો ને એ વિજળીના ઝબકારે જેમ મોતી પરોવાઈ જાય તેમ બેય દીકરા વધુ વહાલા છે તે નક્કી કરી લીધું. ને દીકરાઓને વાત કરી. મહારાજે મારી પાસે માગ્યું છે માટે તમે બેય મને વહાલા છો. દીકરા પણ સહમત થયા. માજી બેયના કાંડા પકડી સભામાં આવી બેયના કાંડા મહારાજને સોંપીને કહે મને વહાલામાં વહાલા આ મારા બે દીકરા છે. તે હું તમને આપું છું. મારું વચન પાળવા તમે સ્વીકારી લ્યો. મહારાજે બેયને સ્વીકારી સંત દીક્ષા આપી પ્રસાદાનંદ તથા દહરાનંદ નામ પાડ્યા. ધન્ય છે બાલા ગામના માજીને ! ભક્તો પૂર્વના ઈતિહાસ તો છે જ. ગોપીચંદ, ધ્રુવ, પ્રહલાદને ભગવાન જવા તેઓની માતાઓએ જ મોકલેલ. ણ આજે આ સત્સંગમાં પોતાના ઘડપણની ભરણ પોષણની જવાબદારી જેની છે એવા પુત્રોને સત્સંગને સોંપી દીધા ! કારણ વિશ્વાસ છે મહારાજનો. જેણે ભરણ પોષણની જવાબદારી તો કંઠી બાંધી ત્યારથી જ લઈ લીધી છે. જો આપણે શ્રીજી મહારાજની લખેલ શિક્ષાપત્રી પ્રમણે વર્તીશું તો જીવનમાં કોઈ દુઃખ કે મુશ્કેલી પડવાની નથી. સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો આશરો દૃઢ પાળશો, ગાદીને વફાદાર રહેશો તો સુખને સુખજ છે.

●

ત્રણ લાખની ત્રણ વાત

- સાં.યો. મંજુબા-ભારતીબા ગુરુ ગોદાવરીબા (હવેલી-અમદાવાદ)

પુરાણા જમાનાની વાત છે. યમુના કિનાર આવેલા કોઈ એક રાજયમાં મધુસુદન નામનો રાજા રાજ્ય કરતો હતો. મધુસુદન પ્રભુવત્સલ ધાર્મિક તેમજ

દાનવીર રાજા હતો. તેના રાજ્યમાં દરેક પ્રકારની સુખ સંપત્તિ હતી. એક દિવસ વહેલી સવારમાં રસ્તા પર એક મહાત્મા ફરતા જોયા. એ મહાત્મા ઉંચા સ્વરથી ટહેલ કરવા લાગ્યા કે કોઈને ખરીદવી છે એક લાખની એક એવી ત્રણ લાખની ત્રણ વાતો ! પણ ત્રણ લાખની ત્રણ વાતો ખરીદવા કોણ તૈયાર થાય ? ધીમે ધીમે આ વાતની ખબર ત્યાંના રાજા મધુસુદન સુધી પહોંચી. આ સાંભળતાં જ રાજા તે મહાત્માનું સ્વાગત કરવા પોતાના અધિકારીઓ સહિત આવી પહોંચ્યો. રાજાએ મહાત્માને પૂછયું, મહારાજ તમોને શું જોઈએ ? મહાત્માએ કહ્યું રાજન હું જે માંગુ તે તમો આપી શકશો ? રાજાએ કહ્યું મહાત્મન આપ આજ્ઞા ફરમાવો મારાથી અપાય એવું હશે તો જરૂર આપીશ. ત્યારે મહાત્માએ રાજાને કહ્યું કે અમો ઘણા મહાત્માઓ મંડળમાં ફરતા ફરતા અહીં આવી પહોંચ્યા છીએ. હવે થોડા દિવસ આપના રાજ્યમાં રહેવા અમારા બધાનો વિચાર છે. તો આપશ્રીને અમારા બધાનો જમવાનો પ્રબંધ થઈ શકશે ? ત્યારે રાજાએ કહ્યું કે મારું અહો ભાગ્ય માનુ છું કે મારે આંગણે આપ જેવા મહાત્માઓ પધાર્યા છો. મહાત્માએ કહ્યું તમારે અમોને માત્ર ત્રણ દિવસ ભોજન આપવાનું રહેશે. તેના બદલામાં આપવા માટે અમારી પાસે દ્રવ્ય નથી પરંતુ જ્ઞાન ગોષ્ટિ છે. હું તમોને તેના બદલામાં જીવનભર ઉપયોગી એવી ત્રણ વાતો કહીશ. જેની કિંમત દરેક વાતની એક લાખ રૂપિયા જેટલી હશે. એટલે ત્રણ લાખ થશે. પરંતુ આપના ઉપકારના બદલામાં અમારે રૂપિયાની જરૂરીયાત નથી. માત્ર ત્રણ કિંમતી વાતો જ કહીશ. પછી રાજાએ મહાત્માઓને રહેવા અને જમવા માટે તમામ વ્યવસ્થા કરી દીધી. રાજા રોજ નવી નવી વાનગીની બધી સામગ્રી મોકલતો. આવી રીતે બરાબર ત્રણ દિવસ સુધી જુદી જુદી વાનગીઓ મહાત્માઓ આરોગ્યા પછી જવાની તૈયારી કરી. ત્યારે તે મહાત્માઓના મહંતે રાજાને મહેલે પધારીને ઉપદેશ આપ્યો અને કહેવા લાગ્યા કે તમારી આગતા સ્વાગતાથી અમો બહુ પ્રસન્ન થયા છીએ. જેથી હું આજે તેના બદલામાં નીચે મુજબ ત્રણ વાતો કહીશ. તે તમો સુવર્ણ અક્ષરે કોતરાવી સદા સ્મરણમાં રાખશો. આ વાતની જો કિંમત આંકવા જાઓ તો ત્રણ લાખથી પણ વધારે આંકી શકાય.

(૧) પરોઢે બ્રાહ્મ મુહૂર્તમાં સદા ઉઠવું.

(૨) આપને કોઈપણ જીવ પ્રાણી માત્ર મળવા આવે ત્યારે તમારાથી બને તે આગતા સ્વાગતા કરવી.

(૩) કોઈ પ્રસંગે તમોને કોઈ પણ પ્રકારે ક્રોધ આવે ત્યારે ધીરજ રાખવી પણ ઉતાવળથી કોઈ પગલું ભરશો નહીં.

આટલો ઉપદેશ આપીને મહાત્માઓ વિદાય થયા. રાજા પણ પોતાના મહેલમાં આવ્યા. એજ દિવસથી રાજાએ તો મહાત્માની ત્રણે વાતનું આચરણ કરવાનુ શરૂ કરી દીધું. એમ કરતા ઘણો વખત વ્યતિત થઈ ગયો. એક દિવસ રાજા વહેલા ઉઠીને યમુના કિનારે બ્રાહ્મ મુહૂર્તમાં ભ્રમણ કરવા ગયા. આકાશમાં હજુ તારા ચમકી રહેલા હતા. હજુ અંધકાર પણ દૂર થયેલો ન હતો. એવામાં એકાએક રાજાએ દૂરથી કોઈ સ્ત્રીનો રડવાનો કોમળ સૂર સાંભળ્યો. હિંમત કરી આગળ જઈ નજર કરી તો એક સુંદર સ્ત્રી રોતી નજરે પડી. રાજાએ તેની પાસે જઈને પૂછયું તમે કોણ છો ? અને આવી રીતે આવાં એકાંત સ્થાનમાં આવીને રોવાનું કારણ શું છે ? તે સ્ત્રીએ જવાબ આપતા કહ્યું, હું વિધાતા છું. રાજાએ કહ્યું તમો રડો છો કેમ ? ત્યારે વિધાતાએ કહ્યું કે મને રોવું એટલા માટે આવે છે કે કાલે આ દેશના ધાર્મિક પ્રજા પાલક રાજાનું મૃત્યુ થવાનું છે. કેવી રીતે થવાનું છે તે પણ હું તમોને કહું છું. તે પણ સાંભળો. જે, સામે દેખાય છે ને તે પર્વત પરથી એક મોટો કાળો સર્પ નીકળશે અને તે સર્પ કાલે સંધ્યા સમયે સૂર્યાસ્ત પહેલાં તે રાજાને કરડશે. જેથી તેનું મૃત્યું થવાથી તેની પ્રજા પણ બહુ આકુળ વ્યાકુળ બની જશે. અને કહેશે કે આવો રાજા ફરીથી આપણને મળવો મુશ્કેલ છે. મને પણ તેમના પ્રત્યે માનની લાગણી હોવાથી રૂદન આવે છે. જે લાગણીનાં આવેશમાં બંધ થઈ શકતું નથી અને આ વાતમાં જરા પણ મીનમેખ થઈ શકે તેમ નથી. આટલી વાત કરી ત્યાં પ્રકાશ પથરાવા લાગ્યો. રાજા તરત ઘોડેસ્વાર થઈને પોતાના રાજ્યમાં આવ્યો. રાજા ડાહ્યો અને વિદ્વાન હતો. તે જ દિવસે તેણે પોતાનો દરબાર ભર્યો અને બ્રાહ્મ મુહૂર્તમાં બનેલ બનાવની બધી હકીકત પોતાના દરબારીઓ આગળ કરી. આ સાંભળીને કોઈએ તેને ભ્રમ કહ્યો. કોઈએ તેને સ્વપ્ન માન્યું. પરંતુ સાચી વાત માનવા કોઈ પણ તૈયાર ન હતું. માત્ર રાજાને જ એ વાત સત્ય જણાતી હતી. મહાત્માની વાતોમાંથી પહેલી વાત સત્ય સાબિત થતી હતી. કારણ કે બ્રાહ્મમુહૂર્તમાં ઉઠવાથી તેને પોતાના મરણના સમાચાર જાણવા મળ્યા હતા. એટલે પહેલી વાત સચોટ હતી. રાજાને બીજી વાતની ખાતરી કરવાની ઈચ્છા થઈ. દરબારમાં પણ કેટલાક લોકો સત્ય માની ચિંતા કરવા લાગ્યા. મહારાજ મધુસુદનને કુંવર ન હતો. માત્ર સંતાનમાં એક જ કુંવરી હતી. જેથી મંત્રીઓએ ઠરાવ કર્યો કે રાજાના મૃત્યુ બાદ કુંવરીબાને પુરુષના વેશમાં સિંહાસનમાં બેસાડીને તેનો રાજ્યાભિષેક કરવો. રાજાએ આ હુકમ રાજમહેલમાં પણ જણાવી દીધો. આ સાંભળી પ્રજા આકુળ વ્યાકુળ થવા લાગી. રાજાએ તેને આશ્વાસન આપીને કહ્યું જુઓ મારા મરણ બાદ કુંવરીને પુરુષ વેશ પહેરાવીને સિંહાસને બેસાડવાની છે. જેથી તેને પુરુષનો પોષાક

પહેરાવી તૈયાર કરી આપજો.

બીજે દિવસે પ્રભાતે રાજા ઉઠ્યા પોતાના નિત્ય કર્મથી પરવારી બહાર નીકળી ગયા. ઓચિંતો એના મનમાં એક વિચાર આવ્યો કે હવે મારે મહાત્માની બીજી વાતની ખાત્રી કરી જોવાની જરૂર છે. જેથી આ વાતનો આદર સત્કાર કરવો જોઈએ. જેથી રાજાએ પોતાના માણસોને હુકમ કરી દીધો કે હવે જે પર્વત પરથી જે દિશામાંથી સાપ પસાર થવાનો હતો તે બધા રસ્તામાં લીલું ઘાસ પાથરવામાં આવ્યું ! સુગંધી પદાર્થો વેરવામાં આવ્યા ! ધુપદિપ કરવામાં આવ્યા ! ઠંડા ફુવારા રાખવામાં આવ્યા ! ઠેક-ઠેકાણે દૂધના કટોરા રાખવામાં આવ્યા ! પર્વતથી માંડીને છેક બગીચા સુધી રસ્તાની સુંદર સજાવટ કરવામાં આવી. હવે રાજા બગીચામાં એક ખુરશી પર બેસી તે સર્પ (મૃત્યુ)ની રાહ જોવા લાગ્યો. નસીબમાં લખ્યું હોય એ પ્રમાણે જરૂર બને છે. બરાબર સંધ્યા સમયે પર્વત પરથી એક મોટો ફણીધર નાગ નીકળ્યો. પરંતુ રસ્તાની સજાવટથી તથા સુગંધથી રાજી થતો નાગ ક્યારેક લોટતો હતો. ક્યારેક ઉધો પડીને રમત કરતો. ક્યારેક દૂધના કટોરામાંથી દૂધ પીતો. ધીમે ધીમે ચાલ્યો આવે છે. જેથી બગીચા સુધી આવ્યો ત્યારે સૂર્યાસ્તનો સમય વ્યતિત થઈ ગયેલો હતો. ત્યારે રાજાએ કહ્યું નાગદેવતા હવે તમારી ફરજ બજાવો. રાજાએ પોતાના પગ આગળ ધરી દીધો ! સાપે રાજાને મનુષ્ય વાણીમાં કહ્યું કે રાજન હું તારા અનેરા સ્વાગતથી બહુ પ્રસન્ન થયો છું. જેથી હવે મારી પાસેથી કરડવાને બદલે વરદાન માગી લે રાજાએ કહ્યું મારી પાસે બધું જ છે જેથી મને કંઈ પણ જોઈતું નથી. જેથી તમે હવે તમારૂ કામ કરો. રાજાએ હસીને જવાબ આપ્યો. ત્યારે સાપે કહ્યું જો તમને કંઈ પણ નથી જોઈતું તો હું હવે તમારી વતીથી મરી જાઉં છું. એટલું કહીને સર્પ મૃત્યુને બાથ ભરીને પૃથ્વી પર ઢળી પડ્યો. આ વાતનું રહસ્ય સ્વાગત કરવાનું મહત્વ હતુ. એ પણ રાજાએ પ્રત્યક્ષ જોયું. જેથી મહાત્માની બીજી વાત પણ સત્ય સાબિત થઈ.

રાજા આનંદિત થઈને સીધો મહેલ તરફ જવા લાગ્યો. રાણી રોઈ રોઈને દુઃખી થયેલી હતી. જેથી પતિની પ્રતિજ્ઞા પ્રમાણે પોતાની પુત્રીને પુરુષવેષમાં તૈયાર કરીને તેના ગળામાં હાથથી આલિંગન આપતી હોય તેમ પોતાના હૃદયને શાંતિ પમાડવાનો પ્રયત્ન કરી રહી હતી. રાજા મહેલમાં દાખલ થઈને અંતઃ પુરમાં ગયો. ત્યાં બન્નેને ઉપર મુજબ સ્થિતિમાં જોઈને રાજા તો આભો બની ગયો ! અને વિચારે છે કે મારા મૃત્યુના સમાચાર પહેલા રાણી પરપુરૂષનો સંગ કરે છે. હવે મને ખબર પડી કે તે સતિ થવાનો ડોળ કરે છે. હજુ તો હું જીવુ છું ત્યાંજ આવી રમત રમે છે. પરંતુ જ્યારે હું ખરેખર મરી જઈશ ત્યારે એ શું નહી કરે ! આવો વિચાર આવતા રાજાએ ક્રોધમાં પોતાની કેડે લટકતી તલવાર મ્યાનમાંથી તેને મારી નાખવા સારૂં બહાર કાઢી ને જ્યાં રાણીને મારવા જાય છે ત્યાં જ મહાત્માની ત્રીજી વાત યાદ આવી ! "સમજ્યા વગર ક્રોધ કરવો નહિ." તેથી તલવારને મ્યાન કરીને તપાસ કરી તો પોતાની કુંવરીને જ પુરુષવેશમાં પોતાની રાણી સાથે જોઈ આશ્ચર્ય પામ્યો. અને ત્રીજી વાત પણ સત્ય ઠરી.

તેથી મહાત્માને મનોમન વંદના કરવા લાગ્યો.

"ઘનશ્યામ રંગીલા"

(નંદકુંવર નાના રે, કાનો રમે છે મારી કેડમાં - રાગ)

ઘનશ્યામ સ્નેહી રે,
મંદિર પધારો નિત્ય હસતા
ભક્તિ કુંવર... નાના રે,
ધર્મકુંવર ..... નાના રે
મંદિર પધારો નિત્ય હસતા..(૧)

રંગમહોલના ઘનશ્યામ રંગીલા
પ્રત્યક્ષ આવી મારા હૃદયામાં વસીયા
આવાને આવા દેજો રે,
દર્શન દાન હરિ હસતા..(૨) ઘનશ્યામ

બાલ સ્વરૂપ ઘનશ્યામ સ્નેહી,
જોઈ રૂપ તમારું,થઈ છું હું તો ઘેલી
છપૈયાના રાજા રે,
આવોને વાલા હસતા..(૩) ઘનશ્યામ


કુંમકુંમ પગલી પડી મારે મંદિરે
રૂમઝુમ ઝાંઝરી રણકે છે પગલે
મુખડું જોવાને રે,
ઘેલી ફરૂ છું તમ વારણે..(૪) ઘનશ્યામ

હું તો નિત્ય લાવું મનગમતાં ભોજનીયા
શીરો પુરીને ઘેબર જલેબી
પકવાન જમવાને રે,
આવોને વાલા હસતા..(૫) ઘનશ્યામ

ભક્ત 'પ્રહલાદ'ની એજ વિનંતી
રૂપ તમારું હૃદયમાં ધારૂં છું
અક્ષરધામે દેજો રે,
પ્રેમેથી વાસ તમ ચરણે..(૬) ઘનશ્યામ

- પ્રહલાદભાઈ વિઠ્ઠલદાસ પટેલ
કરજીસણવાળા (યુ.એસ.એ.)

??????????????પ્રશ્નપેટી??????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજની માસીનું નામ શું હતું ?

પ્રશ્ન : ૨ શ્રી ધર્મદેવ-ભક્તિમાતા પોતાની પુત્રોને પ્રથિત પાંડેના ઘરે એક સમયે લઈને રહેવા ગયા ત્યાં પ્રથિત પાંડેના પત્નિએ ભક્તિમાતાને શું કહ્યું ? અને તે પ્રથિત પાંડેના પત્નિનું નામ શું હતું ?

પ્રશ્ન : ૩ ગઢડામાં ગોપીનાથજી મહારાજની મૂર્તિ શ્રી સ્વામિનારાયણ ભગવાને ક્યા શિલ્પી પાસે તૈયાર કરાવી હતી ?

પ્રશ્ન : ૪ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી પ્રિંગલ શાસ્ત્ર ક્યા ગામમાં ભણ્યા હતા ?

પ્રશ્ન : ૫ કોની આગળ પગ ઉપર પગ ચડાવીને ન બેસવું ? આ આજ્ઞા શિક્ષાપત્રીમાં મહારાજે ક્યા શ્લોકમાં કરી છે

પ્રશ્ન : ૬ શ્રી સ્વામિનારાયણ ભગવાને ક્યાં ગામમાં અને કઈ સાલમાં સ્ત્રી-પુરુષોની જુદી સભાની શરૂઆત કરી ?

પ્રશ્ન : ૭ શ્રી સ્વામિનારાયણ ભગવાનને પૃથ્વી ઉપર પ્રગટ થયે કેટલા વર્ષ પૂર્ણ થયા અને તે ભવ્ય પ્રસંગનો દિવ્યાતિ દિવ્ય મહોત્સવ અમદાવાદ દેશમાં ક્યા સ્થાને ઉજવાશે અને તે મહોત્સવનું શું નામ રાખવામાં આવ્યું છે ?

સપ્ટેમ્બર-૨૦૦૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો મોકલનારના નામ

(૧) અમદાવાદ દેશના આચાર્ય તરીકે શ્રી અયોધ્યાપ્રસાદજી મહા[illegible]થા વડતાલ દે[illegible] શ્રી રઘુવીરજી મહારાજની સ્થાપના સંવત ૧૮૮૨ના કારતક સુદ અગિયારશીના રોજ વડતાલમાં કરી. (૨) [illegible]વા માટે ચાંડાલને ત્યાં વેચાણા હતા. (૩) ખોલડીયાદ (મૂળી દેશ - તા. વઢવાણ)ના ખેંગાર ભક્ત. (૪) નાથીબાઈ (નાથી વેશ્યા). (૫) સ.ગુ. ગોપાળાનંદ સ્વામી (૬) સ્વાભાવિક ચેષ્ટાના પદ-ઉની ૬ (છટ્ઠી) કડી છે. (૭) બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિ જેતલપુર ગંગાબાના ઘરે કોઠીમાં સંતાયા હતા ત્યારે બનાવ્યું છે.

૧. પટેલ રેખાબેન કીર્તિભાઈ (ઉંઝા)
૨. પ્રિયાબેન નરેશભાઈ (ઊંઝા)
૩. પટેલ અજયભાઈ ઘનશ્યામભાઈ (નાંદોલ)
૪. પટેલ મમતાબેન અજયભાઈ (નાંદોલ)
૫. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૬. સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
૭. સાં.યો. શિલ્પાબેન તથા શીતલબા (સુરેન્દ્રનગર)
૮. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૯. શિલ્પાબેન મણીલાલ પટેલ (દહેગામ)
૧૦. ગોરધનભાઈ શંકરદાસ પટેલ (સોજા)
૧૧. અમૃતભાઈ કચરાદાસ મોદી (સોજા)
૧૨. પટેલ જ્યોત્સનાબેન ઘનશ્યામભાઈ (સાપાવાડા)
૧૩. મોખાસણ સ્વામિનારાયણ મંદિર બહેનોનું
૧૪. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૧૫. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ
૧૬. પટેલ કોકીલાબેન નટવરભાઈ (મેમનગર)
૧૭. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૮. સંદિપ, હિરલ, પાર્થ, હાર્ષિદા, ભક્તિભાઈ (રાણીપ)
૧૯. આર. એમ. બૂટીયા (બળોલ-ભાલ)
૨૦. પટેલ સવિતાબેન કાંતિભાઈ (ઓઢવ)
૨૧. વિનોદભાઈ પી. પટેલ (વહેલાલ વાળા)
૨૨. શારદાબેન મોહનલાલ સોની (નવાવાડજ)
૨૩. ત્રિભોવનભાઈ, હિરજીભાઈ, સોમાભાઈ (નવાવાડજ)
૨૪. ઉર્મિલાબેન, રેખાબેન, ઈન્દિરાબેન (નવાવાડજ)
૨૫. ગંગાબા નાનજીભાઈ લખમણભાઈ (નવાવાડજ)
૨૬. પરમાર શાંતિભાઈ વી. (બળોલ)
૨૭. શિંગાળા ગીતાબેન આર. (બાપુનગર)
૨૮. ખિચડીયા રિન્કુબેન એન. (બાપુનગર)
૨૯. અરવિંદાબેન નરેશભાઈ ભાવસાર (ચાંદલોડીયા)
૩૦. હસુમંતીબેન કે. ઠક્કર (ઈસનપુર)
૩૧. વિણાબેન આર. ભાવસાર (નવરંગપુરા)
૩૨. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૩૩. રસિકભાઈ લાલજીભાઈ પટેલ (ઘાટલોડીયા)

નોંધ :પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.

સત્સંગ સમાચાર

અમદાવાદ મંદિરમાં શ્રી ગણપતિજીનો વરઘોડો ધામધુમથી ઉજવાયો

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને સમૈયા ઉજવવાની અદ્‌ભૂત પરંપરા સ્થાપેલી. તે પૈકી ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશી તા. ૪-૯-૦૬ના રોજ બપોરે ૧-૩૦ કલાકે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્‌ હસ્તે શ્રી નરનારાયણદેવ સમક્ષ શ્રી ગણપતિજીનું પૂજન-અર્ચન, આરતી થઈ હતી. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે મંદિરના ગોર અને શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ સહિત સંત-વર્ણી અને હરિભક્તોના વિશાળ સમૂહ સાથે ધૂન-કીર્તન-ભક્તિ કરતા ઓચ્છવ કરતા શ્રી ગણપતિજીને સુવર્ણની સુંદર દિવ્ય પાલખીમાં વિરાજમાન કરી વરઘોડો મંદિરમાંથી હવેલીમાં થઈ પ્રસ્થાન થયો હતો. જે લાંબેશ્વરની પોળ થઈ કેલીકોડોમ થઈ રીલીફ રોડથી સીધા ઓચ્છવ કરતા કરતા નારણઘાટ પહોંચ્યો હતો. અને ત્યાં પરંપરાગત રીતે શ્રી ગણપતિજીનું પૂજન-અર્ચન-આરતી કરવામાં આવેલ. ત્યારબાદ રાત્રે ૭-૦૦ કલાકે મંદિરના ચોકમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ઓચ્છવીયાઓએ ઓચ્છવની રમઝટ બોલાવી હતી. ઓચ્છવ કરતા કરતા વરઘોડો શ્રી નરનારાયણદેવના મંદિરમાં ઓચ્છવ કરતા પૂર્ણ થયો હતો. આ પ્રસંગે અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના માર્ગદર્શન હેઠળ સંત-પાર્ષદ મંડળે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

(કોઠારી ધર્મપ્રકાશદાસ)

કલોલ શ્રી સ્વામિનારાયણ મંદિર (શ્રીનગર)

અત્રે શ્રીનગર કલોલ વિસ્તારમાં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૯-૮-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં સત્સંગ સભા યોજવામાં આવી હતી.

જેમાં છપૈયા મંદિરના પૂર્વ મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજીએ જાહેર સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ 'શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ'ના ભવ્ય નિર્માણ અંગેની વિસ્તૃત માહિતી - મહિમા - માહાત્મ્ય સહિત સમજાવ્યું ત્યારે અત્રે ઉપસ્થિત ધર્મકુળ પ્રેમી હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે રૂા. ૭ (સાત લાખ) લાખ રૂપિયાની રકમ પ.પૂ. મહારાજશ્રીને અર્પણ કરી હતી. આ પહેલા પણ કથા-પારાયણ દ્વારા સેવા કરવામાંઆવી હતી. બંને સંતોના અથાગ પ્રયાસથી અને પૂ. મહારાજશ્રીની કૃપાથી કલોલમાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે હરિભક્તોએ ખૂબજ મોટી રકમ એકઠી કરીને દિવ્યાતિ દિવ્ય મહાન કાર્યમાં ભવ્ય યોગદાન આપ્યું હતું. કલોલના ભાવિકોની ભક્તિ શ્રદ્ધાને ધન્યવાદ છે. દર વર્ષે આ પ્રમાણે જ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે યોગદાન ચાલુ રાખવા હરિભક્તોએ સૂર પુરાવ્યો હતો. કલોલના હરિભક્તો ઉપર સદેવ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીનો અતિ રાજીપો અને કૃપા વરસતી રહે તેવી પ્રાર્થના.

(શ્રી ન.ના.દેવ યુવક મંડળ, કલોલ)

ઊંઝા શ્રી સ્વામિનારાયણમંદિર

ઊંઝા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં (બ્રાહ્મણ શેરી) અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૮ જન્માષ્ટમી પર્યન્ત ઠાકોરજી સમક્ષ ભવ્ય હિંડોળા ઉત્સવ ઉજવાયો. આ પ્રસંગે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્‌ હસ્તે હિંડોળા દર્શન ખુલ્લા મુકવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાતના અનેક ગામોના લાખો હરિભક્તોએ હિંડોળા દર્શન કરી ખૂબજ ભાવ વિભોર થયા હતા. અત્રેના પૂજારી સંત અને હરિભક્તોએ ખૂબજ સુંદર સેવા કરીને આવું દુર્લભ હિંડોળાનું કામ કરીને શ્રીજી મહારાજ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો છે.

(પટેલ ગોવિંદભાઈ જેઠવા)

વિરમગામ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું)

વિરમગામ બહેનોનાશ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સાંખ્યયોગી ગીતાબા અને સૌ બહેનોએ સાથે મળીને ૨૨૫ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે અમદાવાદથી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને ધૂનની પૂર્ણાહુતિ કરીને સૌ બહેનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

(શારદાબેન બાબુભાઈ ઠક્કર)

ઈડર મંદિરમાં વિવિધ મહોત્સવો તથા સત્સંગ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી અત્રેના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીના માર્ગદર્શન હેઠળ સંત-મંડળે શ્રાવણ માસમાં ભવ્ય હિંડોળા-જન્માષ્ટમી ઉત્સવ નિમિત્તે ભજન કીર્તન આદિ કાર્યક્રમ કરેલ. રાત્રે ૧૨-૦૦ કલાકે કૃષ્ણ જન્મોત્સવ ઉજવ્યો હતો. આ ઉપરાંત ઈડર દેશના અરોડા, મણીયોર, ઉમેદગઢ આદિ ગામોમાં શા. હરિજીવનદાસે કથાવાર્તાનો સુંદર લાભ આપ્યો હતો.

(કોઠારી સત્યસંકલ્પદાસ)

નવા વણઝર (સરખેજ) મંદિર

નવા વણઝરશ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને સ્વામી સ્વયંપ્રકાશદાસજીની પ્રેરણાથી

જન્માષ્ટમીના કથા-વાર્તા-ધૂન કીર્તન અને કૃષ્ણ લીલાના પ્રસંગ ઉજવી રાત્રે ૧૨-૦૦ કલાકે કૃષ્ણ જન્મોત્સવ ઉજવ્યો હતો. જેના યજમાન પ.ભ. રાજુભાઈ ઠક્કર (પેટ્રોલ પંપવાળા) પ્રકાશભાઈ અને નિતિનભાઈ રહ્યા હતા. *(કોઠારી રમણભાઈ)*

શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા

પં.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા કાંકરિયાના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને કોઠારી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી કાંકરિયા મંદિરમાં શ્રાવણ માસમાં શા. યજ્ઞપ્રકાશદાસે ભાગવત કથામૃતનું પાન કરાવ્યું હતું. શ્રાવણ વદ અમાસના પ.પૂ.મોટા મહારાજશ્રીએ ગ્રંથ અને વ્યાસપીઠનું પૂજન કરીને ઠાકોરજીની આરતી ઉતારી હતી.

શ્રાવણ વદ અમાસના શ્રી સિધ્ધેશ્વર મહાદેવનો મહારૂદ્ર યજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ.પૂ.મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે મહાભિષેક તથા મહા આરતી કરીને પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સાથે અમદાવાદ મંદિરના મહંત શા.સ્વામી નિર્ગુણદાસજી અને વિદ્વાન સંતો પધાર્યા હતા. હરિભક્તોએ યજ્ઞ વિધિ અને પૂ.મહારાજશ્રીના દર્શન કરી ધન્ય બન્યા હતા. અત્રે નવનિર્માણ મંદિરમાં અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સેવા કરનાર ભાવિકોને પૂ.મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે અન્ય સેવામાં નરોત્તમ ભગત, શ્રી નીરૂભાઈ ઠાકર, પૂજારી દેવ સ્વામી અને ગોર મહારાજની સેવા પ્રસંશનીય હતી. *(ગૌરાંગ પટેલ શ્રીન.ના.દેવ યુવક મંડળ, કાંકરિયા)*

જલઝીલણી-શ્રીગણપતિજીનો વરઘોડો

ભાદરવા સુદ-૧૧ના કાંકરિયા મંદિરના સંત-હરિભક્તોએ શ્રી ગણપતિદાદાને જળ ઝીલાવવા માટે કાંકરિયા મંદિરથી વરઘોડાના રૂપે કીર્તન ભક્તિ ઓચ્છવ કરતા બેન્ડવાજા, ઘોડાની બગીઓ અને ભજન-મંડળી સાથે ભૂદેવો વગેરે મણીનગર-કાંકરિયા વિસ્તારમાં સૌને લાભ આપતા કાંકરિયા સરોવરમાં ઠાકોરજીને નાવમાં બેસાડી જળક્રિડા કરી હતી. કોઠારી સ્વામી યજ્ઞપ્રકાશદાસે ગણેશ મહિમાનું સુંદર વર્ણન કર્યું હતું. આ પ્રસંગે અમદાવાદ મંદિરના વિદ્વાન સંતો પણ પધાર્યા હતા. તમામ પ્રકારની વ્યવસ્થા કોઠારી આનંદ સ્વામીએ કરી હતી.

(વિષ્ણુકુમાર શાસ્ત્રી)

નવાવાડજ મંદિર

સર્વાવતારી સર્વોપરિ શ્રીહરિની અંતર્ધાન તિથિના રોજ સવારે સમૂહમાં જનમંગલ પાઠ, ભક્ત ચિંતામણી કથા અને મહામંત્ર ધૂન કરી હતી.

જલઝીલણી એકાદશીના શ્રી ઠાકોરજી તથા શ્રી ગણેશજીનો વરઘોડો નારાયણઘાટ મંદિરે બપોરે પહોંચીને ત્યાં શ્રી ગણેશજીનું વિસર્જન કરેલ. *(શંભુદાન હી. પટેલ)*

બદ્રીનાથ ધામ મંદિરમાં પાટોત્સવ ધામધુમથી ઉજવાયો

બદ્રીનાથ આપણા મંદિરમાં ૨૫ માં પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારીને મંદિરમાં વિરાજમાન સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું પૂજન અર્ચન કર્યું હતું. તેમજ બદ્રીનારાયણધામના અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવના અતિ પ્રાચીન મંદિરમાં શ્રી વિગ્રહના દર્શન પૂજન કર્યું. ત્યારબાદ મુખ્ય ધર્માચાર્ય રાવલજીની પણ શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પાટોત્સવના યજમાન પદે તીર્થયાત્રા કરવા આવેલા ભક્તોમાંથી પ.ભ. શ્રી ડાહ્યાભાઈ વિરચંદદાસ પટેલ તથા પ.ભ. શ્રી કનુભાઈ રેવાભાઈ પટેલ તથા પ.ભ. શ્રી ભક્તિભાઈ પટેલે મળીને સમૂહ મહાપૂજા, અભિષેક અને અન્નકૂટનો સુંદર લાભ લીધો હતો. *(મહંત સ્વામી ગોલોકવિહારીદાસ)*

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

જીવાપર (હાલાર)

શ્રી સ્વામિનારાયણ મંદિર

હાલારના જીવાપર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મૂર્તિ પ્રતિષ્ઠા કરી ત્યારથી સત્સંગની પ્રવૃત્તિ સારી રીતે થાય છે. તા. ૫-૮-૦૬ના નારણઘાટ મંદિરથી ભક્તિ સ્વામી અને બ્રહ્મપ્રકાશ સ્વામીને ઘનશ્યામ સ્વામીએ કથા-વાર્તા કરવા મોકલ્યા હતા. સંતોએ કથાવાર્તાનો સુંદર લાભ આપીને ૧૦ જેટલા સમજણવાળા બાળકોને પૂજા વિધિની રીત સમજાવીને પ્રાતઃપૂજા આપી હતી. બાળકોમાં ખૂબજ ઉત્સાહ જોવા મળ્યો હતો.

(અમરશીભાઈ પટેલ, નવસારી)

વિદેશ સત્સંગ સમાચાર

કોલોનીયા (અમેરિકા) મંદિરમાં 'સેવા'નો ૪ થો મેડીકલ કેમ્પ યોજાયો

શ્રી નરનારાયણદેવ દેશ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી I.S.S.O. ના અથાગ પ્રયાસથી સેવા સંસ્થા દ્વારા આપણા I.S.S.O. ના અમેરિકાના દરેક ચેપ્ટરોમાં ફ્રી મેડીકલ કેમ્પ દ્વારા સેવા પ્રવૃતિની અમેરિકાના શહેરોમાં સુવાસ ફેલાઈ છે.

અત્રેના મહંત સ્વામી દેવપ્રસાદદાસજી અને શાસ્ત્રી ઈશ્વરજીવનદાસજી અને હરિભક્તોની ઉપસ્થિતિમાં આપણા મંદિરના પ્રથમ પાટોત્સવના ઉપલક્ષમાં અહીં ૪થો ફ્રી મેડીકલ કેમ્પ સેવા દ્વારા સંપન્ન થયો. સુંદર ટેન્ટમાં સવારના ૯ થી બપોરના ૩ વાગ્યા દરમ્યાન ૧૨ જેટલા ડોકટરો અને પાંચ નર્સો અને મદદનીશોએ અંદાજે ૮૬ જેટલા હરિભક્તોને વિવિધ રોગોની સારવાર સાથે જરૂરી દવાઓ-ઈજેકશન વગેરે પુરુ પાડ્યું હતું. તદુપરાંત ફીલ્મ સ્લાઈડ દ્વારા પ્રેઝન્ટેશન કરીને જુદાં જુદાં રોગોની સમજ આપી હતી. જેમાં સેજલ પટેલ ભૂમિ દવે, મોનીકા ચોકસી, પ્રિયા પટેલ, હરિ પટેલ, પલકુ પટેલ, નર્સની સેવા યોગીની રાવ, ધર્મી પટેલ, જસ્મિના ચોકસી, ભાવિક મહેતા, જ્યારે ડેન્ટીસની ડૉ. વિનોદ બ્રહ્મભટ્ટે સેવા આપી હતી. મીના પરીખ, હરેન ભટ્ટ, આશિષ મહેતા અને પૂનમ પટેલે ફીજીયીશનની સેવા આપી હતી. ડૉ. નીના શાહ, ડૉ. દવે,

ડૉ. ચિરાગ પટેલ, ડૉ. હિતેન્દ્ર પટેલ આદિ ઘણા ડૉકટરો આપણી 'સેવા' સંસ્થા સાથે સંકળાયેલા છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અત્રે પાટોત્સવ પ્રસંગે પધાર્યા હતા અને મેડીકલ કેમ્પમાં પધારીને આપણી પ્રવૃત્તિ જોઈને ખૂબજ રાજી થયા હતા. હરિભકતોને ખબર અંતર પૂછીને ડૉકટરની ટીમને આશીર્વાદ આપી પ્રવૃત્તિ વધુ વિસ્તારવા માટે ઘણા સૂચનો કર્યા હતા. આટલા બધા કેમ્પો થાય છે તેમાં એકપણ ડોલર દર્દી પાસે લેવામાં આવતો નથી. બધી જ સેવા ફ્રી માં થાય છે. દર બીજા અને ચોથા રવિવાર સાંજે ૫ થી ૮ સેવા ક્લિનિકની ઓફિસમાં જુદાં જુદાં ડૉકટરો અને નર્સો મેડીકલ ચેકઅપ અને યોગ્ય સારવાર આપે છે. *(પ્રવિણભાઈ શાહ)*

કેનેડા I.S.S.O. મંડળ

અત્રે તા. ૨૦-૯-૦૬ જન્માષ્ટમીના શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે શ્રી શશીકાંતભાઈને ત્યાં સત્સંગ સભા-અન્નકૂટ આદિ કાર્યક્રમ થયેલ. કેનેડા ટોરન્ટો, મીસીસાગા, હેલીલ ટોન વગેરે શહેરોમાં વસતા સત્સંગી હરિભકતો સપરિવાર સભામાં આવ્યા હતા. ઠાકોરજી સમક્ષ સુંદર અન્નકૂટ ધરાવવામાં આવેલ.

'આજ મારે ઓરડે રે' એ પદથી સભાનો પ્રારંભ થયો. ત્યારબાદ કીર્તન-ભક્તિ-વચનામૃત, જનમંગલ પાઠ બોલીને મહાપૂજા કરવામાં આવી હતી. ત્યારબાદ થાળ-આરતી અને ધૂન્ય કરવામાં આવી હતી. ૧૫૦ ઉપરાંત ભાવિકોએ સભાનો લાભ લીધો હતો.

શ્રીજી મહારાજની કૃપા અને પ.પૂ.ધ.ધુ. આાચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી દર શનિવારે નિયમિત સભા થાય છે. જેમાં મૂળ સંપ્રદાયના ચૂસ્ત હરિભકતો વિશેષ લાભ લે છે.

(શ્રીન.ના.દેવ યુવક મંડળ I.S.S.O. કેનેડા ચેપ્ટર)

સીડની (ઓસ્ટ્રેલીયા I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિર

અહીં સીડની આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સત્સંગની પ્રવૃતિ હરિભકતો સુંદર રીતે કરે છે.

તા. ૨-૭-૦૬ રવિવારના સત્સંગ સભા પ.ભ.મુકેશભાઈ અમીન તરફથી થઈ હતી. તા. ૧૬-૭-૦૬ના રોજ શ્રીહરિકૃષ્ણ મહારાજ ને સુંદર હિંડોળામાં ઝુલાવી સૌને દર્શન કરાવ્યા હતા. યજમાન પ.ભ. ભાઈલાલભાઈ પટેલ રહ્યા હતા. ૨૩ જુલાઈના રવિવારના પણ શ્રીહરિકૃષ્ણ મહારાજને સુંદર દરિયાઈ છીપલાના અદ્‌ભૂત હિંડોળા સજાવીને ઝુલાવ્યા હતા. અ.નિ. પ.ભ. રવજીભાઈ વાધજીયાણીના સ્મરણાર્થે પ.ભ. ખીમજીભાઈ વાધજીયાણી યજમાન બન્યા હતા. તા. ૩૦-૭-૦૬ ના રોજ પ.ભ. વ્રજ મારુ તરફથી ચોકલેટના હિંડોળા થયા હતા. તા. ૬-૮-૦૬ના રવિવારના વિવિધ કઠોળના હિંડોળા કરવામાંઆવ્યા હતા.

શ્રી મયંક ચૌહાણ આજની સભાના યજમાન રહ્યા હતા. સભામાં હરિભકતોએ વચનામૃત પર વિવેચન કર્યું હતું. ત્યારબાદ ઠાકોરજીને થાળ-આરતી અને નિત્ય નિયમ થયા હતા. *(તેજસ બી. પટેલ)*

લોસએંજલસ (કેલિફોર્નિયા I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી અત્રે આપણા લોસ એંજલસ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સંત-હરિભકતો દરેક ઉત્સવોનું સુંદર આયોજન કરે છે. ભાદરવા સુદ-૪ના શ્રી ગણપતિજીનું સ્થાપન કરીને મહંત શાસ્ત્રી સ્વામી કેશવચરણદાસજીએ દાદાનું મહિમા માહાત્મ્યનું સુંદર રીતે વર્ણન કર્યું હતું. ઘનશ્યામ સ્વામીએ પૂજન કરી આરતી ઉતારી હતી. સભામાં કથા-વાર્તા ધૂન-ભજન વગેરે થયા હતા. છેલ્લે નિત્ય નિયમ-થાળ-આરતી થયા હતા.

(નટુભાઈ પટેલ)

લેસ્ટર (U.K., I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે લેસ્ટર આપણા મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને મૂળીના સંતોની પ્રેરણાથી શ્રી હનુમાન ચાલીસાના ૧૦૮ પાઠ પ.ભ. હરિશભાઈ ગોવિંદભાઈ પટેલના પરિવારે કર્યા હતા.

તા. ૩૦-૮-૦૬ના સવારે ૮ થી ૧૨ મંદિરના પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોલી મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધારેલા ત્યારે અહીં આપણા મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજશ્રી રાધાકૃષ્ણ દેવને ષોડશોપચાર મહાભિષેક કરી-અન્નકૂટ આરતી ઉતારીને હરિભકતોને દર્શનનો દિવ્ય લાભ આપ્યો હતો.

તા. ૯-૮-૦૬ થી ૧૩-૮-૦૬ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિ જીવનની પંચાન્હ પારાયણ બ્ર. શા.હરિસ્વરૂપાનંદ (છપૈયાધામ) શા.સ્વા. ધર્મકિશોરદાસજી (પ્રયાગરાજ)ના વક્તા પદે થઈ હતી.

તા. ૧૬-૮-૦૬ ના શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધુમથી ઉજવ્યો હતો. અ.નિ.પ.ભ. સુરેન્દ્રભાઈ મકવાણાની પુણ્ય સ્મૃતિમાં ઉત્સવના યજમાન તેમના પરિવાર રહ્યા હતા. તા. ૨૭-૮-૦૬ ના સવારના ૬ થી બપોરના ૧૨ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી.

તા. ૨-૯-૦૬ના રોજ શ્રી હનુમાન ચાલીસાના પાઠ સમૂહમાં કરવામાં આવ્યા હતા. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદપત્રનું વાંચન કરવામાં આવેલ. સૌ હરિભકતોએ ખૂબજ ધ્યાન મગ્ન થઈ આશીર્વાદ પત્રનું આચમન કર્યું હતું. સૌ યજમાનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

તા. ૨૪-૯-૦૬ સવારના ૬ થી બપોરના ૧૨ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે પધારેલા સંતોની ઉપસ્થિતિમાં પ.ભ. અ.નિ. રંભાબેન રવજીભાઈ રત્નાણીના સ્મરણાર્થે કરવામાં આવી હતી.

(હેમરાજભાઈ ચોટલીયા, લેસ્ટર)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૨૫૦-૦૦	શ્રી કેતનભાઈ નારણભાઈ ચૌધરી લંડનના વીઝીટર વિઝા મળ્યા તે નિમિત્તે	બાલવા
૧૦૧-૦૦	શ્રી મહેશકુમાર ચુનીલાલ ભાવસાર નવું એકટીવા લીધું તે નિમિત્તે	વિસનગર
૨૦૦-૦૦	અ.નિ. વિશાલ સુરેશભાઈ પટેલ ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે	વાવોલ
૧૦૧-૦૦	શ્રી મહેન્દ્રભાઈ ભગવાનદાસ રાણપરા ચિ. તરૂણકુમારની સગાઈ પ્રસંગે	મોરબી
૧૦૧-૦૦	શ્રી આર.એચ. સોની પુત્રીની સગાઈ નિમિત્તે	વાંકાનેર
૧૦૧-૦૦	શ્રી એ.એચ. સોની બિજનેશમાં શ્રીહરિકૃપાથી સફળતા મળી તે નિમિત્તે	વાંકાનેર
૧૦૧-૦૦	શ્રી અશોકભાઈ મણીભાઈ પટેલ જન્મદિવસ નિમિત્તે	બીલાસીયા
૧૦૦-૦૦	શ્રી રૂક્ષ્મણીબેન જેઠાલાલ પટેલના સ્મરણાર્થે	ડુમાણા
૧૦૧-૦૦	શ્રી ભાઈલાલભાઈ રામાભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	ઝુંડાલ
૧૫૧-૦૦	શ્રી હેમુભાઈ રત્નાભાઈ રાઠોડ નવા ગાડી લાવ્યા તે નિમિત્તે	જીરાગઢ
૧૦૧-૦૦	શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ શ્રીજી પ્રસન્નાર્થે	દાહોદ
૧૦૦-૦૦	શ્રી ચેતનકુમાર અમૃતલાલ પટેલ સગાઈ પ્રસંગે શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	લખતર
૧૧૧-૦૦	શ્રી ગજેન્દ્રભાઈ ગોરધનદાસ કા.પ. શ્રીજી પ્રસન્નાર્થે	બાલાસિનોર
૧૦૧-૦૦	શ્રી અનીલભાઈ મહેતા નોકરીમાં ટ્રાન્સફર નિમિત્તે	અમદાવાદ
૨૫૧-૦૦	શ્રી રતીલાલ બેચરભાઈ પટેલ ચારધામ યાત્રા નિમિત્તે	પોર
૨૦૧-૦૦	શ્રી જયદિપકુમાર ચતુરભાઈપટેલ શ્રીહરિએ સંકલ્પ પૂર્ણ કર્યો તે નિમિત્તે	ઉમેદગઢ
૧૦૧-૦૦	શ્રી ભગવાનજી કલ્યાણજી સાપરીયા ચિ. હંસાની સગાઈ નિમિત્તે	ધૂળકોટ
૧૦૫-૦૦	શ્રી ગોવિંદભાઈ જે. ચાવડા ચિ. સહદેવના જન્મ દિન નિમિત્તે	બળોલ-ભાલ
૧૦૧-૦૦	શ્રી ડાહ્યાભાઈ જોરદાસ પટેલ શ્રાધ્ધ નિમિત્તે	વડુ
૧૫૧-૦૦	શ્રી રાજુભાઈ કાંતિલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૧૧-૦૦	શ્રી મુકેશભાઈ ભોળીદાસ હરગોવિંદદાસ શ્રીહરિ પ્રસન્નાર્થે	ચાંદીસણા
૧૦૧-૦૦	શ્રી દેવશ્યનીબેન કાંતિલાલ પટેલ જર્મનીના વિઝા મળ્યા તે નિમિત્તે	વિંછડ
૧૦૦-૦૦	શ્રી જસુભાઈ છગનભાઈપટેલ પૌત્રના જન્મ પ્રસંગે	ધનસુરા
૧૦૧-૦૦	શ્રી હિરલ જે. રામપરીયા શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી તન્મય જે. રામપરીયા શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી મહેશ બી. ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી રાજુભાઈ શાંતિલાલ કાછીયા ચિ. સુપુત્રી પલકના લગ્ન નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી ડિક પ્રકાશકુમાર ઈશ્વરભાઈ પટેલ ડિપ્લોમાં માં એડમીશન મળ્યું તે નિમિત્તે	
૧૦૦-૦૦	શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ
૧૦૧-૦૦	શ્રી યશ સુનીલ ગાંધી નવું મકાન લીધું તે નિમિત્તે	નવસારી
૧૦૦-૦૦	શ્રી બિપીનચંદ્ર રમણલાલ વિદ્યા સહાયમાં નોકરી મળી તે નિમિત્તે	ગોઠીબ
૧૦૦-૦૦	શ્રી અમૃતભાઈ પી. પટેલ ચિ. પાર્થને જુનિયર કે.જી.માં પ્રવેશ નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી જયેન્દ્ર અમૃતલાલ પટેલ ચાણક્ય પર્સનલ ટી. પોઈન્ટના ત્રીજા વર્ષમાં પ્રવેશ નિમિત્તે	બાપુનગર
૧૦૦-૦૦	શ્રી ભૂપેન્દ્ર દામોદરદાસ પોતદાર ચિ. દિપકની તાઈવાન ટ્રેનીંગ નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી અલ્પેશકુમાર જંયતીલાલ પટેલ મકાન ખરીદ્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી સ્મિત સતીષકુમાર પટેલ જન્મદિન નિમિત્તે	નાગપુર
૧૦૦-૦૦	શ્રી સંદિપભાઈ અરવિંદભાઈ ચૌહાણ લગ્ન નિમિત્તે	બારડોલી
૧૦૧-૦૦	શ્રી ગોવિંદભાઈ વાઘાભાઈ સિંધવ શ્રાધ્ધ નિમિત્તે હા. જયદિપ ચાવડા	બળોલ-ભાલ
૧૦૧-૦૦	ઝાલા ધર્મેન્દ્ર અજીતસિંહ વલસાડ મિકેનિકલ એન્જી.માં એડમીશન મળ્યું તે નિમિત્તે	બળોલ-ભાલ
૧૦૧-૦૦	શ્રી જગદીશભાઈ બાબુલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ખેરોલ

૧૦૧-૦૦	શ્રી લક્ષ્મણભાઈ માનસંગભાઈ ગોહીલ તૃતીય વાર્ષિક પુણ્ય તિથિ નિમિત્તે	ગુંદીયાળા
૧૫૧-૦૦	શ્રી અમૃતભાઈ હિરાભાઈ પટેલ ચિ. મિત્તલને ત્યાં ભાણીના જન્મ પ્રસંગે	લાલોડા
૧૦૦-૦૦	શ્રી નીતાબેન મુકેશભાઈ પરમાર જન્મ દિન નિમિત્તે	નવાવાડજ
૨૦૧-૦૦	શ્રી ધર્મેન્દ્રસિંહ દશરથસિંહ ચૌહાણ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી નાનુભાઈ રવજીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નિકોલ
૧૦૧-૦૦	શ્રી કલાબેન નરેન્દ્રભાઈ પટેલ ચિ. શ્રિયાના જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ઈન્દીરાબેન મહેન્દ્રભાઈ દવે અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી રોહિતભાઈ પ્રહલાદભાઈ પટેલ શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં	ભાઉપુરાવાળા
૧૫૦-૦૦	શ્રી રમેશ આર. મેવાડા શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી અરવિંદભાઈ (કોઠારી) અને અ.સૌ. ભાવનાબેન અમીન લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે	દેહાગમ
૧૦૧-૦૦	શ્રી ચંદુલાલ મોહનલાલ મોદી પૌત્ર નિષિધને ધો.-૧૨માં ૭૨% આવ્યા તે નિમિત્તે	ઊંઝા
૧૦૦-૦૦	શ્રી ઘનશ્યામભાઈ હરિભાઈ પટેલ ચિ. પૌત્રી હેતાના પ્રથમ જન્મદિન નિમિત્તે	કણભા
૫૦૧-૦૦	અ.નિ. શ્રી નાથીબેન મફતલાલ પટેલના સ્મરણાર્થે હા. શ્રી જયંતીભાઈ પટેલ	પોર
૧૦૧-૦૦	શ્રી ખટાણા ડાહ્યાભાઈ અરજણભાઈના સ્મરણાર્થે	બળોલ-ભાલ
૫૦૧-૦૦	શ્રી વિપુલકુમાર ઈશ્વરભાઈ પટેલ M.B.A. માં એડમીશન મળ્યું તે નિમિત્તે	રનેલા (પંચમહાલ)
૧૦૧-૦૦	શ્રી ગૌરાંગભાઈ અશોકભાઈ મોદી મિકે. એન્જી.માં એડમીશનઅને નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	મહેસાણા
૧૦૧-૦૦	શ્રી ચંદ્રિકાબેન સુભાષભાઈ પટેલ ચિ. ગૌરાંગની સગાઈ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ઉષાબેન દિલીપભાઈ પટેલ ચિ. રોનક લંડન ગયો તે નિમિત્તે	અમદાવાદ

કુરિયર્સમાં પૈસા ન મોકલવા અંગે સૂચન

'શ્રી સ્વામિનારાયણ માસિક'ના સભ્યોને ખાસ સૂચન છે કે લવાજમ-ભેટ અથવા કોઈપણ પ્રકારની રકમ કુરિયર્સના કવરમાં મોકલવી નહીં. કુરિયર્સ કું. પણ તે માટે જવાબદારી લેતી નથી. છતાં પણ મોકલશો તો જવાબદારી મોકલનારની રહેશે. તેની ખાસ નોંધ લેવી.

શ્રી સ્વામિનારાયણ અંકના સભ્યોને સૂચન

શ્રી સ્વામિનારાયણ અંકના સભ્યોને સૂચન છે જે, આપ જ્યારે આપનું રહેઠાણ બદલો ત્યારે કાર્યાલયને ગ્રાહક નંબર સાથે નવું સરનામું જણાવવું. ગ્રાહક નંબર વગર સરનામું સુધરશે નહિ. માટે ગ્રાહક નંબર અવશ્ય - ફરજીયાત જણાવવો.

શ્રી સ્વામિનારાયણ મંદિર છપૈયા

ફોન : ૦૯૩૩૬૫૯૫૯૩૧, ૦૯૪૫૦૧૭૨૬૯૧

શ્રી સ્વામિનારાયણ મંદિર ધરિયાવદ નવો

બદલાયેલ ફોન : (૦૨૯૫૦) ૨૭૦૬૦૯

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

ભાદરવા સુદ-૧ પ.ભ. અલ્પેશકુમાર બળદેવભાઈ પટેલ. **ભાદરવા સુદ-૩** પ.ભ. લીલાબેન કનુભાઈ ચોકસી. પ.ભ. ચિમનલાલ મનસુખરામ ભાવસાર. પ.ભ. બાબુભાઈ કરસનભાઈ પટેલ, અમદાવાદ. **ભાદરવા સુદ-૪** પ.ભ. તેજસકુમાર પ્રકાશભાઈ પટેલ, લંડન. પ.ભ. ચૌધરી સોમાભાઈ બાપુજી, બાલવા. **ભાદરવા સુદ-૫** પ.ભ. પટેલ બાવચંદભાઈ હિરજીભાઈ, અમદાવાદ. **ભાદરવા સુદ-૧૦** પ.ભ. મનુભાઈ. પ.ભ. મણીલાલ જીવાભાઈ પટેલ, અંબાપુર. **ભાદરવા સુદ-૧૨** પ.ભ. નરનારાયણદેવ ઓચ્છવ મંડળ. પ.ભ. અ.નિ. મુલચંદભાઈ કેશવલાલ, પ.ભ.અ.નિ. માણેકલાલ કેશવલાલ.

ભાદરવા વદ-૩ પ.ભ. ચોકસી મગનલાલ લીલાધર પરિવાર. પ.ભ. અ.નિ. માવજીભાઈ રત્નાભાઈ વેકરીયા હા. લાલજીભાઈ માવજી વેકરીયા, સુરજપુર-કચ્છ. **ભાદરવા વદ-૪** પ.ભ. વિક્રમસિંહ હકુભા ઝાલા સાણંદ. પ.ભ. પુંજાભાઈ દેવજીભાઈ હીરાણી, સુરજપુર-કચ્છ. **ભાદરવા વદ-૫** પ.ભ. ગોપાલભાઈ રાજાભાઈ પટેલ. પ.ભ. કિરીટભાઈ કાછિયા, બાલાસિનોર. **ભાદરવા વદ-૯** પ.ભ. પરાક્રમસિંહ કે. ઝાલા, કમાલપુર-ભાલ. **ભાદરવા વદ-૧૦** મહિલા મંડળ હિરાવાડી. **ભાદરવા વદ-૧૧** અ.નિ. મરઘાભાઈ મકનદાસ, ઉનાવા. **ભાદરવા વદ-૧૨** પ.ભ. પટેલ મગનભાઈ અમીચંદદાસ, ભાવપુરા. પ.ભ. અ.નિ. ભગવાનભાઈ ચતુરભાઈ, ઉનાવા. **ભાદરવા વદ-૧૩** પ.ભ. ઈન્દીરાબેન પુરૂષોત્તમભાઈ મોદી, સૈજપુરબોધા, અમદાવાદ. **ભાદરવા વદ-૧૪** પ.ભ. દિલીપભાઈ બી. પટેલ અમદાવાદ.



જીવરાજપાર્ક મંદિરમાં શ્રાવણ માસ પારાયણ પ્રસંગે આશીર્વાદ આપતા
પ.પૂ. મોટા મહારાજશ્રી



કાંકરિયા મંદિરમાં શ્રી સિધ્ધેશ્વર મહાદેવનો મહાભિષેક કરતા પ.પૂ.
મોટા મહારાજશ્રી.



જીવરાજપાર્ક મંદિર તૃતીય સરસ્વતી સન્માન પ્રસંગે
પ.પૂ. લાલજી મહારાજશ્રી તેજસ્વી બાળકોને શિલ્ડ
સાથે આશીર્વાદ આપતા.

કોલોનિયા અમેરિકા
ખાતે **I.S.S.O.**
સેવાના હેલ્થ કેમ્પમાં
દર્શન આપતા
પ.પૂ.મહારાજશ્રી



વિરમગામ બહેનોના
શ્રી સ્વામિનારાયણ
મંદિરમાં પ.પૂ.અ.સૌ.
ગાદીવાળાશ્રીની
આજ્ઞાથી શ્રીહરિની
૨૨૫ મી જન્મ
જયંતી નિમિત્તે
અખંડ મંત્ર જાપ
કરતા બહેનો.





સીડની (ઓસ્ટ્રેલીયા **I.S.S.O.**) આપણા મંદિરમાં હિંડોળા દર્શન



ઉંઝા મંદિરમાં હિંડોળા નિહાળતા પૂ. મહારાજશ્રી

SHREE SWAMINARAYAN
REG. NO. G.A.M.C. 003 Valid up to December 2008
permitted to Post AHME.P.S.O. On 11th of Every Month





ઉપ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે આરતી ઉતારતા સંતો અને અગ્રગણ્ય હરિભક્તો.



બદ્રિનારાયણધામ નિજ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દર્શનાર્થે પધાર્યા ત્યારે ત્યાંના મહંતશ્રી રાઉલજી પૂ. મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત કરીને ધર્મગોષ્ઠિ કરતા.



બદ્રિનારાયણધામ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પાટોત્સવ અભિષેક કરતા મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી અને લાભ લેતા યજમાનો.



સાક્ષાત્ બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના અપર સ્વરૂપ પૂ. લાલજી મહારાજશ્રી સભાને આશીર્વાદ આપી રહ્યાં છે.

Prafull Kharsani